" અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઈચ્છા રહે છે. × × × × × અત્રે ટુંકામાં લખીયે છીએ. × × × અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીયે છીએ. વ્રત નિયમનો કાંઈ નિયમ રાખ્યો નથી. × × × જેમ હરીએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઇએ છીએ. હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે. નય પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી. કંઇ વાંચતા ચિત્ત સ્થિર રહેતું નથી ખાવાની, પીવાની, બેસવાની, સુવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે. મન પોતાને સ્વાધીન છે કે કેમ? એનું યથા યોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકા

સમ્રાટ ! હું એ મંત્રનું મુખ જાણતો નહોતો તેથી.' જનકે કહ્યું: 'અગ્નિ એ ગાયત્રીનું મુખ છે. અગ્નિમાં ઘણું નાખે તોપણ તે એ બધાને બાળી નાખે છે. તેમ જે માણસ આ પ્રમાણે જાણે છે, તે ઘણું પાપ કરે તોપણ તે બધાં પાપોને બાળી નાખે છે; અને શુદ્ધ થાય છે, પવિત્ર થાય છે; તેને ઘડપણ આવતું નથી, મોત આવતું નથી.' ૮

પ્રકરણ ૧૫

[પૂષા અને અગ્નિ એ બે દેવોની પ્રાર્થના.]

સત્યનું મોટું સોનાના વાસણથી ઢંકાયેલું છે. હે પૂષન્! (પોષણ કરનાર દેવ) તમે એ ઢાંકણને ઉઘાડો, જેથી હું—સત્યનો ઉપાસક—એ સત્યને જોઈ શકું. ૧

હે પૂષન્! હે એકર્ષિ (વિશ્વના એકમાત્ર નિહાળનારા)! હે યમ! હે સૂર્ય! હે પ્રજાપતિના પુત્ર! તમારાં કિરણોને ફેલાવો; તમારું તેજ ભેગું કરી લો; જેથી તમારું સૌથી કલ્યાણકારી રૂપ હું જોઈ શકું. એ રૂપમાં જે પુરુષ વસે છે, તે હું જ છું.

(મારું શરીર પડે ત્યારે) તેમાંનો શ્વાસ પવનરૂપી અમર મહાભૂતમાં ભળી જાય છે. આ શરીરનો નાશ થઈ તેની રાખ થઈ જાય છે.

ૐ હે મન! યાદ કર; તું તારાં કામોને યાદ કર. હે મન! યાદ કર. તારાં કામોને યાદ કર.

હે અગ્નિ! સારે માર્ગે થઈને અમને આબાદી તરફ લઈ જાઓ. હે દેવ! તમે સહુનાં મનની વાત જાણો છો. કુટિલ પાપને અમારાથી દૂર રાખો. અમે ફરીફરી તમને નમન કરીએ છીએ.૨

સમ્રાટ! હું એ મંત્રનું મુખ જાણતો નહોતો તેથી.' જનકે કહ્યું: 'અગ્નિ એ ગાયત્રીનું મુખ છે. અગ્નિમાં ઘણું નાખે તોપણ તે એ બધાને બાળી નાખે છે. તેમ જે માણસ આ પ્રમાણે જાણે છે. તે ઘણું પાપ કરે તોપણ તે બધાં પાપોને બાળી નાખે છે; અને શુદ્ધ થાય છે, પવિત્ર થાય છે; તેને ઘડપણ આવતું નથી, મોત આવતું નથી.' ૮

પ્રકરણ ૧૫

[પૂષા અને અગ્નિ એ બે દેવોની પ્રાર્થના.]

સત્યનું મોઢું સોનાના વાસણથી ઢંકાયેલું છે. હે પૂષન્! (પોષણ કરનાર દેવ) તમે એ ઢાંકણને ઉઘાડો, જેથી હું—સત્યનો ઉપાસક—એ સત્યને જોઈ શકું. ૧

હે પૂષન્! હે એકર્ષિ (વિશ્વના એકમાત્ર નિહાળનારા)! હે યમ! હે સૂર્ય! હે પ્રજાપતિના પુત્ર! તમારાં કિરણોને ફેલાવો; તમારું તેજ ભેગું કરી લો; જેથી તમારું સૌથી કલ્યાણકારી રૂપ હું જોઈ શકું. એ રૂપમાં જે પુરુષ વસે છે, તે હું જ છું.

(મારું શરીર પડે ત્યારે) તેમાંનો શ્વાસ પવનરૂપી અમર મહાભૂતમાં ભળી જાય છે. આ શરીરનો નાશ થઈ તેની રાખ થઈ જાય છે.

ૐ હે મન! યાદ કર; તું તારાં કામોને યાદ કર. હે મન! યાદ કર. તારાં કામોને યાદ કર.

હે અગ્નિ! સારે માર્ગે થઈને અમને આબાદી તરફ લઈ જાઓ. હે દેવ! તમે સહુનાં મનની વાત જાણો છો. કુટિલ પાપને અમારાથી દૂર રાખો. અમે ફરીફરી તમને નમન કરીએ છીએ.૨

ભાવાર્થ:—મરહૂમ કવિ રાયચંદ જણાવે છે કે, આ ક્ષેત્રે અર્થાત્–આ લોકમાં આ પંચમ કાળમાં ચોથા આરાના સમયમાં તીર્થંકરદેવ ભગવાન મહાવીરનો અંતર આશય જે હતો તેવો અંતર આશય મુખ્યપણે મારામાં વર્તે છે. એવી અંતરથી દૃઢ પ્રતીતિ થાય છે, કારણ શ્રુત જ્ઞાન અને અનુભવનું ફળ વિતરાગપણું આવે છે. માટે અનુભવથી અમને જણાય છે કે અમે તેના સાચા અનુયાયી છીએ.

સુખલાલ: શ્રીમદે તીર્થંકરનો અંતર આશય જાણ્યો હતો, તે કેમ કહી શકાય!

શિવજી: આપ સત્ય કહો છો. તીર્થંકરના અંતર આશય જાણ્યાનું શ્રીમદ્ જે કહે છે. તે સંબંધમાં પૃષ્ટ ૨૫૭ ઉપરનો લેખ તપાસવો ખાસ જરૂરી છે.

× × × × એ એકવાર જો યથા યોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. × પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. × × ×

શ્રીમદ્‌નો અજ્ઞાનતાના ઉન્માદ સાથે પોતાની વિચિત્ર પ્રકારની સાંસારિક પ્રવૃત્તિઓનો બચાવ કરવાનો પ્રપંચ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. અન્યથા યથા યોગ્ય નિર્વિકલ્પ દશા આવ્યા બાદ ગમે તેમ પ્રવર્તન કરવાનો, ગમે તેમ બોલવાનો અને ગમે તેમ આહાર કે વિહાર કરવાનો સંભવ જ ક્યાં છે! એટલે સ્હેજે એ કલ્પના તરફ દોરવાવું પડે છે, કે નિર્વિકલ્પ દશાના નામે ગમે તેમ પ્રવર્તન કરવાનો, ગમે તેમ બોલવાનો અને ગમે તેમ આહાર વિહાર કરવાનો દરવાજો ઉઘાડવાનું કામ જો શ્રીમદ્ ન કરે તો પછી તેની પૂજા પ્રતિષ્ઠાની લાલસા ક્યાંથી સંતોષાય, અને વર્તમાનમાં આ આશ્રમના અધિષ્ઠાતા તરીકે આશ્રમ વાસીઓથી પૂજાતા વયોવૃદ્ધ

જે માણસ સંપત્તિને જાણે છે, તેને જે કંઈ ઇચ્છા થાય તે બધી ફળે છે. બે કાન એ સંપત્તિ છે. બધા વેદો કાનથી જ સાંભળી શકાય છે. એમ જે માણસ જાણે છે, તેને જે કંઈ ઇચ્છા થાય તે બધી ફળે છે. ૪

જે માણસ આશરાને જાણે છે, તે પોતીકા લોકોને આશરારૂપ થઈ પડે છે, માણસમાત્રનો આશરો બને છે. મન એ આશરો છે. એમ જે માણસ જાણે છે, તે પોતીકા લોકોને આશરારૂપ થઈ પડે છે, માણસમાત્રને આશરારૂપ થઈ પડે છે. ૫

જે જનનશક્તિને જાણે છે, તેને પ્રજા અને પશુ મળી રહે છે. વીર્ય એ જનનશક્તિ છે. એમ જે જાણે છે, તેને પ્રજા અને પશુ મળી રહે છે. ૬

[ઇન્દ્રિયોમાં શ્રેષ્ઠ કઈ? પ્રાણની શ્રેષ્ઠતા બતાવવાને નીચેની વાર્તા કહી છે.]

એક વાર ઇન્દ્રિયોમાં તકરાર પડી. એક કહે: હું મોટી; બીજી કહે: હું. લડતી લડતી તેઓ બ્રહ્મની પાસે ગઈ, અને તેમણે તેમને કહ્યું: 'અમારામાં સૌથી કોણ મોટું?' બ્રહ્મે કહ્યું: 'જે ઇન્દ્રિયના ચાલી જવાથી આ શરીરની બૂરી દશા થાય, તે સૌથી મોટી.' ૭

પછી જીભ શરીરમાંથી ચાલી ગઈ. વરસ દહાડો બહાર રહ્યા પછી તે પાછી આવી, અને બીજી ઇન્દ્રિયોને તેણે કહ્યું: 'તમે મારા વિના કેવી રીતે જીવી શક્યાં?' તેમણે કહ્યું: 'જેમ મૂંગા માણસો જીભથી બોલતા નથી, પણ પ્રાણ વડે શ્વાસ લે છે, આંખ વડે જુએ છે, કાન વડે સાંભળે છે, મન વડે સમજે છે, વીર્ય વડે પ્રજા ઉત્પન્ન કરે છે, તેમ અમે જીવ્યાં.' પછી જીભ શરીરમાં પાછી દાખલ થઈ ગઈ. ૮

સદ્ગુરાજ પણ પોતાના સ્વીકારેલા વર્ષોના સંયમનો પરિત્યાગ કરે
એક જાગીરદાર જેવી સાહ્યબીમાં પડે એ પ્રતાપ પણ આ[illegible]
શાસ્ત્ર વિરૂદ્ધ અને સામાન્યમાં સામાન્ય પણ સાચા એ[illegible]
મુમુક્ષુના અંતરમાં ન રૂચે એવી યથેચ્છ પ્રવૃત્તિનો ઉપદેશ આપના[illegible]
આ રાયચંદનો જ હોવો જોઇએ. બાકી એ વાત તો તદ્દન સાચ[illegible]
છે કે નિર્વિકલ્પતાના નામે ગમે તેમ પ્રવર્તન કરનાર, ગમે તે[illegible]
બોલનાર અને ગમે તેમ આહાર વિહાર કરનારને પરમાત્મા ન[illegible]
પૂછે. એવા પાપાત્માઓને તો પરમાધામી જ પૂછે. નિર્વિકલ્પ દશાને
નામે ગમે તેમ પ્રવર્તન કરવું, ગમે તેમ બોલવું અને ગમે
તેમ આહાર વિહાર કરવા, એના જેવું એક પણ ભયંકર પાપ નથી
વસ્તુતઃ તો એક સામાન્ય કોટીનો માર્ગાનુસારી આત્મા પણ ગમે
તેમ પ્રવર્તન કરી શકતો નથી, ગમે તેમ બોલતો નથી અને ગમે
તેમ આહાર વિહાર નથી કરતો. મિત્ર, તીર્થંકર જે વાત જણાવતા
હોય, તીર્થંકર જે ઉપદેશ ન દેતા હોય, તીર્થંકરની જે પરૂપણા ન
હોય તે વિરૂદ્ધ વાતો ઉભી કરી, જગતના ભોળા જીવોને પોતાની
પાથરેલી જાળમાં આબાદ ફસાવવાના પાખંડીના પ્રયત્નો હોય છે.
પોતાના અનુભવ ઉપરથી એ "કવિ" પોતાને મહાવીરના સાચા
અનુયાયી તરીકે જણાવે છે. તો હવે એ અનુભવ જ્ઞાન આપણે
જોઈએ એ કવિએ સર્વગુણ સંપન્ન ભગવાનમાં અપલક્ષણો જોયાં,
એ કવિએ ભગવાનની ચિત્ર વિચિત્ર લીલા જોઈ અને પોતાના
સર્વ કારણોમાં વેપાર-વર્દ [illegible] કર્મોનો [illegible] જોઈ. સાધુની પાસે
સૂત્ર શ્રવણ સાંભળવાનો નિષેધ કર્યો અને એ તીર્થંકરના અંતર આશય
જાણનારાએ ફરમાવ્યું કે [illegible] ને ઉઠાવ કરવાની જરૂર
નહિ પડે અને પોતાને નવો [illegible]) જમાવવા એ કવિએ
પ્રયત્નો એકઠા કર્યા [illegible] 'કવિ'નું અનુભવજ્ઞાન
આપણે આમજ [illegible] મળ્યા [illegible] [illegible]

વડે સાંભળે છે, મન વડે સમજે છે, તેમ અમે જીવ્યાં.' પછી વીર્ય શરીરમાં પાછું દાખલ થઈ ગયું. ૧૨

પછી પ્રાણે જવાની તૈયારી કરી. સિંધ દેશનો મોટો સુંદર ઘોડો, પોતાના પગ જેની જોડે બાંધ્યા હોય તે ખીલીઓને જેમ ખેંચીને ઉખાડી કાઢે, તેમ પ્રાણે આ ઇન્દ્રિયોને ખેંચીને ઉખાડવા માંડી. એટલે ઇન્દ્રિયો બોલી ઊઠી: 'હે ભગવન્! તમે ચાલ્યા ન જશો. તમારા વિના અમે જીવી નહિ શકીએ.' પ્રાણે કહ્યું: 'તો મને બલિ આપો.' ઇન્દ્રિયોએ કહ્યું: 'વારુ.' ૧૩

જીભ બોલી: 'હું જે સૌથી વધારે જામી ગયેલી છું, તો મારા વડે સૌથી વધારે જામી ગયેલો તું છે.' આંખે કહ્યું: 'હું જે પાકા પાયાવાળી છું, તો મારા વડે પાકા પાયાવાળો તું છે.' કાને કહ્યું: 'હું જે સંપત્તિરૂપ છું, તો મારા વડે સંપત્તિવાળો તું છે.' મને કહ્યું: 'હું જે આશરો છું, તો મારા વડે આશરાવાળો તું છે.' વીર્યે કહ્યું: 'હું જે જનનશક્તિ છું, તો મારા વડે જનનશક્તિવાળો તું છે.'

પ્રાણે કહ્યું: 'તો મારું અન્ન શું? મારે પહેરવાનું શું?'

ઇન્દ્રિયો બોલી: 'કૂતરાં, જીવડાં, કીડા, પંખી સુધ્ધાં જગતમાં જે કંઈ છે, તે તમારું અન્ન છે. પાણી તમારે પહેરવાનું વસ્ત્ર છે.'

જે માણસ પ્રાણના અન્નને વિષે આ પ્રમાણે જાણે છે, તે કદી ન ખાવાનું ખાતો નથી, ખાવા જેવું ન હોય તે દાનમાં સ્વીકારતો નથી. તેથી વેદ ભણેલા વિદ્વાન માણસો. જમતા પહેલાં અને જમ્યા પછી, જરાક પાણી લઈને આચમન કરે છે. એ રીતે પ્રાણનું નગ્નપણું દૂર થાય છે, એમ તેઓ માને છે. ૧૪

[illegible] મારી પાસે [illegible], ઘોડા, [illegible] નથી એમ નહિ [illegible] [illegible], [illegible], [illegible], [illegible] આપવામાં મોટાઈ મન ન કરશો.'

'તો, ગૌતમ! તમારે વિધિપૂર્વક ઇચ્છા કરવી જોઈએ.'

'હું તમારી પાસે શિષ્ય બનીને આવ્યો છું.' પહેલાંના લોકો માંહેથી એ પ્રમાણે બોલીને જ ગુરુને ત્યાં ભણવા જતા.' એમ બોલીને ગૌતમ રાજાને ત્યાં શિષ્ય બનીને રહ્યા. ૭

રાજાએ કહ્યું: 'જેમ તમારા વડવાઓ અમારા વડવાઓ પર કોપે ભરાયા નહોતા, તેમ તમે મારા પર કોપે ન ભરાશો. આ જ્ઞાન આજ પહેલાં કોઈ પણ બ્રાહ્મણે મેળવ્યું નથી.* એ હું તમને કહીશ. તમે આમ કહો છો, એટલે તમને ના કેમ પડાય! ૮

'પેલો પરલોક તે યજ્ઞનો અગ્નિ છે. સૂરજ તેમાં હોમવાની સમિધ× છે. કિરણો તે ધુમાડો છે. દિવસ તે ઝાળ છે. દિશાઓ તે અંગારા છે. દિશાઓની વચ્ચેના ખૂણા તે તણખા છે. એવા આ અગ્નિમાં દેવો શ્રદ્ધાને હોમે છે. એ આહુતિમાંથી સોમરાજા પેદા થાય છે. ૯

'મેઘરાજા તે યજ્ઞનો અગ્નિ છે. વરસ તેમાં હોમવાની

* ક્ષત્રિય બ્રાહ્મણને જ્ઞાન આપે, એ સામાન્ય રિવાજથી ઊલટી વાત થઈ. તેનો ખુલાસો આપવાને રાજા કહે છે, કે 'આજ પહેલાં કોઈ બ્રાહ્મણે આ જ્ઞાન મેળવ્યું નથી, તેથી જ મારે ક્ષત્રિયે તે તમને કહેવા વારો આવ્યો છે. માટે ક્રોધ ન કરશો.'

× અગ્નિમાં હોમવાની દાતણ જેવડી જુદાંજુદાં ઝાડની ડાળખીઓ.

સમિધ છે. વાદળાં તે ધુમાડો છે. વીજળી તે ઝાળ છે. વાદળાંનો ગગડાટ તે અંગારા છે. વરસાદના કરા તે તણખા છે. એવા આ અગ્નિમાં દેવો સોમરાજાને હોમે છે. એ આહુતિમાંથી વરસાદ પેદા થાય છે. ૧૦

'આ જગત તે યજ્ઞનો અગ્નિ છે. પૃથ્વી તેમાં હોમવાની સમિધ છે. અગ્નિ તે ધુમાડો છે. રાત્રિ તે ઝાળ છે. ચંદ્ર તે અંગારા છે. નક્ષત્રો તે તણખા છે. એવા આ અગ્નિમાં દેવો વરસાદને હોમે છે. એ આહુતિમાંથી અનાજ પેદા થાય છે. ૧૧

'પુરુષ તે યજ્ઞનો અગ્નિ છે. તેનું ઉઘાડું મોઢું તેમાં હોમવાની સમિધ છે. પ્રાણ તે ધુમાડો છે. વાણી તે ઝાળ છે. આંખ તે અંગારા છે. કાન તે તણખા છે. એવા આ અગ્નિમાં દેવો અનાજને હોમે છે. એ આહુતિમાંથી વીર્ય પેદા થાય છે. ૧૨

'સ્ત્રી તે યજ્ઞનો અગ્નિ છે. તેની ગુહ્યેન્દ્રિય તેમાં હોમવાની સમિધ છે. વાળ તે ધુમાડો છે. યોનિ તે ઝાળ છે. સંભોગ તે અંગારા છે. એનો આનંદ તે તણખા છે. એવા આ અગ્નિમાં દેવો વીર્યને હોમે છે. તેમાંથી પુરુષનો જન્મ થાય છે. તે જીવવાનું હોય ત્યાં સુધી જીવે છે. પછી જ્યારે મરી જાય છે— ૧૩

'ત્યારે માણસો તેને (ચિતાના) અગ્નિ પર ચડાવવા લઈ જાય છે. એ ચિતાનો અગ્નિ તે યજ્ઞનો અગ્નિ બની જાય છે. ચિતાનાં લાકડાં તેમાં હોમવાની સમિધ છે. તેનો ધુમાડો તે યજ્ઞના અગ્નિનો ધુમાડો છે. ચિતાના અંગારા તે યજ્ઞાગ્નિના અંગારા છે. તેના તણખા તે યજ્ઞાગ્નિના તણખા છે. એવા આ અગ્નિમાં દેવો પુરુષને હોમે છે. એ આહુતિમાંથી તેજસ્વી રૂપવાળો પુરુષ નીકળે છે. ૧૪

ધન અને પશુઓ સાથે વાણી ન અટકો—સ્વાહા.'

'મારામાં જે પ્રાણ છે તે હું મન વડે તારામાં હોમું છું—સ્વાહા.'

'આ ક્રિયામાં જે કંઈ વધારેપડતું કર્યું હોય, અથવા ઓછું કર્યું હોય, તો કલ્યાણકારી ને સર્વજ્ઞ અગ્નિ તેને સારી રીતે હોમ્યું બનાવી દો—સ્વાહા.' ૨૪

પછી દીકરાને જમણે કાને મોઢું અડાડીને ત્રણ વાર બોલે છે: 'વાક્, વાક્, વાક્ (વાણી).' પછી દહીં, મધ, ઘી ભેગાં કરીને સોનાના ચમચા વડે ગળીમાં તેના મોઢામાં મૂકવાં અને કહેવું: 'હું તારામાં પૃથ્વી મૂકું છું. હું તારામાં અન્તરિક્ષ મૂકું છું. હું તારામાં સ્વર્ગ મૂકું છું. હું તારામાં પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ એ બધું મૂકું છું.' ૨૫

પછી તેનું નામ પાડે છે: 'તું વેદ છે.' એ એનું ગુપ્ત નામ થઈ પડે છે. ૨૬

પછી દીકરાને ધવડાવવા માટે માને આપે છે ને કહે છે: 'હે સરસ્વતી! તારું સ્તન, જેમાં કદી દૂધ ખૂટતું નથી, જે સહુનો આધાર છે, જે રત્ન આપનારું છે, ધનનું જાણનારું છે, ઉદાર દાતા છે અને જેના વડે તું સર્વ સારી વસ્તુઓને પોષણ આપે છે, તે સ્તન તું આ માતાને આપ.' ૨૭

પછી બાળકની માને કહે છે: 'તું પૂજ્ય અરુંધતી છે. તેં વીરને ત્યાં વીરને જન્મ આપ્યો છે. તું વીર પુત્રોની માતા થા, કેમકે તેં મને વીર પુત્રનો પિતા બનાવ્યો છે.'

આવા જ્ઞાનવાળા બ્રાહ્મણને ત્યાં જે પુત્ર જન્મે, તેને લોકો કહે છે: 'તું તારા પિતાથી ચડી ગયો. તારા દાદાથી ચડી ગયો. તું શરીરની શોભા, યશ અને બ્રહ્મતેજ વડે ઊંચામાં ઊંચી એમ પહોં . .

પ્રકરણ ૩

[ઇચ્છિત વસ્તુ મેળવવાના મંત્રો અને તે જપવાના વિધિ આ પ્રકરણમાં આવે છે. સામાન્ય જનતાને તેનો ઉપયોગ ન હોવાથી આ પ્રકરણનો અનુવાદ અહીં આપવામાં આવ્યો નથી.]

પ્રકરણ ૪

[જગતની ઉત્પત્તિ, અને કેટલાક મંત્રો.]

પૃથ્વી આ પ્રાણીઓનો રસ(સાર) છે. પાણી પૃથ્વીનો રસ છે. વનસ્પતિઓ પાણીનો રસ છે. ફૂલો વનસ્પતિઓનો રસ છે. ફળ ફૂલોનો રસ છે. પુરુષ ફળોનો રસ છે. વીર્ય પુરુષનો રસ છે.

પ્રજાપતિએ વિચાર કર્યો: 'હું આ પુરુષને કંઈક પાકો પાયો કરી આપું.' એમ કરીને તેમણે સ્ત્રીને ઉત્પન્ન કરી. ૨

[અનુવાદમાં કેટલોક ભાગ અત્રે આપવો અનુચિત હોવાથી છોડી દીધો છે.]

જે માણસ ઇચ્છે કે મારો દીકરો ગોરો થાય, વેદ ભણે, પૂરી આવરદા ભોગવે, તેણે દૂધભાત રંધાવવો; અને તેણે ને તેની સ્ત્રીએ તે ખાવો. તો તેને એવો દીકરો થાય. ૧૪

[રૂપગુણવાળાં દીકરાદીકરી જન્મે તે માટે અમુક પુષ્ટિકારક ચીજો ખાવાની અને કેટલાક મંત્રો બોલવાની ભલામણ કરી છે.]

દીકરો જન્મ્યા પછી માણસ અગ્નિ આણે છે, દીકરાને ખોળામાં લે છે, વાડકીમાં દહીં ને ઘીનું મિશ્રણ રાખે છે, અગ્નિમાં દૂધ–ઘીની આહુતિ આપે છે અને કહે છે:

'આ મારા (દીકરારૂપી) ઘરમાં રહીને હું આના હજાર માણસનું પોષણ કરું એવું થાઓ. (ભાગ્યદેવી) વંશમાંથી

પ્રજા અને પશુઓમાં મારે ખામી ન આવો—સ્વાહા.'

'આગમાં જે વધુ છે તે હું મન વડે તારામાં હોમું છું—સ્વાહા.'

'આ ક્રિયામાં મેં કંઈ વધારેપડતું કર્યું હોય, અથવા કંઈ ઓછું કર્યું હોય, તો કલ્યાણકારી ને સર્વજ્ઞ અગ્નિ તેને સારી રીતે હોમેલું બનાવી દો—સ્વાહા.' ૨૪

પછી દીકરાને જમણે કાને મોઢું અડાડીને ત્રણ વાર બોલે છે: 'વાક્, વાક્, વાક્ (વાણી).' પછી દહીં, મધ, ઘી, એમાં કરીને સોનાના ચમચા વડે ચીપી તેના મોઢામાં મૂકવાં, અને કહે: 'હું તારામાં પૃથ્વી મૂકું છું. હું તારામાં અન્તરિક્ષ મૂકું છું. હું તારામાં સ્વર્ગ મૂકું છું. હું તારામાં પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ એ બધું મૂકું છું.' ૨૫

પછી તેનું નામ પાડે છે: 'તું વેદ છે.' એ એનું ગુપ્ત નામ થઈ પડે છે. ૨૬

પછી દીકરાને ધવડાવવા માટે માને આપે છે ને કહે છે: 'હે સરસ્વતી! તારું સ્તન, જેમાં કદી દૂધ ખૂટતું નથી, જે સહુનો આધાર છે, જે રત્ન આપનારું છે, ધનનું જાણનારું છે, ઉદાર દાતા છે અને જેના વડે તું સર્વ સારી વસ્તુઓને પોષણ આપે છે, તે સ્તન તું આ માતાને આપ.' ૨૭

પછી બાળકની માને કહે છે: 'તું પૂજ્ય અરુંધતી છે. તેં વીરને ત્યાં વીરને જન્મ આપ્યો છે. તું વીર પુત્રોની માતા થા, કેમકે તેં મને વીર પુત્રનો પિતા બનાવ્યો છે.'

આવા જ્ઞાનવાળા બ્રાહ્મણને ત્યાં જે પુત્ર જન્મે, તેને લોકો કહે છે: 'તું તારા પિતાથી ચડી ગયો. તારા દાદાથી ચડી ગયો. તું શરીરની શોભા, યશ અને બ્રહ્મતેજ વડે ઊંચામાં ઊંચી સ્થિતિએ પહોંચ્યો છે ૨૮

પ્રકીર્ણ ઉપનિષદો

૧—અમૃતબિન્દુ ઉપનિષદ (સાર)

મન બે પ્રકારનું છે:—શુદ્ધ અને અશુદ્ધ. કામનાઓની ઇચ્છા કરવાવાળું મન અશુદ્ધ છે અને કામનાઓ વિનાનું મન શુદ્ધ છે. મનુષ્યોના બન્ધન અને મોક્ષનું કારણ એકમાત્ર મન જ છે. એ મન જ્યારે વિષયભોગોમાં ફસાય છે, ત્યારે બંધન થાય છે; અને વિષયવાસનાથી છૂટું થાય છે, ત્યારે મોક્ષ થાય છે. જ્યારે મન ભોગેચ્છાને છોડી દે છે, ત્યારે મનુષ્યનો મોક્ષ થાય છે. માટે મોક્ષની ઇચ્છાવાળાએ મનને હંમેશ ભોગેચ્છા વિનાનું બનાવવું. ભોગોની આસક્તિ છૂટી જતાં જ્યારે મન હૃદયમાં એકાગ્ર બને છે અને જ્યારે મનનું મનપણું નીકળી જાય છે, ત્યારે તે પરમપદરૂપ બ્રહ્મને પામે છે.

જ્યાં સુધી મનનો નાશ ન થાય, ત્યાં સુધી તેનો હૃદયમાં નિરોધ કરવો. આટલું જ માત્ર ખરેખરું જ્ઞાન છે, અને એ જ મોક્ષ છે. બાકીનું તો બધું વાણીનો વિલાસ છે. અશુદ્ધ મન વડે બ્રહ્મ વિચારી શકાતું નથી, પરંતુ શુદ્ધ મન વડે તે વિચારી શકાય

વાર્ષગણ્ય પાસેથી. તેણે હરિત કશ્યપ પાસેથી. તેણે શિલ્પ કશ્યપ પાસેથી; તેણે કશ્યપ નૈધ્રુવિ પાસેથી, તેણે વાક્ પાસેથી. તેણે અંભિણી પાસેથી. તેણે સૂર્ય પાસેથી. સૂર્ય પાસેથી મળેલા આ શુક્લ યજુર્વેદ યાજ્ઞવલ્ક્ય વાજસનેયે સમજાવ્યો છે. ૩

એ જ જ્ઞાન સાંજીવીના પુત્ર પાસે કેવી રીતે આવ્યું તે કહ્યું છે. સાંજીવીના પુત્રે તે માંડૂકાયનિ પાસેથી મેળવ્યું. માંડૂકાયનિએ માંડવ્ય પાસેથી; તેણે કૌત્સ પાસેથી; તેણે માહિથિ પાસેથી; તેણે વામકક્ષાયણ પાસેથી; તેણે શાંડિલ્ય પાસેથી; તેણે વાત્સ્ય પાસેથી; તેણે કુશ્રિ પાસેથી; તેણે યજ્ઞવચા રાજસ્તંબાયન પાસેથી; તેણે તુર કાવષેય પાસેથી; તેણે પ્રજાપતિ પાસેથી; તેણે બ્રહ્મ પાસેથી; બ્રહ્મ સ્વયંભુ છે. એ બ્રહ્મને નમસ્કાર. ૪

બીજા દેહને અને તેનો નાશ થતાં ત્રીજા દેહને એમ વિવિધ પ્રકારના દેહને જીવ ફરીને ફરી ધારણ કરે છે. એ દેહના નાશને તે જીવ હંમેશ જાણનો હોવા છતાં પણ જાણતો નથી. જ્યાં સુધી જીવ વાણીની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને અનેકત્વ જણાય છે, પરંતુ અજ્ઞાનનો નાશ થતાં તે કેવળ એકત્વને જ જુએ છે.

દેહ વગેરેનો નાશ થતાં પણ જેનો નાશ થતો નથી, તે શાસ્ત્રમાં વર્ણવેલું પરબ્રહ્મ છે. શાસ્ત્રમાં કહેલા બ્રહ્મને જાણનારો જો આત્માની ખરી શાન્તિ મેળવવાની ઇચ્છા રાખતો હોય, તો તેણે અવિનાશી બ્રહ્મનું ધ્યાન કરવું. વિદ્યા બે પ્રકારની છેઃ શબ્દબ્રહ્મની અને પરબ્રહ્મની. શબ્દબ્રહ્મ અર્થાત્ શાસ્ત્રમાં વર્ણવેલી બ્રહ્મવિદ્યામાં કુશળ બનેલો પરબ્રહ્મને મેળવી શકે છે. જ્ઞાન અને વિજ્ઞાનનાં તત્ત્વો બરાબર સમજાય એવી રીતે શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરીને, બુદ્ધિમાન મનુષ્યે, ધાન્યની ઇચ્છાવાળો જેમ છોતરાને છોડી દે તેમ, સર્વ ગ્રંથોને છોડી દેવા. જેમ અનેક રંગવાળી ગાયોનું દૂધ એક રંગનું અર્થાત્ સફેદ જ હોય છે, તેમ જુદાંજુદાં શાસ્ત્રોમાં આપેલું હોવા છતાં જ્ઞાન એક જ છે, એમ જ્ઞાનીઓ સમજે છે. દૂધમાં જેમ ઘી ગુપ્તરૂપે રહેલું છે, તેમ એક જ વિજ્ઞાનમય આત્મા બધાં પ્રાણીઓમાં ગુપ્તરૂપે રહેલો છે. એ વિજ્ઞાનમય આત્માનું મનરૂપ રવઈ વડે મન્થન કરવું. આ રવઈને જ્ઞાનરૂપી નેતરાં જોડવાં. ત્યાર પછી તેમાંથી ઉત્પન્ન થયેલા માખણને ઘી બનાવવા (યોગરૂપ) અગ્નિ પર તાવવું. આમ કરવાથી અખંડ, નિર્મળ અને શાન્ત એવું જે બ્રહ્મ તે તો હું જ છું—એમ સ્મૃતિ થશે. સર્વ પ્રાણી જેમાં નિવાસ કરે છે, અને જે સર્વ પ્રાણીમાં નિવાસ કરે છે, ને પ્રાણીમાત્ર પર અનુગ્રહ કરનાર વાસુદેવ હું જ છું, ને વાસુદેવ હું જ છું.

છે. આમ અક્ષર અચિંત્ય છતાં પણ ચિંત્ય છે. બધે સુખ (બાધાથી) ચોટી રહેલા જે અક્ષરનું ચિંતન કરનારો અક્ષરને જ પામે છે. પહેલાં ૐકાર વડે યોગસાધના કરી. અને પછી ૐકારથી પણ પર રહેલા નિર્ગુણ અક્ષરની ધારણા કરવી. કારણ કે એ નિર્ગુણ અક્ષરની ભાવના થતાં જ ભાન કે અભાવ (અર્થાત્ સત્ય કે મિથ્યાનો ખ્યાલ) રહેતો નથી. એ જ વિકલ્પ વિનાનું દોષરહિત અને પૂર્ણ બ્રહ્મ છે, અને એ બ્રહ્મ હું જ છું. એમ જાણીને મનુષ્ય જરૂર એ બ્રહ્મને પામે છે. જે વિકલ્પરહિત અને અનંત છે, યુક્તિ અને દૃષ્ટાંતથી જે ન સમજાવી શકાય એવું છે, જેની કલ્પના ન થઈ શકે એવું છે, અને જેની પહેલાં કોઈ જ નથી. એવા પરમ કલ્યાણમય તત્ત્વને જાણીને મનુષ્ય એને જ પામે છે. ખરું જોતાં તો અહીં ઉત્પત્તિ પણ નથી અને વિનાશ પણ નથી, ગુરુ પણ નથી અને શાસ્ત્રનો ઉપદેશ પણ નથી, મોક્ષની ઇચ્છા પણ નથી અને મોક્ષ પણ નથી—આટલું જ માત્ર સાચેસાચું તત્ત્વ છે.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં એક જ આત્મા છે એમ માનવું. આ ત્રણ અવસ્થાને પેલે પાર પહોંચી ગયા પછી ફરી જન્મ થતો નથી. દરેકેદરેક પ્રાણી અને વસ્તુમાં એક જ પરમાત્મા રહેલો છે. જેમ પાણીથી ભરેલાં જુદાંજુદાં વાસણોમાં ચંદ્ર પ્રતિબિંબરૂપે જુદોજુદો દેખાય છે અને ચંદ્ર તરીકે એકરૂપે પણ દેખાય છે, તેમ જ એ આત્મા પણ દરેક પ્રાણીમાં જુદોજુદો અને આત્મા તરીકે એકરૂપે દેખાય છે. જ્યારે ઘડાનો નાશ થાય છે, ત્યારે ઘડામાં રહેલું આકાશ બહારના મહાકાશમાં ભળી જાય છે, પણ ઘડાનો નાશ થતાં એમાં રહેલું આકાશ કાંઈ નાશ પામતું નથી. જીવની વાત પણ એ ઘડાના જેવી જ છે. અર્થાત્ દેહનો નાશ થતાં જીવનો નાશ થતો નથી. ઘડાની જેમ એક દેહનો નાશ થતાં

આપવાનું છે, વાયુનું કાર્ય તેમાં ગતિ પ્રેરવાનું છે, અને આકાશનું કાર્ય ખાલી જગા આપવાનું છે.

તે ઉપરાંત મનુષ્યના શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ અને ત્વચા) પોતપોતાના પાંચ વિષયો–(જોવું, સાંભળવું, સૂંઘવું, ચાખવું અને સ્પર્શ કરવા)માં રમ્યા કરે છે, અને પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, વાણી, ગુદા અને ગુહ્યેન્દ્રિય) પણ પોતપોતાના (ગ્રહણ કરવું, ચાલવું, બોલવું, મલત્યાગ કરવો અને આનંદ પામવો એમ) પાંચ વિષયોને અનુસરે છે.

એ શરીર મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો એવા છ રસને આધારે રહ્યું છે. ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ તેમજ ગમતા, ન–ગમતા અને પ્રણિધાન એમ દશ પ્રકારના શબ્દના ગુણો છે. સફેદ, લાલ, કાળો, ધુમાડિયો, પીળો, કપિલ અને પાંડર એ સાત રૂપના ગુણ છે.

મનુષ્યશરીર સાત ધાતુઓથી ઘડાયેલું છે. છ પ્રકારના રસમાંથી લોહી થાય છે. લોહીમાંથી માંસ થાય છે. માંસમાંથી મેદ (ચરબી) થાય છે. મેદમાંથી સ્નાયુઓ થાય છે. સ્નાયુમાંથી હાડકાં થાય છે. હાડકાંમાંથી મજ્જા અને મજ્જામાંથી વીર્ય થાય છે. એ વીર્યનો જ્યારે સ્ત્રીના લોહી સાથે સંયોગ થાય છે, ત્યારે ગર્ભ પેદા થાય છે.

ઋતુકાળે સ્ત્રીસંભોગ થયા પછી એક દિવસમાં એ ગર્ભ કલલ (નાના પરપોટા)રૂપ બને છે, સાત દિવસે તે બુદ્બુદ (મોટા પરપોટા)રૂપ થાય છે, પંદર દહાડે તે પિણ્ડરૂપ બને છે, અને એક મહિના બાદ તે કઠણ થાય છે. બે મહિને તેને માથું ઉત્પન્ન થાય છે, ત્રણ મહિને પગનો ભાગ આવે છે, ને ચોથે મહિને પૂંઠી, જઠર અને કેડનો ભાગ આવે છે.

૨—જાબાલોપનિષદ (સાર)

કુરુક્ષેત્ર કયાં આવ્યું—એમ બૃહસ્પતિએ પ્રશ્ન પૂછતાં યાજ્ઞવલ્ક્યે કહ્યું કે, આ શરીર જ કુરુક્ષેત્ર છે. અને અવિમુક્ત (ક્ષેત્ર) કયું—તે બતાવતાં તેમણે કહ્યું કે, મુક્ત જીવાત્મા જ્યાં રહે છે. તે પ્રદેશનું નામ અવિમુક્ત કહેવાય છે. આથી મનુષ્ય જ્યાં જાય ત્યાં આ તીર્થ એની સાથે જ રહે છે.

ત્યાર પછી અત્રિમુનિએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્યે કહ્યું કે, એ અવિમુક્ત જ વારાણસી (કાશી) નામે પણ ઓળખાય છે; કેમકે એ વરણા અને નાશી એ બે શક્તિની વચમાં રહેલું છે. જે શક્તિ ઇન્દ્રિયોના દોષોનું નિવારણ કરે છે, તે વરણા છે; અને જે શક્તિ ઇન્દ્રિયોથી થયેલાં પાપોનો નાશ કરે છે, તે નાશી છે. એ જીવાત્મા ભવાં અને નાકના ઉપલા ભાગની સંધિમાં રહેલો છે. આથી તેની ત્યાં ઉપાસના કરવી.

ત્યાર પછી જનકરાજાએ યાજ્ઞવલ્ક્યમુનિને સંન્યાસઆશ્રમનો ઉપદેશ આપવાનું કહ્યું. તેમણે ઉત્તરમાં જણાવ્યું કે, મનુષ્યે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમો એક પછી એક સ્વીકારવા જોઈએ. પરંતુ કોઈ પણ આશ્રમમાં હોય, તોયે વૈરાગ્ય આવતાં તે સંન્યાસી થઇ શકે છે.

છેવટે અત્રિમુનિના પૂછવાથી યાજ્ઞવલ્ક્યમુનિએ સંન્યાસીના ધર્મોનું અને ચિહ્નોનું વર્ણન કર્યું. અને છેવટે જણાવ્યું કે, જ્યારે સંન્યાસીનો મરણકાળ પાસે આવે, ત્યારે તેણે અહંતા-મમતાથી રહિત બની, ધ્યાન કરી, આત્મામાં એકાગ્રતા સાધી દેહત્યાગ કરવો.

આપવાનું છે, વાયુનું કાર્ય તેમાં ગતિ પ્રેરવાનું છે, અને આકાશનું કાર્ય ખાલી જગા આપવાનું છે.

તે ઉપરાંત મનુષ્યના શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ અને ત્વચા) પોતપોતાના પાંચ વિષયો–(જોવું, સાંભળવું, સૂંઘવું, ચાખવું અને સ્પર્શ કરવા)માં રમ્યા કરે છે, અને પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, વાણી, ગુદા અને ગુહ્યેન્દ્રિય) પણ પોતપોતાના (ગ્રહણ કરવું, ચાલવું, બોલવું, મલત્યાગ કરવો અને આનંદ પામવો એમ) પાંચ વિષયોને અનુસરે છે.

એ શરીર મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો એવા છ રસને આધારે રહ્યું છે. ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ તેમજ ગમતા, ન-ગમતા અને પ્રણિધાન એમ દશ પ્રકારના શબ્દના ગુણો છે. સફેદ, લાલ, કાળો, ધુમાડિયો, પીળો, કપિલ અને પાંડર એ સાત રૂપના ગુણ છે.

મનુષ્યશરીર સાત ધાતુઓથી ઘડાયેલું છે. છ પ્રકારના રસમાંથી લોહી થાય છે. લોહીમાંથી માંસ થાય છે. માંસમાંથી મેદ (ચરબી) થાય છે. મેદમાંથી સ્નાયુઓ થાય છે. સ્નાયુમાંથી હાડકાં થાય છે. હાડકાંમાંથી મજ્જા અને મજ્જામાંથી વીર્ય થાય છે. એ વીર્યનો જ્યારે સ્ત્રીના લોહી સાથે સંયોગ થાય છે, ત્યારે ગર્ભ પેદા થાય છે.

ઋતુકાળે સ્ત્રીસંભોગ થયા પછી એક દિવસમાં એ ગર્ભ કલલ (નાના પરપોટા)રૂપ બને છે, સાત દિવસે તે બુદ્બુદ (મોટા પરપોટા)રૂપ થાય છે, પંદર દહાડે તે પિણ્ડરૂપ બને છે. અને એક મહિના બાદ તે કઠણ થાય છે. બે મહિને તેને માથું ઉત્પન્ન થાય છે, ત્રણ મહિને પગનો ભાગ આવે છે, અને ચોથે મહિને પૂંઠી, જઠર અને કેડનો ભાગ આવે છે.

પાંચમે મહિને પીઠની કરોડ આવે છે, છઠ્ઠે મહિને મોં, નાક, આંખ અને કાન ફૂટે છે, અને સાતમે મહિને એ ગર્ભ જીવ સાથે જોડાય છે. આઠમે મહિને તેને બાકીના બધા અવયવો આવે છે. પિતાનું વીર્ય જો પ્રમાણમાં વધારે હોય તો તે પુરુષરૂપ થાય છે, અને માતાનું વીર્ય વધારે હોય તો સ્ત્રી બને છે, તેમજ જો બન્નેના વીર્યની સમાનતા હોય તો સંતતિ નપુંસક થાય છે. જો માતાનું ચિત્ત ગર્ભાધાન વખતે વ્યાકુળ બનેલું હોય છે, તો છોકરું આંધળું, ખોડું, કૂબડું કે ઠીંગણું બને છે. જો માતપિતાના વાયુના આઘાત વડે વીર્યના બે ભાગ થઈ જાય છે, તો જોડકાં બાળક ઉત્પન્ન થાય છે. આઠ મહિના વીત્યા બાદ તેનામાં મન, પાંચ ઇન્દ્રિયો, બુદ્ધિ વગેરે પ્રગટ થતાં તે ૐકારનું ચિન્તન કરે છે. ત્યારપછી ગર્ભાવસ્થામાં દેહધારી બનેલો એ જીવાત્મા આઠ પ્રકૃતિઓ (મૂળપ્રકૃતિ, મહત્, અહંકાર અને પાંચ તન્માત્રા) તેમ જ સોળ વિકારો (મન સાથે અગિયાર ઇન્દ્રિયો અને પાંચ મહાભૂતો) સાથે જોડાય છે.

માતા જે કાંઈ ખાયપીએ છે, તે નાડીરૂપ સૂત્ર વાટે એ ગર્ભનું પોષણ કરે છે. ત્યાર પછી નવમે મહિને એ ગર્ભ સર્વ લક્ષણો અને ઇન્દ્રિયોથી સંપૂર્ણ થાય છે અને આગલા જન્મને સંભારે છે, તેમજ તેણે પૂર્વે કરેલું શુભ અને અશુભ કર્મ તેને આવી મળે છે. તે વિચાર કરે છે:—

'મેં પૂર્વે હજારો યોનિઓ જોઈ છે, અનેક પ્રકારના આહારો ખાધા છે, તેમજ અનેક પ્રકારનાં સ્તનપાન કર્યાં છે. હું ફરીફરી જન્મ્યો છું અને ફરીફરી મર્યો છું. મારા કુટુંબને માટે જે કાંઈ શુભાશુભ કર્મો મેં કર્યાં તેને કારણે હું એકલો જ અહીં દુઃખ ભોગવું છું અને મારાં કર્મો વડે જેઓ સુખ ભોગવતા હતા, તેઓ તો મને એકલો મૂકીને ચાલી ગયા. અરે! હું દુઃખરૂપ મહાસાગરમાં ડૂબેલો છુ, અને તેમાંથી બહાર નીકળવાનો કોઈ

પણ ઉપાય જોઈ શકતો નથી. જો હું આ ગર્ભવાસમાંથી બહાર નીકળીશ, તો હું પાપનો નાશ કરનારા અને મુક્તિરૂપ ફળ આપનારા નારાયણને શરણે જઈશ. જો હું આ ગર્ભવાસમાંથી બહાર નીકળીશ, તો હું સનાતન બ્રહ્મનું ધ્યાન કરીશ.'

પછી જ્યારે તે યોનિના દ્વાર આગળ આવે છે, ત્યારે ભીચડાઈ જઇને અત્યંત મોટા દુ:ખથી તે પીડાય છે. તે જેવો જન્મે છે તેવો તરત જ તેને વૈષ્ણવ વાયુનો સ્પર્શ થાય છે. તેથી તેની જન્મમરણની સ્મૃતિ જતી રહે છે, અને તેણે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોને પણ તે જાણતો બંધ થઇ જાય છે.

દેહને શરીર કહેવાનું કારણ એ છે કે, ત્રણ અગ્નિઓ એને આશ્રયે રહ્યા છે: (૧) જ્ઞાનાગ્નિ, (૨) દર્શનાગ્નિ, અને (૩) કોષ્ઠાગ્નિ. તેમાંનો કોષ્ઠાગ્નિ અન્ન, પાન, અને ચાટેલા તેમજ ચૂસેલા પદાર્થોનું પાચન કરે છે, દર્શનાગ્નિ રૂપોનું દર્શન કરે છે, અને જ્ઞાનાગ્નિ શુભાશુભ કર્મોને જાણે છે.

શરીરમાં જે યજ્ઞ ચાલી રહ્યો છે, તે આ પ્રમાણે છે: યજ્ઞના ત્રણ અગ્નિઓ (આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ) તે શરીરમાં મુખ, ઉદર અને હૃદય છે. આત્મા યજમાન (યજ્ઞ કરનારો) છે, મન બ્રહ્મા (યજ્ઞનો બ્રાહ્મણ) છે, લોભ વગેરે પશુઓ છે, ધૈર્ય અને સંતોષ એ યજ્ઞની દીક્ષારૂપ છે, બુદ્ધિ અને ઇન્દ્રિયો યજ્ઞનાં પાત્રો છે, કર્મેન્દ્રિયો હોમવાનું દ્રવ્ય છે, માથું યજ્ઞના કપાલ(એક જાતનું પાત્ર)રૂપ છે, વાળ દર્ભ છે, મોં અંદરની વેદિ છે, માથું ચાર ભાગમાં વહેંચાયેલું કપાલ નામનું યજ્ઞપાત્ર છે. અને તેમાં સોળ દાઢો છે. ને શરીરમાં એકસો સાત મર્મો છે. એકસો એંશી સાંધા છે, એકસો નવ સ્નાયુઓ છે, સાતસો શિરાઓ છે, પાંચસો મજ્જા છે, ત્રણસો સાઠ હાડકાં છે, સાડાત્રણ કરોડ રુંવાડાં છે, આઠ પલના* માપવાળું હૃદય

* પલ, પ્રસ્થ, આઢક અને કુડવ એ બધાં અસલના વખતનાં માપ

છે, બાર પલના માપવાળો દ્રોણ છે, એક પ્રસ્થ જેટલા માપનો પિત્તપ્રમાણ છે, એક આઢક જેટલો કફપ્રમાણ છે, એક કુડવના માપનું વીર્ય છે, બે પ્રસ્થ મેદ (ચરબી) છે, અને મળમૂત્રનું માપ ખોરાકના પ્રમાણ પર આધાર રાખતું હોઈ અનિયમિત છે.

આ મોક્ષશાસ્ત્ર પિપ્પલાદમુનિએ કહ્યું છે.

૬—નારાયણોપનિષદ (સાર)

પ્રાણ, મન, ઇન્દ્રિયો, પંચમહાભૂત, બ્રહ્મા-રુદ્ર-ઇન્દ્ર-આદિત્ય આદિ દેવતાઓ, તેમજ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં ઉત્પન્ન થનારું આખું જગત નારાયણમાંથી જ પ્રગટ થાય છે, અને નારાયણરૂપ જ રહે છે. જે આમ જાણે છે, તે વિષ્ણુરૂપ થાય છે. '**ॐ नमो नारायणाय**' એ અષ્ટાક્ષર મન્ત્રનો જપ કરનારને સર્વ સુખસંપત્તિ અને અમરપણું મળે છે.

૭—મહાનારાયણોપનિષદ (સાર)

ભૂત, વર્તમાન અને ભવિષ્ય, પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોક એ બધું પરમાત્મારૂપ જ છે. આખી સૃષ્ટિ પરમતત્ત્વમાંથી જ ઉત્પન્ન થાય છે. એ પરમતત્ત્વ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન છે. તે જ અવ્યક્ત, અનંત, પુરાણું અને જ્યોતિર્મય છે. તે જ અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર વગેરે રૂપે થાય છે. આ આખું વિશ્વ તેમાંથી જ ઉત્પન્ન થાય છે અને તેમાં જ પાછું લય પામે છે.

રુદ્ર, ગણપતિ, કાર્તિકેય, દુર્ગા, હિરણ્યગર્ભ, વિષ્ણુ, નૃસિંહ

નોં. લીલાવતીના ગણિત પ્રમાણે—પાંચ ગુંજાનો એક માસો, ૧૬ માસાએ કર્ષ, ૪ કર્ષનો એક પલ, અને ૫૦ પલનો એક આઢક થતો; તેમજ કુડવનો એક પ્રસ્થ અને ૪ પ્રસ્થનો એક આઢક હતો.

વગેરે સર્વે દેવો એ એક જ પરમાત્માનાં જુદાંજુદાં સ્વરૂપો છે. આ બધા દેવોની સ્તુતિ, પૂજા વગેરે આ ઉપનિષદમાં વિસ્તારથી વર્ણવવામાં આવી છે. તે ઉપરાંત સન્ધ્યા, અઘ-મર્ષણ, પૂજન, હોમ વગેરેના મંત્રો પણ આ ઉપનિષદમાં આપવામાં આવ્યા છે. ઘણાખરા મંત્રો ઋગ્વેદાદિ સંહિતાગ્રંથો-માંથી લેવામાં આવ્યા છે.

૮—પરમહંસોપનિષદ (સાર)

પરમહંસ યોગીનો માર્ગ ઘણો કઠણ છે અને તેથી એ માર્ગે ઘણા થોડા જાય છે. એ માર્ગમાં જવા ઇચ્છનારે સ્ત્રી, પુત્ર, મિત્ર, સગાંસંબંધી વગેરેને છોડી દેવાં. તેમજ તેણે બધાં કર્મોનો પરિત્યાગ કરીને માત્ર લંગોટી પહેરીને રહેવું. ખરા પરમ-હંસમાર્ગમાં તો દંડ, કમંડળ, શિખા, જનોઈ, વસ્ત્ર, વગેરે સર્વને છોડવાં પડે છે. તેમજ એ પરમહંસ ઠંડી, ગરમી, સુખ, દુઃખ, માન, અપમાન, ઇન્દ્રિયોના વિષયો, નિંદા, અભિમાન, દંભ, ઇચ્છા, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેને સદંતર છોડી દઈને શાંત, સ્થિર, આનંદમય, જ્ઞાનસ્વરૂપ બ્રહ્મમાં સ્થિર બને છે, અને એ બ્રહ્મ હું જ છું—એમ નિશ્ચય કરે છે.

પરમહંસ વસ્ત્ર વિનાનો, દેવોને નમસ્કાર ન કરનારો, પિતૃ-ઓનું કર્મ ન કરનારો, કોઈની નિંદા કે સ્તુતિ ન કરનારો, પ્રારબ્ધથી જે મળે તેમાં સંતોષ રાખનારો, ભિક્ષા માગી શરીરને ટકાવી રાખનારો, સોના વગેરેમાં આસક્તિ ન રાખનારો, સુખ અને દુઃખને સમાન ગણનારો, કશે પણ સ્નેહ ન રાખનારો, સુખમાં નિઃસ્પૃહ અને દુઃખમાં ઉદ્વેગરહિત રહેનારો, ઇન્દ્રિયોને નિયમમાં રાખનારો અને આત્મામાં સ્થિર બનેલો હોય છે. જે પૂર્ણ આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છે, તે હું જ છું—એમ જાણીને એ કૃતકૃત્ય બનેલો હોય છે.

૯—બ્રહ્મોપનિષદ (સાર)

શરીરમાં નાભિ, હૃદય, કંઠ અને બ્રહ્મરંધ્ર એ ચાર આત્માનાં ખાસ સ્થાનો છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એવી આત્માની ચાર અવસ્થાઓ છે. એ આત્મા મન, ઇન્દ્રિયો અને હાથપગ વગેરેથી રહિત છે અને પ્રકાશમય છે. એ આત્મા અર્થાત્ બ્રહ્મમાં લોક, દેવ, વેદ, યજ્ઞ, મા, બાપ, ચંડાળ, સંન્યાસી, વાનપ્રસ્થ, વગેરે ભેદો નથી; પરંતુ તે હંમેશ એક જ હોઈ નિર્વાણસ્વરૂપ છે.

બહારનાં જનોઈ, શિખા વગેરેનો ત્યાગ કરી, અંદરનાં જ્ઞાનરૂપ જનોઈ, શિખા વગેરેને રાખવાં જોઈએ. એવા જ્ઞાનરૂપ જનોઈને બ્રહ્મસૂત્ર કહે છે, કારણ કે એ જ્ઞાન જ બ્રહ્મનું સૂચન કરે છે. જે એવા જ્ઞાનમય જનોઈ અને શિખાને ધારણ કરે છે, તેને માટે આખું જગત બ્રહ્મરૂપ બને છે.

પરમાત્મા એક, સર્વ પ્રાણીઓમાં ગૂઢ, સર્વવ્યાપી, સર્વ ભૂતોનો અન્તરાત્મા, બધાનાં કર્મોને નિયમનારો, સાક્ષી, ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ અને નિર્ગુણ છે. એ એક જ સર્વ ભૂતોનો અંતરાત્મા પોતાના એક જ રૂપને અનેક પ્રકારે પ્રગટ કરે છે. એને જે બુદ્ધિમાન મનુષ્યો પોતામાં રહેલો જુએ છે, તેઓને નિત્ય શાંતિ મળે છે. ૐકારના જપ વડે અને ધ્યાનના અભ્યાસ વડે, એ છુપાઈ રહેલા આત્માનો સાક્ષાત્કાર કરવો. તલમાં તેલની જેમ, દહીંમાં ઘીની જેમ અને લાકડામાં અગ્નિની જેમ એ આત્મા આપણામાં છુપાઈ રહેલો છે. ને આત્મા સત્ય અને તપ વડે પ્રગટ થાય છે. જેવી રીતે કરોળિયો તાંતણાઓને ઉત્પન્ન કરે છે અને પાછા ખેંચી લે છે, તેવી રીતે જીવાત્મા પણ જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં આવે છે અને જાય છે. જાગ્રત અવસ્થાનો વૈશ્વાનર નામનો આત્મા નેત્રમાં રહે છે, સ્વપ્નાવસ્થાનો તૈજસ

આત્મા કણ્ઠમાં રહે છે, અને સુષુપ્તિ અવસ્થાનો પ્રાજ્ઞ નામનો આત્મા હૃદયમાં રહે છે, તેમજ તુરીય (ચોથી, આગલી ત્રણ અવસ્થાથી પર એવી) અવસ્થાનો આત્મા બ્રહ્મરન્ધ્રમાં રહે છે, એમ જાણવું. જ્યાં મનુષ્યની વાણી અને મન પહોંચી શકતાં નથી, તે આત્માના આનંદને જાણીને જ્ઞાની મુક્ત બને છે. દૂધમાં ઘીની જેમ બધે વ્યાપી રહેલો આત્મા આત્મજ્ઞાન અને તપ વડે પ્રાપ્ત થાય છે. એ આત્મા જ બ્રહ્મ છે.

૧૦—અમૃતનાદોપનિષદ (સાર)

શાસ્ત્રોને ફરીફરી વાંચીને અને પરબ્રહ્મને જાણીને, બુદ્ધિમાન પુરુષે જેમ મણિ મળી ગયા પછી તેને શોધવા માટે સળગાવેલી મસાલ છોડી દેવાય, તેમ એ શાસ્ત્રોનો પરિત્યાગ કરવો. ૐકારરૂપ રથ પર ચઢીને, વિષ્ણુને સારથિ બનાવીને અને રુદ્રના ધ્યાનમાં લીન રહીને બ્રહ્મલોકની શોધ કરવી. જ્યાં સુધી બ્રહ્મપ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી ૐકારરૂપ રથનો આધાર લેવો; પરંતુ જેવી બ્રહ્મપ્રાપ્તિ થાય કે તરત જ ૐકારરૂપ રથને છોડી દેવો. અકાર વગેરે માત્રાઓ, સ્થૂલ વગેરે શરીરો અને વૈશ્વાનર વગેરે પાદોને ત્યજી દઈને અને સ્વર વિનાના 'મ્' અર્થાત્ બિન્દુનું ધ્યાન કરીને મનુષ્ય બ્રહ્મને પામે છે. શબ્દ વગેરે પાંચ વિષયો અને અતિચંચળ મન એ સદ્ આત્માના પ્રકાશમાંથી ઊડતાં કિરણો જ છે એમ ચિંતન કરવું, તે પ્રત્યાહાર કહેવાય છે. એવો પ્રત્યાહાર, તેમજ ધ્યાન, પ્રાણાયામ, ધારણા, તર્ક, અને સમાધિ—એમ છ યોગનાં અંગો છે. જેમ પર્વતની ધાતુઓના મેલ તેઓને તપાવવાથી બળી જાય છે, તેમ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા દોષો પ્રાણાયામ વડે બળી જાય છે. આમ પ્રાણાયામ વડે દોષોને બાળી નાખીને, પછી ધારણા વડે તેઓના પાપનો નાશ કરવો, પ્રત્યાહાર વડે તેઓની વિષયાસક્તિનો નાશ કરવો

અને ધ્યાન વડે ઈશ્વરના વિરોધી ગુણોનો નાશ કરવો. આ પ્રમાણે પાપનો ક્ષય કર્યા પછી આત્માનું ચિંતન કરવું. પ્રાણાયામ ત્રણ પ્રકારના છે—રેચક, પૂરક અને કુંભક. ભૂઃ ભુવઃ વગેરે વ્યાહૃતિઓ અને ૐકાર તેમજ શિર સાથે ગાયત્રીમંત્રનો શ્વાસ રૂંધીને પાઠ કરવો, તેને પ્રાણાયામ કહે છે. મૂલાધાર ચક્રથી ઉપાડેલા વાયુને એક નસકોરામાંથી બહાર કાઢી નાખી અંદરનો ભાગ સ્થૂલ પ્રાણવાયુ વિનાનો કરવો, તેને રેચક કહે છે. કમળની નાળ વડે જેમ પાણીને ખેંચવામાં આવે, તેમ એક નસકોરા વાટે શ્વાસને અંદર ખેંચવાની ક્રિયાને પૂરક કહે છે. શ્વાસ અંદર લેવો પણ નહિ અને બહાર કાઢવો પણ નહિ, તેમજ બધાં અંગોને સ્થિર રાખવાં—આ પ્રકારના પ્રાણાયામને કુંભક કહે છે. સર્વ રૂપોને આંધળાની જેમ જોવાં, શબ્દોને બહેરાની જેમ સાંભળવા, અને દેહને લાકડાના જેવો જાણવો, એ શાંત બનેલાનું લક્ષણ છે. બુદ્ધિમાન મનુષ્યે મન સંકલ્પરૂપ છે એમ માની તેનો આત્મામાં લય કરવો, અને તેનું ત્યાં ધારણ કરવું. આને ધારણા કહેવાય છે. શાસ્ત્ર અનુસારના વાદવિવાદને તર્ક કહેવાય છે. જે અવસ્થાને પ્રાપ્ત કરીને બધે સમાનતા થાય છે, તે અવસ્થાને સમાધિ કહે છે. સર્વ દોષથી રહિત સુંદર જમીન પર દર્ભાસન પાથરવું, અને ભૂતપ્રેત વગેરેથી માનસિક રક્ષા કરીને પદ્માસન, સ્વસ્તિકાસન કે ભદ્રાસન વાળીને ઉત્તર તરફ મોં રાખી સ્થિર બની બેસવું. એક નસકોરાને આંગળી વડે દાબીને બીજા નસકોરા વાટે શ્વાસને અંદર ખેંચી અગ્નિનું અને ૐકારનું એકરૂપે ધ્યાન કરવું. ૐ એ એકાક્ષર બ્રહ્મ છે. એ ૐકાર સાથે શ્વાસને બહાર કાઢવો. આ પ્રમાણે જ્યાં સુધી અંતઃકરણના દોષોનો નાશ ન થાય, ત્યાં સુધી એ દિવ્ય મન્ત્ર સાથે શ્વાસને અંદર લેવાની અને બહાર કાઢવાની ક્રિયા કર્યા કરવી.

ત્યાર પછી મંત્ર જાણનારા બુદ્ધિમાન પુરુષે ઉપર કહેલા

ક્રમે ધ્યાન કરવું. નાભિના ઉપરના ભાગમાં પહેલા સ્થૂલનું અને પછી સ્થૂલ–સૂક્ષ્મનું ધ્યાન કરવું. દૃષ્ટિની ગતિને બધી બાજુથી રોકીને અને જરા પણ હાલ્યાચાલ્યા વિના બુદ્ધિમાન પુરુષે યોગાભ્યાસ કરવો. નાલ (પ્રાણવાયુના પરસ્પરના સંઘટ્ટનનો પ્રકાર), માત્રા (એક પ્રકારના કાળનું માપ), વિનિષ્કંપ (સ્થિરતા), ધારણા (પ્રાણવાયુને અમુક ઠેકાણે સ્થિર કરવો), અને યોજન (પ્રાણવાયુનો અગ્નિ વગેરે સાથે સંબંધ)—એ પાંચને યોગીએ જાણવા. કાળના નિયમે આ યોગ બાર માત્રવાળો ગણાય છે. ઘોષ, વ્યંજન, સ્વર, પાંચ પ્રકારના કંઠ્ય–તાલવ્ય–ઔષ્ઠ્ય વગેરે વ્યંજનો, તેમજ રેફ, ઊષ્મા (શ, ષ, સ) વગેરેથી રહિત એવું જે અક્ષર(ૐ કાર)રૂપ બ્રહ્મ છે, તે કદી પણ વિકાર પામતું નથી.

પ્રાણને જ્યાં લઈ જવાનો હોય ત્યાં પ્રથમ મનને સ્થિર કરીને પછી પ્રાણને રોકવો. હૃદયનું દ્વાર, વાયુનું દ્વાર અને મસ્તકના દ્વારને અનુક્રમે મોક્ષદ્વાર, બિલદ્વાર અને બ્રહ્મરન્ધ્ર કહેવાય છે. ભય, ક્રોધ, આળસ, અતિશય ઊંઘવું, અતિશય જાગવું, અતિશય આહાર અથવા તો તદ્દન ભૂખ્યા રહેવું—એ બધાંનો યોગીએ ત્યાગ કરવો. આ ક્રમે નિત્ય અભ્યાસ કરતાં ત્રણ માસમાં એની મેળે જ્ઞાન પ્રગટ થાય છે. ચાર મહિના બાદ દેવોનાં દર્શન થાય છે. પાંચ મહિનામાં જ્ઞાનની વૃદ્ધિ થયા બાદ, છ મહિનામાં તેને મોક્ષ મળે છે. પૃથ્વીતત્ત્વની ધારણામાં ૐકારને પાંચ માત્રા સુધી, જલની ધારણામાં ચાર, અગ્નિની ધારણામાં ત્રણ, વાયુની ધારણામાં બે, અને આકાશની ધારણામાં એક માત્રા સુધી ઉચ્ચારવો; અને છેવટે માત્રારહિત ૐકારનું ધ્યાન કરી, મનને આત્મામાં સ્થિર કરવું. મૂલાધારથી કપદ સુધી ત્રીસ આંગળ જેટલો પ્રાણવાયુ રહેલો છે. રાતદિવસ મળી મનુષ્ય એક લાખ, તેર હજાર, એકસો ને એંસી વખત

અને અગ્નિ માર્ગ પથ્ય છે. તેના બીજી માત્રા અંતરિક્ષરૂપ ઉકાર છે.
તે યજુર્વેદરૂપ છે, તેના દેવ રુદ્ર, યજુર્વેદના ... છે, છંદ ત્રિષ્ટુપ
અને અગ્નિ દક્ષિણાગ્નિ છે તેની ત્રીજી માત્રા સ્વર્ગલોકરૂપ મ
છે. તે સામવેદરૂપ છે, તેના દેવ વિષ્ણુ, યજુર્વેદના આદિ
છંદ જગતી અને અગ્નિ આહવનીય છે. અંતમાં જે ચોથી અ
માત્રા છે, તે સોમલોકરૂપ ઓંકાર (અર્થાત્ બિન્દુ) છે. તે અ
વેદરૂપ છે, તેના દેવ સંવર્તક અગ્નિ છે, યજુર્વેદના
છે, છંદ વિરાટ છે અને અગ્નિ એકર્ષિ નામનો છે.
માત્રા લાલાશ પર પડતા પીળા રંગની છે, અને એન
બ્રહ્મા છે. બીજી માત્રા ચળકતી કાળા રંગની છે, અને
દેવ રુદ્ર છે. ત્રીજી માત્રા ધોળા રંગની છે, અને એ
વિષ્ણુ છે. અંતમાં જે અર્ધમાત્રા છે, તે ચળકતી, સર્વ
અને એના દેવ આત્મા છે. આ ઓંકાર અ, ઉ, મ અ
માત્રા રૂપ ચાર પાદવાળો, ચાર અક્ષરવાળો, ચાર મ
અને ચાર માત્રાવાળો છે. ચોથી અર્ધમાત્રા તે સૂક્ષ્મ
છે, અને હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ઓંકાર સ્થૂલ છે.
ૐ ૐ ૐ એમ બોલીને પછી ચોથી વખત તેના પ્લુ
વડે શાન્ત આત્મા પ્રગટ થાય છે અને આખું વિ
રૂપ જ છે એમ જણાય છે.

એ ઓંકારને 'પ્રલય' કહેવામાં આવે છે.
સર્વ પ્રાણોનો પ્રલય કરે છે. તેને 'પ્રણવ' કહેવામાં
કારણ કે તે સર્વ પ્રાણોને પરમાત્મા તરફ નમાવે
દુઃખો અને ભયોમાંથી તારનારો હોઈ તે 'તાર'
સર્વ દેવો તેમાં રહેલા હોઈ તેને વિષ્ણુ કહેવાય છે
બુદ્ધિ હરનારો હોઈ તેને બ્રહ્મા કહેવાય છે. એ
... નામાંથી પ્રકાશનો હોઈ તેને પ્રકાશ ... વાય છે
... હોઈ તેને ત્યા ...

ૐકાર કહેવાય છે. ૐકારને પ્રણવ કહેવાનું કારણ એ છે કે, એના જપ કરનારને બધા વેદો જણાય છે. એ ૐકાર સર્વ-વ્યાપી અને અનંત છે, અને સંસારનાં દુઃખોમાંથી તે તારનારો હોઈ 'તાર' પણ કહેવાય છે. એ સૂક્ષ્મ પણ કહેવાય છે; કેમકે તેના ઉચ્ચારણ વડે મનુષ્ય સૂક્ષ્મ બનીને બધાં પ્રાણીઓને પોતાને વશ કરી શકે છે. એ ૐકાર જ પ્રકાશમય છે, અને પરબ્રહ્મ પણ એ જ છે. તે જ રુદ્ર છે, અને તે બધા દેવોને પોતાને અધીન રાખનારો હોઈ ઈશ્વર પણ કહેવાય છે. એ ભગવાન મહેશ્વર પણ કહેવાય છે; કારણ કે આત્મજ્ઞાનરૂપ મોટામાં મોટું ઐશ્વર્ય એની પાસે છે.

એ જ એક દેવ સર્વત્ર રહેલો છે, તેમજ બધાંય જન્મેલાં, જન્મ પામતાં અને ભાવિમાં જન્મનારાં પ્રાણીઓ પણ એનાં જ જુદાંજુદાં સ્વરૂપો છે. એ જ સૃષ્ટિની ઉત્પત્તિ અને વિનાશનો કરનારો છે. એને જાણીને મનુષ્ય પરમશાન્તિને પામે છે. એને પોતાના હૃદયમાં રહેલો જાણીને મનુષ્ય પરમશાન્તિનો અનુભવ કરે છે.

અથર્વામુનિએ જોેલા ઊંચામાં ઊંચા મંત્રો આ ઉપનિષદમાં છે અને તેથી એનું નામ અથર્વશિર ઉપનિષદ રાખ્યું છે.

૧૨—અથર્વશિખોપનિષદ (સાર)

પિપ્પલાદ, અંગિરા અને સનત્કુમારે અથર્વામુનિને પૂછ્યું: 'કયા મંત્ર વડે ધ્યાન કરવું? એ ધ્યાન કેવી રીતે કરવું? એ ધ્યાન કોણ કરી શકે? અને કોનું ધ્યાન કરવું?'

અથર્વાએ તેઓને ઉત્તર આપ્યો: 'ૐ મંત્ર વડે ધ્યાન કરવું. એ ૐકાર જ પરબ્રહ્મ છે. એના ચાર પાદો તે ચાર વેદો છે. એની પહેલી માત્રા પૃથિવીરૂપ અકાર છે. તે ઋગ્વેદરૂપ છે. તેના દેવ બ્રહ્મા છે, ગણદેવતા વસુઓ છે, છંદ ગાયત્રી છે,

અને અગ્નિ ગાર્હપત્ય છે. તેની બીજી માત્રા અંતરિક્ષરૂપ ઉકાર છે. તે યજુર્વેદરૂપ છે, તેના દેવ રુદ્ર, ગણદેવતા રુદ્રો, છંદ ત્રિષ્ટુપ, અને અગ્નિ દક્ષિણાગ્નિ છે. તેની ત્રીજી માત્રા સ્વર્ગલોકરૂપ મકાર છે. તે સામવેદરૂપ છે, તેના દેવ વિષ્ણુ, ગણદેવતા આદિત્યો, છંદ જગતી અને અગ્નિ આહવનીય છે. અંતમાં જે ચોથી અર્ધમાત્રા છે, તે સોમલોકરૂપ ૐકાર (અર્થાત્ બિન્દુ) છે. તે અથર્વવેદરૂપ છે, તેના દેવ સંવર્તક અગ્નિ છે, ગણદેવતા મરુતો છે, છંદ વિરાટ છે અને અગ્નિ એકર્ષિ નામનો છે. પહેલી માત્રા લાલાશ પર પડતા પીળા રંગની છે, અને એના દેવ બ્રહ્મા છે. બીજી માત્રા ચળકતી કાળા રંગની છે, અને એના દેવ રુદ્ર છે. ત્રીજી માત્રા ધોળા રંગની છે, અને એના દેવ વિષ્ણુ છે. અંતમાં જે અર્ધમાત્રા છે, તે ચળકતી, સર્વરંગી છે, અને એના દેવ આત્મા છે. આ ૐકાર અ, ઉ, મ અને અર્ધમાત્રા રૂપ ચાર પાદવાળો, ચાર અક્ષરવાળો, ચાર માથાવાળો અને ચાર માત્રાવાળો છે. ચોથી અર્ધમાત્રા તે સૂક્ષ્મ ૐકાર છે, અને હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ૐકાર સ્થૂલ છે. ત્રણ વખત ૐ ૐ ૐ એમ બોલીને પછી ચોથી વખત તેના પ્લુત ઉચ્ચાર વડે શાન્ત આત્મા પ્રગટ થાય છે અને આખું વિશ્વ ૐકારરૂપ જ છે એમ જણાય છે.

એ ૐકારને 'પ્રલય' કહેવામાં આવે છે, કારણ કે તે સર્વ પ્રાણોનો પ્રલય કરે છે. તેને 'પ્રણવ' કહેવામાં આવે છે, કારણ કે તે સર્વ પ્રાણોને પરમાત્મા તરફ નમાવે છે. બધાં દુઃખો અને ભયોમાંથી તારનારો હોઈ તે 'તાર' કહેવાય છે. સર્વ દેવો તેમાં રહેલા હોઈ તેને વિષ્ણુ કહેવાય છે. તે બધાની વૃદ્ધિ કરનારો હોઈ તેને બ્રહ્મા કહેવાય છે. એ અંદરનાં બધાં સ્થાનોમાંથી પ્રકાશનો હોઈ તેને પ્રકાશ કહેવાય છે. સર્વલોકમાં વ્યાપી રહેલો હોઈ તેને વ્યાપક મહાદેવ પણ કહેવામાં આવે છે.

એની ચાર માત્રાઓ અનુક્રમે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓ છે. એ ૐકાર પોતાની મેળે જ પ્રકાશે છે. તેનો જ ધ્યાનના આરંભમાં પ્રયોગ કરવો.

બધી ઇન્દ્રિયોને મનમાં સ્થિર કરી, વિષ્ણુને ધ્યાનરૂપ ગણવા. પછી બધી ઇન્દ્રિયોને પ્રાણ સાથે મનમાં સ્થિર કરી રુદ્રને ધ્યાન કરનારરૂપ ગણવા. પછી ઇન્દ્રિયો, પ્રાણ અને મન—એ બધાને નાદાન્તરૂપ પરમાત્મામાં સ્થિર કરી મહાદેવનું ધ્યાન કરવું. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર, તેમજ બધી ઇન્દ્રિયો, બધાં પ્રાણીઓ વગેરે સર્વ એમાંથી જ ઉત્પન્ન થાય છે.

એ સર્વનો ઈશ્વર જ કલ્યાણસ્વરૂપ હોઈ ધ્યાન કરવા યોગ્ય છે.

૧૩–મૈત્રાયણી ઉપનિષદ (સાર)

બૃહદ્રથ નામના એક રાજાને શરીર અનિત્ય છે એવું ભાન થતાં વૈરાગ્ય આવ્યો. આથી પોતાના મોટા છોકરાને રાજ્ય સોંપીને તે વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે લાંબો વખત ઉગ્ર તપશ્ચર્યા કરી. એ તપશ્ચર્યાના ફળરૂપે એક વખત શાકાયન્ય નામના આત્મવેત્તા મહામુનિ તેની પાસે આવ્યા. તેમણે રાજાને કહ્યું: 'હે રાજા, ઊઠ અને વરદાન માગ.' રાજાએ તેમને કહ્યું: 'હે ભગવન્! મને આત્મજ્ઞાનરૂપ વરદાન આપો.' એ સાંભળી મુનિએ તેને કહ્યું: 'તું બીજો કોઈ વર માગ, અને આવો અશક્ય પ્રશ્ન ન પૂછ.' એ સાંભળી બૃહદ્રથ રાજા બોલ્યો: 'હે ભગવન્! આ શરીર હાડકાં, ચામડી, સ્નાયુ, મજ્જા, માંસ, વીર્ય, લોહી, આંસુ, વિષ્ઠા, મૂત્ર, વાયુ, પિત્ત, કફ વગેરેથી યુક્ત છે, દુર્ગંધથી ભરેલું છે, અને નિઃસાર છે. તો વિષયભોગોને માણીને હું શું કરું! આ શરીર કામ, ક્રોધ, લોભ, ભય, દુઃખ, ઈર્ષ્યા, ગમતી વસ્તુનો વિયોગ, અણગમતી વસ્તુનો સંયોગ, ભૂખ, તરસ,

ઘડપણ, મરણ, રોગ, શોક વગેરેથી પીડાયેલું છે. તો વિષયભોગ-ને માગીને હું શું કરું ? આખું જગત નાશવંત છે. મનુષ્ય વગેરેને હું મરતા જોઉં છું. તેમજ ડાંસ, મચ્છર વગેરે તો ઉત્પન્ન થઈને તરત જ મરણ પામે છે. તેઓ તો શું, પણ મોટા મોટા ધનુર્ધારીઓ અને ચક્રવર્તી રાજાઓ પણ આ લોકનું મોટું ઐશ્વર્ય છોડીને પરલોકમાં ચાલ્યા ગયા છે. અને તે મનુષ્યો તો શું પણ ગન્ધર્વ. અસુર, યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ, સર્પ વગેરે પણ ક્યાં ચાલ્યા જાય છે તેનો પત્તો નથી. તે ઉપરાંત મોટા સમુદ્રો સુકાઈ જાય છે, પર્વતો ભાંગીતૂટી જાય છે, ધ્રુવ પણ પોતાના સ્થાનથી ચળે છે, વૃક્ષો પડી જાય છે, પૃથ્વી પણ એક સ્થાન પર સ્થિર રહી શકતી નથી, દેવો પણ પોતાના સ્થાન-માંથી નીચે પડે છે. અહંકારથી ભરેલા આ સંસારમાં વિષય-ભોગોને હું શું કરું ? વિષયોમાં રચ્યાપચ્યા રહેનારાને તો અનેક વખત જન્મમરણના ફેરામાં ભટકવું પડે છે. માટે હે મુનિ! અંધારા કૂવામાં પડેલા દેડકાની જેમ આ સંસારમાં રહેનારો એવો જે હું, તેનો આપ ઉદ્ધાર કરો.'

આ સાંભળી મહર્ષિ શાકાયન્ય અત્યંત પ્રસન્ન થઈ રાજા-ને કહેવા લાગ્યા કે, "હે રાજા ! તું કૃતકૃત્ય છે. આત્મા કેવો છે, તે તને હું સમજાવું છું. તે તું સાંભળ. બહારની ઈન્દ્રિયોનો નિરોધ કરવાથી આ પ્રાણરૂપ આત્મા યોગ વડે ઉપર ચઢે છે. ને દુઃખયુક્ત લાગતો હોવા છતાં દુઃખરહિત છે, અને અંધારા-નો નાશ કરવાવાળો છે. આ આત્મા આ શરીરમાંથી બહાર નીકળી, પરમ જ્યોતિરૂપ બ્રહ્મને પામીને, પોતાના સ્વરૂપમાં સ્થિર બને છે. એ જ આત્મા અમૃતરૂપ, અભયરૂપ અને બ્રહ્મરૂપ છે.

બધાં ઉપનિષદોએ જેનો ઉપદેશ કર્યો છે, તેવી આ બ્રહ્મ-વિદ્યા ભગવાન મૈત્રેયે અમને કહી છે, તે હું તને કહું છું. વાક્-

ખિલ્ય નામના મુનિઓએ એક વખત બ્રહ્મદેવને પૂછ્યું: 'હે ભગવન્! આ શરીર ગાડાના જેવું અચેતન છે. તો એને પ્રેરણા આપનાર કોણ?' બ્રહ્માએ ઉત્તર આપ્યો: 'જે વાણીથી પર રહેલો કહેવાય છે, તે શુદ્ધ, પવિત્ર, શૂન્ય, શાંત, અનંત, અવિનાશી, સ્થિર, સનાતન, જન્મરહિત અને સ્વતંત્ર એવો આત્મા જ આ શરીરમાં ચેતન પ્રેરે છે અને તેને ક્રિયાવાળું બનાવે છે.' આ સાંભળી વાલખિલ્યોએ પૂછ્યું: 'હે ભગવન્! એ આત્મા ઇચ્છારહિત હોવા છતાં તેણે શા માટે શરીરને ચેતનવાળું કર્યું? અને શરીરને એ કેવી રીતે પ્રેરણા આપે છે?' બ્રહ્માએ કહ્યું: 'આ આત્મા સૂક્ષ્મ, અગ્રાહ્ય અને અદૃશ્ય છે. પોતાના એક અંશ વડે અહીં બુદ્ધિપૂર્વક ક્રિયા કરે છે, ઊંઘતાને બુદ્ધિપૂર્વક જગાડે છે અને એ અંશરૂપે જ તે અહીં બધાં ચેતન પ્રાણીઓમાં જીવાત્મા બન્યો છે. તે જ દરેક શરીરમાં ક્ષેત્રજ્ઞરૂપે રહેલો છે. તેમજ તે જ સંકલ્પ, પ્રયત્ન અને અભિમાનવાળો, પ્રજાપતિરૂપ અને સર્વને જોનારો છે. તેના વડે જ આ શરીર સચેતન બન્યું છે અને તે જ આ શરીરને ક્રિયા કરવા પ્રેરે છે.' ત્યારે વાલખિલ્યોએ પૂછ્યું: 'ભગવન્! એ આત્મા અખંડ હોવા છતાં કેવી રીતે પોતાના અંશો વડે અહીં રહ્યો છે?' તેઓને બ્રહ્માએ ઉત્તર આપ્યો: 'સૌથી પહેલા પ્રજાપતિ જ એકલા હતા. તેમને કાંઇ ચેન પડ્યું નહિ. આથી તેમણે આત્માનું ધ્યાન ધરીને અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરી. પોતે ઉત્પન્ન કરેલી પ્રજાને તેમણે પ્રાણ વિનાની અને થાંભલા જેવી જડ જોઈ. આ તેમને ઠીક લાગ્યું નહિ. એમણે વિચાર કર્યો કે, આ બધી પ્રજાને ચેતિ-યુક્ત કરવા માટે હું તેઓમાં પ્રવેશ કરું. એમ વિચારી વાયુરૂપ બનીને તેમણે તેઓમાં પ્રવેશ કર્યો. એમણે એકરૂપે નહિ પણ પાંચરૂપે પ્રવેશ કર્યો. ત્યારથી એક જ પ્રાણના પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એમ પાંચ ભેદ થયા. જઠરમાં રહેલા

અગ્નિ વડે આપણું અન્ન પચે છે. કાન બંધ કરતાં જે અવાજ સંભળાય છે, તે એનો અવાજ છે. શરીરમાંથી પ્રાણ જ્યારે નીકળી જવાનો હોય છે, ત્યારે એ અવાજ સંભળાતો નથી.

"'એ પ્રજાપતિરૂપ આત્મા પોતાને પાંચરૂપે બનાવીને હૃદયરૂપ ગુફામાં સ્થિર બન્યો છે, અને તે આત્મા જ મનરૂપે, પ્રાણરૂપે, અનેકરૂપે અને સત્યસંકલ્પવાળો દેખાય છે. આ પ્રમાણે હૃદયમાં રહેલો તે પોતાને અકૃતાર્થ માનવા લાગ્યો અને પોતાને કૃતાર્થ બનાવવા માટે પોતાનાં પાંચ દ્વાર ભેદીને પ્રગટ થયો. એ પાંચ દ્વારો તે પાંચ ઇન્દ્રિયો બની. એ પાંચ જ્ઞાનેન્દ્રિયો લગામ છે, કર્મેન્દ્રિયો ઘોડા છે, શરીર રથ છે, મન સારથિ છે, અને સ્વભાવ (પ્રકૃતિ) ચાબખો છે. એ ચાબખા વડે પ્રેરેલું શરીર ગતિમાન થાય છે અને મરણ થયા પછી તે ચેતનાવાળું દેખાતું નથી. આથી આત્મા શરીરનો પ્રેરક છે. આ આત્મા જાણે કે શરીરને વશ થયો હોય, અને જાણે કે શુભાશુભ કર્મનાં ફળ વડે બંધાઈ ગયો હોય, તેમ જુદાંજુદાં શરીરોમાં સંચાર કરે છે. પરંતુ ખરું જોતાં તો તે અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, અગ્રાહ્ય, અને મમતારહિત છે, તેમજ તે બધીય અવસ્થાઓથી રહિત છે. તેનામાં કર્તાપણું ન હોવા છતાં તે કર્તારૂપે રહ્યો હોય એમ જણાય છે. એ આત્મા શુદ્ધ, સ્થિર, અચળ, આસક્તિ વિનાનો, દુઃખ વિનાનો, ઇચ્છારહિત, દ્રષ્ટારૂપે રહેલો, અને પોતાનું કર્મ ભોગવતો હોય તેવો દેખાય છે, તેમજ ત્રણ ગુણોરૂપ વસ્ત્ર વડે પોતાના સ્વરૂપને જાણે તે ઢાંકી દેતો હોય તેમ રહેલો જણાય છે.'

"આ સાંભળી વાલખિલ્યોએ પ્રશ્ન કર્યો: 'ભગવન્! જો એ આત્માનો એવો મહિમા છે, તો પછી શુભાશુભ કર્મો નીચે દબા[illegible] અને એ અનુસાર સારીનરસી જાતિઓમાં ભમતો આત્મા [illegible] છે? સુખદુઃખ વગેરેથી પરાભવ પામીને કયો

આત્મા ઊંચી અથવા નીચી ગતિને પામે છે?' આ સાંભળી બ્રહ્મા બોલ્યા: 'જે શુભાશુભ કર્મો નીચે દબાયેલો છે, તે તો ભૂતાત્મા કહેવાય છે. એને ભૂતાત્મા કહેવાનું કારણ એ છે કે, પાંચ મહાભૂતો વડે ઘડાયેલા શરીરમાં એ બંધાઈ ગયો છે. આથી એ શરીરને જ ભૂતાત્મા કહેવામાં આવે છે. એમાં રહેલો આત્મા તો કમળપત્ર પર રહેલા પાણી જેવો છે. પરંતુ પોતાની પ્રકૃતિના ગુણો વડે પરાભવ પામેલો હોઈ તે મૂઢ બની ગયો છે, અને તેથી પોતામાં રહેલા પ્રેરક પરમાત્માને તે જોઈ શકતો નથી. તેમજ ગુણોના સમૂહ વડે તૃપ્ત થતો, પાપયુક્ત બનતો, અસ્થિર, ચંચળ, લોલુપ, વિષયોની ઇચ્છાવાળો, વ્યાકુળ, અને અભિમાની બનતો તે 'આ હું છું, આ મારું છે,' એમ મોહને પામે છે, અને જાળમાં જેમ પક્ષી ફસાય, તેમ કરેલાં કર્મનાં ફળમાં પોતે પોતાની મેળે જ ફસાઈને અહીંતહીં ભમ્યા કરે છે.

"'કર્તાપણું આ ભૂતાત્માને લાગે છે. પરંતુ અંદર રહેલો શુદ્ધ આત્મા તો માત્ર પ્રેરક જ છે. જેમ અગ્નિમાં તપાવેલો લોખંડનો ગોળો લુહાર વડે ટિપાઈને અનેક રૂપનો થાય છે, તેમ આ ભૂતાત્મા પણ અંદર રહેલા શુદ્ધ આત્મા વડે તાપ પામીને અને ગુણો વડે ટિપાઈને અનેક પ્રકારનો થાય છે—અર્થાત્ ત્રણ ગુણોથી યુક્ત એવી ચોર્યાસી લાખ જાતની યોનિઓમાં પરિણામ પામે છે. જેમ ચક્રને ચલાવનારો કુંભાર ચક્રથી જુદો છે, તેમ આ ત્રણ ગુણોને પ્રેરનારો પુરુષ અર્થાત્ આત્મા એ ગુણોથી જુદો છે. જેમ લોખંડના ગોળાને ટીપવાથી કાંઈ તેમાં રહેલો અગ્નિ વિકાર પામતો નથી, તેમ શુદ્ધ આત્માને કાંઈ વિકાર થતો નથી. પરંતુ માત્ર ભૂતાત્માના સંસર્ગનો દોષ જ તેને લાગે છે. સ્ત્રીપુરુષના સંયોગ વડે આ શરીર ઉત્પન્ન થાય છે. તે ચેતન વિનાનું છે અને જાણે નરક જ છે. તે હાડકાં, માંસ અને ચામડીનું બનેલું છે અને મળ, મૂત્ર, પિત્ત, કફ વગેરેથી ભરપૂર છે.

તેમજ મોહ, ભય, દુઃખ, ઊંઘ, થકપણુ, શોક, ભૂખ, તરસ, ક્રોધ, અજ્ઞાન, ક્રૂરતા, વગેરે અનેક તમોગુણના વિકારોથી તે ભરેલું છે. તે ઉપરાંત તૃષ્ણા, સ્નેહ, લોભ, હિંસા, ઈર્ષ્યા, ચંચળતા, ધન કમાવાની ઇચ્છા, વિષયોમાં પ્રીતિ વગેરે રજોગુણના વિકારો પણ તેમાં અનેક છે. આ બધા વડે એ ભૂતાત્મા પરાભવ પામેલો છે.'

"આ સાંભળી વાલખિલ્યોએ ફરી પ્રશ્ન પૂછ્યોઃ 'ભગવન્! ભૂતાત્મા અર્થાત્ શરીરમાં રહેલો કયો પુરુષ આ સર્વને છોડી દઈને મુક્તિને પામે છે?' બ્રહ્માએ ઉત્તર આપ્યોઃ 'મોટી નદીઓમાં જેમ તરંગો ઊછળે, તેમ આ ભૂતાત્મામાં પૂર્વનાં કર્મો રહેલાં હોય છે, અને એનાં ફળ તેને ભોગવવાં જ પડે છે. વળી, સમુદ્રનો કિનારો જેમ મોજાંઓના અંતને માટે જરૂરી છે, તેમ ભૂતાત્માને મૃત્યુ પણ જરૂરી છે. એ શુભાશુભ કર્મોના ફળરૂપ બંધનોમાં પશુની જેમ જકડાયો છે અને તદ્દન પરતંત્ર બની ગયો છે. યમના રાજ્યમાં રહેતો હોય તેમ એ ભૂતાત્મા હંમેશ ભયયુક્ત રહે છે. વિષયસુખરૂપ દારૂ પીને તે ઉન્મત્ત બને છે. ભૂત ભરાયું હોય તેમ તે અહીંથી તહીં ભટકે છે. ઝેરી સાપે કરડ્યો હોય તેમ તે વિપત્તિથી દુઃખ પામે છે. વિષયોની ઇચ્છારૂપ ગાઢ અંધકાર વડે ને આંધળો બને છે. મદારીના જાદુની જેમ તે માયાથી ભરેલો છે. કેળના ગર્ભની જેમ તે નિઃસાર છે. નટની જેમ તે નિત્ય નવા નવા વેશ ધારણ કરે છે. શબ્દ, સ્પર્શ વગેરે વિષયો અસાર છે, અને તેમાં આસક્ત બનેલા ભૂતાત્માને પોતાનું ખરું સ્વરૂપ યાદ આવતું નથી. એની મુક્તિનો ઉપાય આ પ્રમાણે છે—જ્ઞાનની પ્રાપ્તિ કરાવનારા ધર્મનું આચરણ કરવું અને પોતાના આશ્રમધર્મોને અનુસરવું. એમ કરતાં ભૂતાત્મા મુક્તિને પામે છે. વેદમાં કહેલા સ્વધર્મનો ત્યાગ કરનારો આશ્રમી કહેવાનો નથી, અને એવાની અધોગતિ થાય

છે. જે પોતાના આશ્રમધર્મોનું આચરણ કરે છે, તે તપસ્વી છે. જે તપસ્વી નથી, તેને આત્મામાં ધ્યાન લાગતું નથી તેમજ તેની કર્મશુદ્ધિ પણ થતી નથી. તપ વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાન થતાં મન શાંત બને છે, મન શાંત થતાં આત્માની પ્રાપ્તિ થાય છે, અને આત્માની પ્રાપ્તિ થતાં સંસારમાંથી છૂટી જાય છે. જેમ લાકડાં ખૂટી જતાં અગ્નિ પોતાની મેળે જ હોલવાઈ જાય છે, તેમ વૃત્તિઓનો નાશ થતાં ચિત્ત પોતાની મેળે જ શાંત થઈ જાય છે. શાંત બનેલું અને જ્ઞાન પામેલું ચિત્ત જ્યારે સત્ય તરફ વળે છે, ત્યારે કર્મને વશ રહેનારા ઇન્દ્રિયના વિષયો તેને મિથ્યા લાગે છે. ચિત્ત એ જ સંસાર છે, માટે હંમેશ ચિત્તશુદ્ધિ કરવી. જેવું ચિત્ત હોય તેવી ગતિ થાય, એ સનાતન રહસ્ય છે. ચિત્ત શાંત થતાં શુભાશુભ કર્મો નાશ પામે છે અને શાંત બનેલો મનુષ્ય જ્યારે આત્મામાં લીન થાય છે, ત્યારે તેને અવિનાશી આનંદ પ્રાપ્ત થાય છે. માણસનું ચિત્ત જેટલું વિષયોમાં આસક્ત હોય છે, તેટલું જ જો બ્રહ્મમાં આસક્ત થાય છે, તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય? મન બે પ્રકારનું છે—શુદ્ધ અને અશુદ્ધ. કામનાઓની ઇચ્છાવાળું મન અશુદ્ધ છે, અને કામનાઓ વિનાનું મન શુદ્ધ છે. જ્યારે મન લય અને વિક્ષેપ વિનાનું અને તદ્દન સ્થિર બને છે અને તેનું મનપણું નીકળી જાય છે, ત્યારે તે જ પરમપદરૂપ થાય છે. જ્યાં સુધી મનનો નાશ ન થાય, ત્યાં સુધી તેનો હૃદયમાં નિરોધ કરવો. આટલું જ માત્ર જ્ઞાન અને મોક્ષ છે. બાકીનું બધું તો લાંબી લાંબી વાતો જ છે. સમાધિ વડે જેનો મળ દૂર થયો છે અને જે આત્મામાં સ્થિર બન્યું છે એવા ચિત્તને જે આનંદ થાય છે તેનું વાણી વડે વર્ણન થઈ શકતું નથી. તે તો માત્ર અંતઃકરણ વડે અનુભવી જ શકાય છે. જેમ પાણીમાં પાણી, અગ્નિમાં અગ્નિ અથવા આકાશમાં આકાશ મળી જતાં તે પાછું

જુદે રૂપે જોઈ શકાતું નથી, તેમ ચિત્તનો લય થઈ જતાં મનુષ્યનો મોક્ષ થાય છે. મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ મન જ છે. વિષયોમાં આસક્ત બનેલું મન બન્ધનનું કારણ બને છે, અને વિષયરહિત મન મોક્ષનું કારણ બને છે.

"'અંતઃકરણમાં રહેલો પુરુષ અને આદિત્યમાં રહેલો પુરુષ એક જ છે. એ આત્મા અત્યંત સૂક્ષ્મ, પાપરહિત, ઘડપણ વિનાનો, મૃત્યુરહિત, શોકરહિત, ભૂખતરસથી પર અને સત્યસંકલ્પ છે.'"

૧૪—કૌષીતકિ ઉપનિષદ (સાર)

ગાર્ગ્યના પુત્ર ચિત્રે યજ્ઞ કરાવવા માટે ઉદ્દાલક આરુણિને કહેણ મોકલ્યું. પણ આરુણિએ પોતાને બદલે પોતાના પુત્ર શ્વેતકેતુને મોકલ્યો. તેને ચિત્રે કહ્યું: 'ભગવન્! તમે મને યજ્ઞ કરાવીને કેવા લોકની પ્રાપ્તિ કરાવશો? જ્યાંથી પાછા આવવું ન પડે એવા લોકની, કે બીજા કોઈ લોકની?' શ્વેતકેતુએ તેને ઉત્તર આપ્યો: 'હું એ જાણતો નથી, તેથી મારા પિતાને પૂછી જોઉં.' તે પોતાના પિતા પાસે ગયો અને એ વાત કહી. તેના પિતાએ કહ્યું: 'એ વાત તો હું પણ જાણતો નથી. તેથી ચાલ, આપણે ચિત્ર પાસે જ જઈએ અને એ સમજીએ.' પછી ઉદ્દાલક ચિત્રના શિષ્ય બનીને તેની પાસે ગયા. ચિત્રે તેને આ પ્રમાણે ઉપદેશ કર્યો:—

જે કોઈ આ લોકમાંથી મરણ પામે છે, તે બધા ચંદ્રલોકમાં જ જાય છે. તેઓના પ્રાણો વડે ચંદ્રમા શુક્લપક્ષમાં વધે છે, અને કૃષ્ણપક્ષમાં એ જીવોને બીજો જન્મ લેવા પાછા મોકલે છે. ચંદ્રમા સ્વર્ગનું દ્વાર છે. જેને આ ચંદ્રલોકની (અર્થાત્ પિતૃયાણ માર્ગની) ઇચ્છા નથી હોતી, તેને તે ઉપરના લોકમાં જવા આપે છે; પણ જેને ચંદ્રલોકની ઇચ્છા હોય છે, તેને

ચંદ્રમા વરસાદરૂપે આ પૃથ્વી પર મોકલી આપે છે. એવા જીવ પોતાનાં કર્મો અને જ્ઞાન અનુસાર કીડા, પતંગિયાં, પક્ષી, સિંહ, વાઘ, માછલાં, રીંછ, મનુષ્ય અથવા બીજા કોઈ આકારે જુદેજુદે ઠેકાણે જન્મે છે. આ પ્રમાણે પિતૃયાણ માર્ગે જનારાને પાછા આવવું પડે છે. પરંતુ મરણ બાદ દેવયાન માર્ગે થઈને જનારાઓ ક્રમશઃ અગ્નિલોક, વાયુલોક, વરુણલોક, ઈન્દ્રલોક, અને પ્રજાપતિલોકમાં થઈને બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં આર નામનું સરોવર છે, મુહૂર્તના અભિમાની યેષ્ટિહા નામના દેવો છે, વિજરા નામની નદી છે, ઇલ્ય નામનું વૃક્ષ છે, સાલજ્ય નામનું નગર છે, અપરાજિત નામનો મહેલ છે, ઇન્દ્ર અને પ્રજાપતિ દ્વારપાળો છે, બ્રહ્મનું વિભુ નામનું સભાસ્થાન છે, તે સભામાં વિચક્ષણા નામનું સિંહાસન છે અને અમિતૌજા નામનો બ્રહ્માનો પલંગ છે. વળી ત્યાં માનસી નામની પ્રિય સ્ત્રી અને ચાક્ષુષી નામનું પ્રતિબિંબ છે. તેમજ ત્યાં અંબા અને અંબાયવા નામની અપ્સરાઓ અને અંબયા નામની નદીઓ છે. આ પર્યંકવિદ્યા(પલંગમાં રહેલા સગુણ બ્રહ્માની વિદ્યા)ને જાણનારો એ બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે. એ ઉપાસકને આવતો જાણી બ્રહ્મા તેના આદરસત્કાર માટે બધી તૈયારી કરાવે છે. અપ્સરાઓ તેની જુદેજુદે પ્રકારે પૂજા કરે છે. પછી બ્રહ્માના જેવો થયેલો તે ઉપાસક મન વડે આર નામના (કામ ક્રોધ વગેરે અરિ અથવા શત્રુઓએ બનાવેલાં) સરોવરને ઓળંગી જાય છે અને યેષ્ટિહા નામના (ઉપાસનામાં વિઘ્ન નાખનારા) દેવોની પાસે જાય છે. તે દેવો તેને જોતાંજ દૂર ભાગી જાય છે. પછી તે વિજરા (ઘડપણ વિનાની) નદીને મન વડે ઓળંગે છે. તે અહીં પુણ્ય અને પાપને છોડી દે છે. ત્યાર પછી તે ઇલ્ય નામના વૃક્ષ પાસે જાય છે. અને ત્યાં તેને બ્રહ્માનો ગન્ધ આવે છે. પછી તે સાલજ્ય નગરની પાસે જાય છે, અને ત્યાં તેનામાં

બ્રહ્મનેજ પ્રવેશ કરે છે. પછી તે ઇન્દ્ર અને પ્રજાપતિ નામના ચોકીદારો પાસે આવે છે. તેઓ તેને જોઈને નાસી જાય છે. તે વિભુ નામના સભાસ્થાનમાં આવે છે. ત્યાં તેની કીર્તિ બ્રહ્મ જેટલી મોટી થાય છે. પછી તે વિચક્ષણા નામના જ્ઞાનરૂપ સિંહાસન પાસે આવે છે, ત્યાં તે પોતાની બુદ્ધિ વડે આખા વિશ્વને જુએ છે. છેવટે તે અમિતૌજા નામના બ્રહ્માના પલંગ પાસે આવે છે. તેની ઉપર બ્રહ્મા બેઠેલા હોય છે. તે પલંગ પર ઉપાસક ચઢે છે. ત્યારે બ્રહ્મા તેને પૂછે છે: 'તમે કોણ છો?' તે ઉત્તર આપે છે: 'જે તમે છો, તે હું છું.' બ્રહ્મા તેને પૂછે છે: 'હું કોણ છું?' ત્યારે તે કહે છે: 'તમે સત્યરૂપ છો.' ત્યાર પછી બ્રહ્મા તેની પરીક્ષા કરવા માટે બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછે છે. તેના યોગ્ય ઉત્તરો મળતાં, બ્રહ્મા તેને પોતાના જેવો ગણે છે. (અહીં પહેલો અધ્યાય પૂરો થાય છે.)

બીજા અધ્યાયમાં મહર્ષિ કૌષીતકિ પ્રાણરૂપ બ્રહ્મની ઉપાસનાને વર્ણવે છે.

ત્રીજા અધ્યાયનો સાર આ પ્રમાણે છે—દિવોદાસનો પુત્ર પ્રતર્દન સ્વર્ગમાં ગયો. તેના યુદ્ધ અને પરાક્રમથી ખુશ થઈને ઇન્દ્રે તેને વરદાન માગવાનું કહ્યું. પ્રતર્દને કહ્યું: 'મનુષ્યને માટે જે વધુમાં વધુ હિતકારક વરદાન હોય, તે તમે મને આપો.' ત્યારે ઇન્દ્રે તેને કહ્યું: 'મને જ માત્ર જાણ. એ જ મનુષ્યને માટે વધુમાં વધુ હિતકારક છે. મેં ત્વષ્ટાના ત્રણ માથાવાળા પુત્ર વિશ્વરૂપને માર્યો, મેં જ અપાઝ્મુખ (વેદથી વિમુખ) નામના સંન્યાસીઓને વરુઓને ખાવા આપી દીધા, મેં જ પ્રહ્લાદના વંશજોને, પુલોમાના પુત્રોને અને કાલકંજ નામના દૈત્યોને માર્યા. આટલું આટલું કર્યું છતાં પણ મારો તો એક વાળ પણ વાંકો થયો નહિ. જે મને ઓળખે છે, તેને માતૃવધ, પિતૃવધ, ચોરી, બ્રહ્મહત્યા વગેરે પાપો લાગતાં નથી. 'હું જ

પ્રાણરૂપ અને પ્રજ્ઞારૂપ છું. મારી જ આયુષરૂપે અને અમૃતરૂપે ઉપાસના કર. જે આયુષ છે, તે પ્રાણ છે; પ્રાણ જ આયુષ છે, અને પ્રાણ જ અમૃત છે. જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ રહે છે, ત્યાં સુધી આયુષ રહે છે; અને પ્રાણ વડે જ મનુષ્ય પરલોકમાં અમરપણું મેળવે છે અને અક્ષયરૂપ થાય છે. આ પ્રાણજ પ્રજ્ઞારૂપ છે. જે પ્રાણ છે, તે જ પ્રજ્ઞા છે; અને જે પ્રજ્ઞા છે, તે જ પ્રાણ છે. એ બન્ને આ શરીરમાં સાથે જ રહે છે, અને મરણ વખતે બન્ને સાથે જ તેને ત્યજી જાય છે. બધી ઇન્દ્રિયોમાં પ્રાણ મુખ્ય છે. મનુષ્ય કોઈ પણ એકાદ ઇન્દ્રિય વિના જીવી શકે છે, પણ પ્રાણ વિના જીવી શકતો નથી. જ્યારે મનુષ્ય ઊંઘી જાય છે, ત્યારે તે પ્રાણની સાથે એક બને છે; અને તે વખતે તેની બધી ઇન્દ્રિયો તેઓના વિષયો સાથે લય પામી ગયેલી હોય છે. તે મનુષ્ય જ્યારે ફરી પાછો જાગે છે, ત્યારે તેની ઇન્દ્રિયો ફરી પાછી વિષયો તરફ વળે છે. વળી મરણ પામતી વખતે પણ મનુષ્ય પ્રાણની સાથે જ એક બનેલો હોય છે. અને તેથી જ તેની પાસે બેઠેલા કહે છે કે, "આ સાંભળતો નથી, જોતો નથી, બોલતો નથી, વિચારતો નથી." કારણ કે તેની બધી ઇન્દ્રિયો પ્રાણમાં જ લીન થયેલી હોય છે. તે મનુષ્ય જ્યારે ફરી બીજું શરીર ગ્રહણ કરે છે, ત્યારે ફરી પાછી એ ઇન્દ્રિયો આત્મામાંથી પોતપોતાને સ્થાને બહાર નીકળે છે અને એ ઇન્દ્રિયોના દેવો અને તેઓના વિષયો ફરી પાછા જણાય છે. મરણ વખતે મનુષ્ય જ્યારે આ શરીર-માંથી બહાર નીકળે છે, ત્યારે તેની બધી ઇન્દ્રિયો તેની સાથે જ બહાર નીકળે છે. તે વખતે વાણી, નાક, કાન, મન વગેરે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને છોડી દઈ પ્રાણાત્મામાં (પ્રાણ-રૂપ આત્મામાં) લીન થાય છે. પરંતુ ઇન્દ્રિયો તો પ્રજ્ઞાના એક અંશ જેવી છે. અને તેથી પ્રજ્ઞા વિના તેઓ પોતપોતાનું કાર્ય કરી શકતી નથી. જેમ પ્રજ્ઞા વિના આંખ જોઈ શકતી નથી, કાન

સાંભળી શકતો નથી, નાક સૂંઘી શકતું નથી, અને મન વિચારી શકતું નથી. આથી કોઈએ શબ્દ, ગંધ, રૂપ, રસ, વગેરે ઇન્દ્રિયોના વિષયોને જાણવાની ઇચ્છા કરવી નહિ; પરંતુ એ બધા ઇન્દ્રિયોના વિષયોને જાણનારાને જાણવો. કર્મોને જાણવાની ઇચ્છા કરવી નહિ, પણ કર્તાને જાણવો. મનને જાણવાની ઇચ્છા કરવી નહિ, પણ મનન કરનારાને જાણવો. કારણ કે, દશ ઇન્દ્રિયો અને તેના વિષયો પ્રજ્ઞાને અધીન છે; અને એ પ્રજ્ઞા પ્રાણરૂપ છે અને પ્રાણ પ્રજ્ઞારૂપ છે. એ પ્રાણ આનંદરૂપ, અજર અને અમર છે. શુભ કે અશુભ કર્મો વડે તેને લાભ કે હાનિ થતાં નથી. એ પ્રાણરૂપ પ્રજ્ઞાત્મા જેને આ લોકમાંથી ઊંચે ચઢાવવા ધારે છે તેની પાસે શુભ કર્મો કરાવે છે; અને જેને નીચે પાડવા ધારે છે તેની પાસે તે અશુભ કર્મો કરાવે છે. એ પ્રજ્ઞાત્મા લોકોના પતિરૂપ છે, અને સર્વેશ્વર છે; અને એ જ મારો આત્મા છે.'

ચોથા અધ્યાયમાં ગાર્ગ્ય અને બાલાકિનો સંવાદ છે, બૃહદારણ્યક ઉપનિષદ, અધ્યાય ૨, પ્રકરણ ૧માં આવેલો છે. (જુઓ પાન ૨૮૨)

૧૫—બૃહજ્જાબાલ ઉપનિષદ (સાર)

વિભૂતિ, ભસિત, ભસ્મ, ક્ષાર અને રક્ષા એવાં ભસ્મનાં પાંચ નામો છે. કપિલ, કૃષ્ણ, રક્ત, શ્વેત અને ચિત્રવર્ણવાળી ગાયોનાં છાણમાંથી બનાવેલી ભસ્મોનાં અનુક્રમે ઉપર પ્રમાણે નામો છે. વિભૂતિ(ઐશ્વર્ય)ને આપવાવાળી હોવાથી એક વિભૂતિ કહેવાય છે. પ્રકાશને આપતી હોવાથી બીજી ભસિત કહેવાય છે. સર્વ પાપોનું ભક્ષણ કરનારી હોવાથી ત્રીજી ભસ્મ કહેવાય છે. આપત્તિઓનો ક્ષય કરતી હોવાથી ચોથી ક્ષાર કહેવાય છે. અને ભૂતપ્રેત વગેરેથી રક્ષણ કરતી હોવાથી પાંચમી

રક્ષા કહેવાય છે. ભસ્મ એ અગ્નિનું સત્ત્વ છે. એ ભસ્મ વડે કપાળ, બે હાથ, છાતી અને પેટ પર ત્રિપુંડ્ર કરવાં. ભસ્મ ધારણ કરવાથી સદાશિવની પ્રાપ્તિ થાય છે. ત્રિપુંડ્રની ત્રણ રેખાઓ બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવરૂપ છે.

સદાશિવ પ્રલય વખતે વિશ્વનો સંહાર કરીને જ્યારે આંખો બંધ કરે છે, ત્યારે એ આંખોમાંથી જે આંસુ પડે છે તેમાંથી રુદ્રાક્ષની ઉત્પત્તિ થાય છે. રુદ્રની આંખમાંથી ઉત્પન્ન થયેલા હોઈ તે રુદ્રાક્ષ કહેવાય છે. માથા પર ચાળીસ, ચોટલીમાં એક કે ત્રણ, બન્ને કાનમાં બાર, ગળામાં બાર, બન્ને હાથ પર સોળ સોળ, કાંડા પર બાર બાર અને અંગૂઠા પર છ છ રુદ્રાક્ષ ધારણ કરવા. આ ઉપનિષદનું અધ્યયન કરનાર પરમધામને પામે છે.

૧૯–નૃસિંહપૂર્વતાપિની ઉપનિષદ (સાર)

નૃસિંહમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેમાં જ રહે છે અને અંતે તેમાં જ લય પામે છે. એ સર્વ પ્રાણીમાં શ્રેષ્ઠ અને બળવાન હોવાથી તેને નૃસિંહ કહ્યા છે. તે શૂરવીર હોવાથી તેનું વીર એવું પણ નામ છે. તેમજ તેને ઉગ્ર પણ કહેવાય છે. બધા લોકો અને બધા દેવોને તેમજ બધાં પ્રાણીઓને પોતામાં સમાવતા હોઈ તે મહાવિષ્ણુ પણ કહેવાય છે. એ નૃસિંહ અત્યંત પ્રકાશમાન છે, અને તેને કોઈ પણ ઇન્દ્રિયો ન હોવા છતાં તે બધું જુએ છે અને સાંભળે છે. તે સર્વવ્યાપી છે, અને સર્વને પોતામાં સમાવે છે. એનું રૂપ જોઈને સર્વ લોકો, દેવો, મનુષ્યો અને પ્રાણીઓ ભય પામે છે, અને છતાં પણ તે કલ્યાણ-સ્વરૂપ છે. જે એ નૃસિંહની ઉપાસના અને નૃસિંહગાયત્રીનો જપ કરે છે, તેનાં બ્રહ્મહત્યા વગેરે બધાં પાપો નાશ પામે છે, અને તે સાતે લોકને જીતે છે.

૧૭–નૃસિંહઉત્તરતાપિની ઉપનિષદ (સાર)

આ ઉપનિષદના આરંભમાં ૐકાર અને તેની ચાર માત્રાઓ તેમજ આત્માના વૈશ્વાનર, તૈજસ, પ્રાજ્ઞ અને સાક્ષી એ ચાર પાદોનું વર્ણન છે. તે આખું આગળ માણ્ડૂક્ય ઉપનિષદમાં આપેલું છે.

આત્મા આંખ વગેરે ઇન્દ્રિયોનો, તેમજ મન, બુદ્ધિ, પ્રાણ વગેરે સર્વનો દ્રષ્ટા છે, અને સાક્ષી માત્ર છે. તેનામાં કાંઈ પણ વિકાર થતો નથી. તે ચૈતન્યસ્વરૂપ, આનંદમય, પ્રકાશમય, એકરસ, ઘડપણરહિત, અમર, અને ભયરહિત છે. જેમ લાકડાંને બાળી નાખ્યા પછી અગ્નિ શાન્ત થઈ જાય છે, તેમ જ્યારે વાણી અને મનના વિષયો દૂર થાય છે, ત્યારે આત્મા માત્ર ચિત્સ્વરૂપે જ બાકી રહે છે. જે મનુષ્ય નરસિંહના મંત્ર વડે જાગ્રત વગેરે ત્રણ અવસ્થાથી પર રહેલા આત્માને જાણે છે, તે ઉદ્દેશ ઉજ્જ્વલ, અજ્ઞાનરહિત, બંધનરહિત, આનંદરૂપ, દ્વૈત વિનાનો અને મોહરહિત બને છે.

આ આખું જગત આત્મા જ છે, કારણ કે ઈશ્વર તેમાં સર્વત્ર વ્યાપીને રહેલો છે. જે આ સર્વત્ર વ્યાપક નૃસિંહ ભગવાનને જાણે છે, તે નિષ્કામ અને આત્મામાં જ આનંદ માનનારો બનીને બ્રહ્મરૂપ થાય છે.

આત્મા બ્રહ્મરૂપ અને સચ્ચિદાનંદરૂપ છે. તે હંમેશ પૂર્ણ, દ્વૈતવિહીન, શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ગંધ વિનાનો; પ્રાણ, મન, બુદ્ધિ ચિત્ત અને અહંકારથી પર, અસંગ, નિર્ગુણ, સત્ત્વ–રજ–તમોગુણ વિનાનો અને પ્રકાશમય છે.

૧૮—કાલાગ્નિરુદ્ર ઉપનિષદ (સાર)

શ્રીસનત્કુમારના પૂછવાથી ભગવાન કાલાગ્નિરુદ્રે ત્રિપુંડ્ર (ટીલું, તિલક) કરવાનો વિધિ આ ઉપનિષદમાં સમજાવ્યો છે. અગ્નિહોત્રમાંથી ભસ્મ લઈને મંત્રોચ્ચારપૂર્વક કપાળમાં, માથા પર, છાતી પર અને બે ખભા પર ત્રિપુંડ્ર અર્થાત્ ત્રણ રેખા-વાળાં ટીલાં કરવાં. એ ત્રણ રેખાઓ ક્રમશઃ સત્ત્વ–રજ–અને તમોગુણની, અ, ઉ અને મની, બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવની, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદની, પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ-લોકની, જ્ઞાન, ક્રિયા અને ઇચ્છાશક્તિની, ગાર્હપત્ય, આહવ-નીય અને દક્ષિણાગ્નિની તેમજ વૈશ્વાનર, તૈજસ અને પ્રાજ્ઞ આત્માની સૂચક છે.

૧૯—મૈત્રેયી ઉપનિષદ (સાર)

બૃહદ્રથ નામના એક રાજાને શરીર નાશવંત છે એવું ભાન થતાં વૈરાગ્ય આવ્યો અને તેથી પોતાના મોટા પુત્રને રાજ્ય સોંપી તે વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે લાંબો વખત ઉગ્ર તપ-શ્ચર્યા કરી. એ તપશ્ચર્યાના ફળરૂપે એક વખત શાકાયન્ય નામના આત્મવેત્તા મહામુનિ તેની પાસે આવ્યા. તેમણે રાજાને વરદાન માગવાનું કહ્યું, ત્યારે રાજાએ આત્મજ્ઞાનરૂપ વરદાન માગ્યું. આથી મહામુનિ શાકાયન્યે તેને એ અત્યંત કઠણ હોવાનું જણાવીને બીજું કાંઈ વરદાન માગવાનું કહ્યું. એ સાંભળી બૃહદ્રથ રાજાએ કહ્યું: 'મોટા સમુદ્રો સુકાઈ જાય છે, પર્વતો ભાંગીતૂટી જાય છે, ધ્રુવ પણ પોતાના સ્થાનમાંથી ચળે છે, વૃક્ષો પડી જાય છે, પૃથ્વી પણ ડૂબી જાય છે. દેવો પણ સ્થિર રહી શકતા નથી, તો પછી આવા નાશવંત સંસારમાં વિષયભોગોને હું શું કરું ? વિષયોમાં ડૂબેલા રહેનારાને તો અનેક વખત જન્મ-

મરણના ચક્રાવામાં ફરવું પડે છે. તો, હે મુનિ, અંધારા કૂવામાં પડેલા દેડકા જેવા મારો ઉદ્ધાર કરો. આ માતપિતાથી ઉત્પન્ન થયેલું અચેતન શરીર તો હાડકાં, ચામડી, માંસ, મળ, મૂત્ર, વાત, પિત્ત, કફ વગેરેથી ખદબદતું હોઈ નરક જેવું જ છે. તો એવા શરીરમાંથી મને ઉગારો.'

આ સાંભળી શાકાયન્ય મુનિએ અત્યંત પ્રસન્ન થઈ રાજાને કહ્યું: 'હે રાજા, તું કૃતકૃત્ય છે. તને હું આત્માનું જ્ઞાન આપું છું, તે તું સાંભળ. શબ્દ, સ્પર્શ વગેરે વિષયો અનર્થ કરનારા છે અને તેમાં આસક્ત બનેલા ભૂતાત્માને પોતાનું ખરું સ્વરૂપ યાદ આવતું નથી. તપ વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાન થતાં મન શાન્ત બને છે, મન શાન્ત થતાં આત્માની પ્રાપ્તિ થાય છે, અને આત્મા મળતાં સંસારમાંથી છૂટી જવાય છે. જેમ લાકડાં ખૂટી જતાં અગ્નિ આપમેળે જ હોલવાઈ જાય છે, તેમ વૃત્તિઓનો ક્ષય થતાં ચિત્ત પોતાના કારણરૂપ આત્મામાં શાન્ત બની જાય છે. ચિત્ત એ જ સંસાર છે. માટે હંમેશ પ્રયત્નપૂર્વક તેને શુદ્ધ કરવું. જેવું જેનું ચિત્ત હોય તેવી તેની ગતિ થાય, એ સનાતન રહસ્ય છે. ચિત્ત શાન્ત થતાં શુભાશુભ કર્મો નાશ પામે છે; અને શાન્ત બનેલો મનુષ્ય જ્યારે આત્મામાં લીન થાય છે, ત્યારે તેને અક્ષય આનંદ પ્રાપ્ત થાય છે. માણસનું ચિત્ત જેટલું બહારના વિષયોમાં આસક્ત હોય છે, તેટલું જ જો બ્રહ્મમાં આસક્ત થાય, તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય?

'હૃદયકમળની વચમાં સમસ્ત બુદ્ધિનાં કાર્યોના સાક્ષી અને પરમપ્રેમરૂપ પરમેશ્વરનું ધ્યાન કરવું. એ પરમાત્મા મન અને વાણીથી જાણી શકાતો નથી. તે આદિ અને અંતથી રહિત છે, એકમાત્ર સત્‌રૂપ પ્રકાશથી પ્રકાશે છે અને કલ્પનાથી પર રહેલો છે. તેને ગ્રહણ કરવાની કે છોડવાની, સામાન્ય ભાવની કે વિશેષ ભાવની કલ્પના પણ નથી. તે તો સ્થિર, શાન્ત અને

ગંભીર છે. તે તેજ પણ નથી અને અંધકાર પણ નથી. પરંતુ સંકલ્પરહિત, આભાસરહિત, અને મુક્ત ચૈતન્ય જ છે. તે નિત્ય, શુદ્ધ, જ્ઞાનમય, મુક્ત, સત્ય, સૂક્ષ્મ, સર્વવ્યાપક અને એક માત્ર છે. એ પરમ આનંદનો સમુદ્ર હું જ છું, તેમાં કોઈ પણ સંશય છે જ નહિ. અંતઃકરણમાં રહેલા આનંદને આશરે રહેનારા, આશારૂપ પિશાચને દૂર ધકેલી દેનારા, આખા જગતને મદારીના ખેલ તરીકે જોનારા અને અસંગ એવા મારા-માં દુઃખો કયાંથી પ્રવેશી શકે ? વર્ણ અને આશ્રમના ધર્મો પાળનારા મૂઢ લોકો જ પોતાનાં કર્મો પ્રમાણે ફળ મેળવે છે. પરંતુ વર્ણ વગેરેના ધર્મોને છોડી દઈને આત્મામાં જ સ્થિર રહેનારા મનુષ્યો અંદરના આનંદમાં જ સંતોષથી રહે છે. વર્ણ અને આશ્રમના ધર્મો તેમજ અવયવોવાળું શરીર એ બધાં આદિ અને અંતવાળાં હોઈ અત્યંત કષ્ટકારક છે. માટે પુત્ર વગેરેમાં મોહ ન રાખીને પરમ આનંદરૂપ અનંતમાં સ્થિર બનવું.'

એક સમયે ભગવાન મૈત્રેય કૈલાસ પર્વત પર ગયા અને પરમતત્ત્વનું રહસ્ય શીખવવાની મહાદેવને વિનંતિ કરી. આથી મહાદેવ બોલ્યાઃ શરીર એ દેવાલય છે, અને તેમાં જીવ એ પરમાત્મા છે. આથી અજ્ઞાનને છોડી દેવું અને એ પરમાત્મા હું જ છું એમ ગણી તેની પૂજા કરવી. જીવ અને પરમાત્મામાં ભેદ ન જોવો એ જ્ઞાન છે, અને મનને વિષયોમાંથી છૂટું કરવું એ ધ્યાન છે. મનના મળનો ત્યાગ કરવો એ સ્નાન છે, અને ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી એ પવિત્રતા છે. બ્રહ્મરૂપ અમૃત પીવું અને દેહ ટકી રહે એટલા માટે ભિક્ષા માગવી. પોતે એકલા એકાંત સ્થાનમાં રહેવું. બુદ્ધિમાન મનુષ્ય આ પ્રમાણે કરીને મુક્તિને પામે છે. માબાપના મળથી ઘડાયેલા, જન્મમરણવાળા, સુખદુઃખના સ્થાનરૂપ અને અપવિત્ર એવા આ શરીરને અડકી-ને સ્નાન કરવું જોઈએ. સાત ધાતુ વડે ઘડાયેલા, મહારોગ-

વાળા, પાપના ઘર જેવા, અસ્થિર, અને વિકારોથી ભરેલા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. આંખ, કાન વગેરે નવ દરવાજા વાટે હંમેશ જેમાંથી મળ બહાર નીકળ્યા કરે છે તેવા અને એ મળમાંથી ઉત્પન્ન થતી દુર્ગંધથી ભરેલા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. જન્મ અને મરણના સૂતક વડે અપવિત્ર એવા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. મળ, મૂત્ર, દુર્ગંધ, વગેરેની શુદ્ધિ તો માટી, જળ વગેરેથી થાય છે; પરંતુ એ તો લૌકિક શુદ્ધિ છે. ખરી પવિત્રતા તો 'હું, મારું' વગેરેને દૂર કરવાથી જ થાય છે. પવિત્રતા તો ચિત્તની શુદ્ધિ અને વાસનાઓના નાશથી જ થાય છે. જ્ઞાનરૂપ માટી અને વૈરાગ્યરૂપ જળ વડે જે પવિત્રતા થાય છે, તે જ ખરી પવિત્રતા છે. અદ્વૈતની ભાવના એ જ ખરી ભિક્ષાવૃત્તિ છે, અને દ્વૈતની ભાવના એ જ ન ખાવા યોગ્ય વસ્તુ છે. ગુરુએ અને શાસ્ત્રમાં કહ્યા અનુસાર ભિક્ષા માગવી. જેમ ચોર કેદખાનામાં-થી છૂટીને દૂર જઈને વસે, તેમ જ્ઞાની પુરુષે સંન્યાસ લઈને પોતાનો દેશ છોડી દેવો. અહંકારરૂપ પુત્રને, ધનરૂપ ભાઈને, મોહરૂપ ઘરને, અને આશારૂપ પત્નીને છોડી દેનારો તરત જ મુક્ત થાય છે, એમાં સંશય નથી. મોહરૂપ મા મરી ગઈ છે. અને જ્ઞાનરૂપ પુત્ર જન્મ્યો છે, અને તેથી મરણ અને જન્મનાં બે સૂતક લાગ્યાં છે; તો સંધ્યા કેવી રીતે કરવી? હૃદયરૂપ આકાશમાં ચૈતન્યરૂપી સૂર્ય હંમેશ પ્રકાશ્યા જ કરે છે, અને તે આથમતો યે નથી અને ઊગતો યે નથી; તો પછી સંધ્યા કેવી રીતે કરવી? અહીં બધું એક જ છે અને બીજું કાંઈ છે જ નહિ, એમ ગુરુના ઉપદેશ વડે જે નિશ્ચય થયો છે, તે જ એકાંત છે. તો પછી આશ્રમની કે વનવાસની શી જરૂર છે? જેઓ સંશય વિનાના છે તેઓ જ મુક્ત થઈ શકે છે, અને જેઓને સંશય છે તેઓ કદી પણ મુક્ત થઈ શકતા નથી. આથી જન્મો

જન્મ સંશયરહિત થવાનો અભ્યાસ કરવો. કર્મો છોડી દેવાં તે કાંઈ સંન્યાસ નથી, તેમજ હું સંન્યાસી છું એમ કહેવા માત્રથી જ કાંઈ સંન્યાસી થવાતું નથી. સમાધિમાં જીવ અને પરમાત્માના એકપણાનું ભાન થવું, એ જ ખરો સંન્યાસ છે. જેને બધી ઇચ્છાઓ એોકેલું પાછું ખાવા જેવી લાગે છે અને જેણે દેહની મમતા છોડી દીધી છે, તેને જ સંન્યાસનો અધિકાર છે. જો બધી વસ્તુઓ ઉપર મનમાં વૈરાગ્ય આવે તો જ સંન્યાસ લેવો, નહિ તો જરૂર પતન થશે. જે મનુષ્ય પૈસાની, અન્નની, વસ્ત્રોની અથવા નામનાની લાલચથી સંન્યાસ લે છે, તે બન્ને બાજુથી ભ્રષ્ટ બનેલો હોઈ કદી પણ મુક્તિ પામતો નથી. તત્ત્વનો વિચાર ઉત્તમ છે, શાસ્ત્રોનો વિચાર મધ્યમ છે, મંત્રોની સાધના અધમ છે, અને તીર્થોમાં ફરવું અધમમાં અધમ છે. પ્રતિબિંબિત બનેલા ઝાડના ફળના સ્વાદની જેમ, ખરા અનુભવ વિના મૂઢને થતો બ્રહ્મનો આનંદ નકામો છે. જો યોગી ભિક્ષારૂપી માને, વૈરાગ્યરૂપી બાપને, શ્રદ્ધારૂપી સ્ત્રીને અને જ્ઞાનરૂપી પુત્રને છોડતો નથી, તો તે મુક્ત થાય છે. ધન વડે મોટા, વય વડે મોટા, અને વિદ્યા વડે મોટા એ બધા ય અનુભવ વડે મોટાની આગળ તો નોકર અને શિષ્ય જેવા જ છે. જેઓ માયા વડે મૂઢ બનેલા ચિત્તવાળા અને 'હું'રૂપ આત્માને પૂર્ણપણે ન જાણવાવાળા છે, તેઓ મહાબુદ્ધિમાન હોય તોપણ કાગડાઓની જેમ માત્ર પોતાનું પેટ ભરવા માટે જ અહીંથી તહીં રખડ્યા કરે છે. પથ્થર, સોનું કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા મોક્ષની ઇચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે. આથી ફરી જન્મ ન આવે એમ ઇચ્છનારાએ એવી બહારની પૂજા છોડી દઈ પોતાના હૃદયમાં જ પૂજા કરવી. સમુદ્રમાં રહેલો ભરેલો ઘડો અંદર અને બહાર પાણીથી ભરેલો છે, અને ખાલી જગામાં રહેલો ખાલી ઘડો અંદર અને બહાર પણ ખાલી જ છે. નું

ગ્રહણ કરનારો ન થા, તેમજ ગ્રહણ કરવાના વિષયરૂપ પણ ન થા. આવી બધી કલ્પનાઓને છોડી દઈને જે બાકી રહે, તેમાં તું તન્મય થા. દ્રષ્ટા, દૃશ્ય, અને દર્શનને વાસનાની સાથે જ છોડી દઈને, દર્શનનો પહેલો આભાસ જેમાંથી થાય છે તે આત્માને જ આશ્રયે તું રહે. બધા સંકલ્પો જેમાં શાંત થઈ ગયા છે અને જાગૃતિ અને નિદ્રા જેમાંથી દૂર થઈ ગઈ છે એવી જે પથ્થરના જેવી અવસ્થા, તે જ પરમ સ્વરૂપાવસ્થા છે.

હું જ એકલો બીજરૂપે છું, બ્રહ્મ છું, ઉત્પત્તિ છું, સર્વ લોકનો ગુરુ છું અને સર્વ લોકમાં છું. હું જ સિદ્ધ છું, શુદ્ધ છું, અને પરમતત્ત્વ પણ હું જ છું. હું હમેશ છું, તે હું છું, હું નિત્ય છું અને પવિત્ર છું. વિજ્ઞાન હું છું, વિશેષ હું છું, સોમ હું છું, બધું ય હું છું. હું શુભ છું, શોકરહિત છું, સમ છું, અને ચૈતન્ય છું. હું માન અને અપમાનથી રહિત છું, ગુણોથી રહિત છું, શિવ છું. હું દ્વૈત અને અદ્વૈતથી રહિત છું, સુખદુઃખ વગેરે જોડકાંથી રહિત છું, ઉત્પત્તિ અને વિનાશ વિનાનો છું, પ્રકાશ વિનાનો છું છતાં પ્રકાશરૂપ પણ હું જ છું. હું શૂન્ય અને અશૂન્યરૂપ છું, સુંદર અને કદરૂપો છું, સમતા અને વિષમતા વિનાનો છું, નિત્ય છું, શુદ્ધ છું અને સદાશિવ છું. હું સર્વ અને થોડાની કલ્પના વિનાનો છું, સાત્ત્વિક છું અને હમેશ છું. હું એક સંખ્યા અને બે સંખ્યા વિનાનો છું, સત અને અસતના ભેદ વિનાનો છું અને સંકલ્પ વિનાનો છું. હું જુદાપણા વિનાનો છું અને અખંડ આનંદ સ્વરૂપ છું. હું હું પણ નથી અને બીજો પણ નથી. હું દેહાદિ વિનાનો છું, આશ્રય અને આધાર વિનાનો છું, બંધ અને મોક્ષ વિનાનો છું, અને શુદ્ધ બ્રહ્મ છું. હું ચિત્ત વગેરે સર્વથી રહિત છું. હું પરથી પણ પર છું. હું હમેશ વિચારરૂપ છું. ...રરહિત છું. અકાર, ઉકાર અને મકારરૂપ પણ હું

છું. હું ધ્યાતા, ધ્યાન અને ધ્યેયથી રહિત છું, સર્વ અને પૂર્ણ સ્વરૂપ છું અને સચ્ચિદાનંદરૂપ છું. બધાં તીર્થો પણ હું જ છું અને ભગવાન શિવ પણ હું જ છું. હું જ લક્ષ્ય અને અલક્ષ્યથી રહિત અને લય ન પામનારા રસરૂપ છું. હું જ પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા વિનાનો અને શિવરૂપ છું. હું આ જગતનો દ્રષ્ટા નથી. હું આંખ વગેરે ઇન્દ્રિયો વિનાનો છું. હું જ વૃદ્ધિ પામેલો, જ્ઞાન પામેલો, પ્રસન્ન અને પરમ છું. હું બધી ઇન્દ્રિયો વિનાનો છું, છતાં બધાં કર્મો કરનારો હું જ છું. બધાં વેદાંત વડે હું જ સંતુષ્ટ બન્યો છું અને હમેશ સહેલાઇથી મેળવી શકાય એવો પણ હું જ છું. આનંદ અને શોકરૂપ, સર્વ મૌનના ફળરૂપ, નિત્યચિદ્રૂપ અને સચ્ચિદ્રૂપ પણ હું જ છું. હું હૃદયની ગાંઠો વિનાનો છું, અને હૃદયકમળની વચમાં રહેલો પણ હું જ છું. હું જન્મ વગેરે છ વિકારો વિનાનો, છ કોશ વિનાનો, અને કામ, ક્રોધ વગેરે છ શત્રુઓ વિનાનો છું ને ઊંડામાં ઊંડે સ્થાને રહેલો છું. હું દેશ અને કાળથી રહિત છું તેમજ દિશા, આકાશ અને આનંદરૂપ છું. 'આ નથી, તે નથી,' પણ હું જ છું. હું વિમુક્ત છું અને નકારથી રહિત છું. હું અખંડ આકાશ છું, અખંડ આકાર છું, સંસારપ્રપંચમાંથી ઊડી ગયેલા ચિત્તવાળો છું, અને સંસારપ્રપંચથી રહિત છું. હું સર્વ પ્રકાશસ્વરૂપ છું, અને ચૈતન્યરૂપ જ્યોતિ પણ હું જ છું. હું ત્રણ કાળથી પર છું અને કામક્રોધ વગેરેથી રહિત છું. હું શરીર વગેરેથી પર છું, નિર્ગુણ છું અને એકમાત્ર છું. હું મોક્ષ વિનાનો છું, છતાં મુક્ત છું. હું સત્ય અને અસત્ય વિનાનો છું. મારે કશે જવાપણું કે ન જવાપણું નથી અને જવાનું સ્થાન પણ નથી. હું હમેશ સમરૂપ છું અને શાંત પરમાત્મા છું.

અ.તે: જેનો સ્વાનુભવ છે. તે જરૂર બ્રહ્મરૂપ જ થાય છે.

૨૦—સુબાલ ઉપનિષદ (સાર)

સૃષ્ટિની પહેલાં સત્ ન હતું, અસત્ પણ ન હતું, તેમજ સદસત્ પણ ન હતું. તેમાંથી અંધકાર ઉત્પન્ન થયો. તેમાંથી ક્રમે કરીને આકાશ, વાયુ, અગ્નિ જળ, અને પૃથ્વી ઉત્પન્ન થયાં. તે જ પ્રમાણે બ્રહ્મા, પ્રજાપતિઓ, સૂર્ય, ચંદ્ર, પ્રાણ, અપાન, યક્ષો, રાક્ષસો, ગન્ધર્વો, પર્વતો, વનસ્પતિઓ, વગેરે આખી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. જે ક્રમે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તેનાથી ઊંધા ક્રમે સૃષ્ટિનો પ્રલય થાય છે અને છેવટે આખું વિશ્વ પરમતત્ત્વમાં લીન થઈ જાય છે. એ પરમતત્ત્વમાં શબ્દ વગેરે વિષયો નથી, કાન વગેરે ઇન્દ્રિયો નથી, તેમજ સ્થૂલ, સૂક્ષ્મ, હ્રસ્વ, દીર્ઘ, અંદર, બહાર વગેરે કશું જ નથી. સત્ય, દાન, તપ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, ઇન્દ્રિયનિગ્રહ, દયા વગેરે વડે એ પરમતત્ત્વને જાણવા પ્રયત્ન કરવો. એને જાણીને મનુષ્ય બ્રહ્મરૂપ બને છે. હૃદયરૂપ કમળની અંદર હજારો નાડીઓની વચમાં આત્મા રહ્યો છે અને શરીરની બધી ક્રિયાઓ ચલાવે છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં તે જ રહેલો છે. એ આત્મા જ બધી ઇન્દ્રિયોને તેઓના વિષયોમાં જોડે છે. ઇન્દ્રિયોને અધ્યાત્મ કહેવાય છે, તેઓના વિષયોને અધિભૂત કહેવાય છે અને ઇન્દ્રિયોના દેવતાઓને અધિદૈવત કહેવાય છે. જેમકે આંખ અધ્યાત્મ છે, જોવાની વસ્તુ અધિભૂત છે અને સૂર્ય અધિદૈવત છે. બધી ઇન્દ્રિયોની પાછળ રહેલો આત્મા સર્વજ્ઞ, સર્વનો અધિપતિ અને અંતર્યામી છે. સૃષ્ટિની નજરે જોતાં તે મહાભૂત, પ્રાણ, ઇન્દ્રિય, મન, વિજ્ઞાન, આનંદ વગેરે અનેકરૂપે બને છે, પરંતુ ખરું જોતાં તો એ આત્મા એક પણ નથી તેમજ અનેક પણ નથી. ચેતન પણ નથી તેમજ અચેતન પણ નથી.

બધી ઇન્દ્રિયો, તેના વિષયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર

તેમજ સર્વ વેદો પણ નારાયણરૂપ જ છે. એ નારાયણ જ મા, બાપ, ભાઈ, મિત્ર, આધાર વગેરે સહુ કાંઈ છે. આત્મા પાંચ મહાભૂતોને જાણે છે અને નિયમમાં રાખે છે, પણ પાંચ મહાભૂતો તેને જાણતા નથી. આ લોહી, માંસ વગેરેના બનેલા, પાણીના પરપોટા જેવા નાશવંત અને કેળના ગર્ભના જેવા અસાર શરીરમાં જે દિવ્ય, સંગરહિત, શુદ્ધ અને તેજોમય આત્માને શોધી કાઢે છે, તે મુક્ત બને છે.

ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર વગેરેનો ક્રમે કરીને પ્રલય થતાં આખરે એ બધાં અમર, અભય, શોકરહિત અને અનંત એવા બીજરહિત આત્મામાં લીન થાય છે. જે એ બીજરહિત આત્માને જાણે છે, તે પાછો જનમતો નથી, મરતો નથી, મોહ પામતો નથી, ભેદાતો નથી, બળતો નથી, કપાતો નથી અને કંપતો નથી; કારણ કે, પોતે જ એ બીજરહિત આત્મા બની જાય છે. જે મનુષ્ય શાંત, ઇન્દ્રિયોની ઉપર કાબૂ રાખનારો, વૈરાગ્યવાળો અને મોક્ષની ઇચ્છાવાળો છે, તે એ આત્માને પોતામાં જ જુએ છે અને આત્મરૂપ જ બને છે.

ભૂઃ, ભુવઃ, સ્વર્ગ વગેરે લોકો એ આત્મામાં જ ઓતપ્રોત બન્યા છે. આત્મા જ્યારે મરણ વખતે શરીરમાંથી બહાર નીકળનારો થાય છે, ત્યારે હૃદયમાંથી માયામાં આવીને તાળવું તોડી નાખે છે; પછી ક્રમે કરીને તે પાંચ મહાભૂતોને, મનને, સૂક્ષ્મ તન્માત્રાઓને, મહત્તત્ત્વને તથા અવ્યક્ત પ્રકૃતિને ભેદે છે અને અક્ષરબ્રહ્મને પણ વટાવીને મરણને ભેદે છે; અને તે પરમતત્ત્વમાં એક બને છે.

૨૧–ક્ષુરિકા ઉપનિષદ (સાર)

યોગની સિદ્ધિને માટે ધારણારૂપ ક્ષુરિકા અર્થાત્ છરી જરૂરી છે. એના વડે પુનર્જન્મને કાપી નાખી શકાય છે. ઘોંઘાટ વિનાના પવિત્ર ઠેકાણામાં આસન લગાવી બેસવું; અને જેમ કાચબો પોતાના અવયવોને સંકોચી લે, તેમ મનને અને ઇન્દ્રિયોને હૃદયમાં રોકવી. ત્યારપછી ધીમે ધીમે બાર માત્રાવાળા ૐકારનો જપ કરવો. આંખ, કાન વગેરે ઇન્દ્રિયોરૂપ દરવાજા બંધ કરવા, અને કમર, છાતી, ગળું તથા માથું ટટાર રાખવાં. ત્યારપછી પ્રાણાયામનો અભ્યાસ કરવો, અને એ અભ્યાસ દૃઢ થાય પછી વાયુને ક્રમશઃ પગના અંગૂઠાથી માંડીને નાભિ સુધી જુદેજુદે ઠેકાણે ધારણ કરવાનો અભ્યાસ કરવો. ત્યાંથી વાયુ, મન અને અગ્નિને સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરાવવા. તે નાડી વાટે પ્રાણને હૃદયરૂપ કમળમાં ઊંચે ચઢાવવો અને ત્યાંથી કંઠમાં લાવવો. ત્યાં બુદ્ધિ વડે તીવ્ર બનાવાયેલી અને તીણી મનરૂપ છરી વડે નામ અને રૂપને કાપી નાખવાં. યોગ વડે અણીદાર બનેલી ધારવાળી છરી વડે સુષુમ્ણા સિવાયની બધી નાડીઓને છેદી નાખવી. આ પ્રમાણે થતાં પુનર્જન્મ આવતો નથી. તપ વડે ચિત્તને જીતીને અને એકાંત સ્થળમાં રહીને અસંગપણે યોગ સાધવો. જેવી રીતે બંધનોને કાપી નાખીને હંસ આકાશમાં ઊડી જાય છે, તેવી રીતે અવિદ્યા વગેરે બંધનોને છેદીને જીવાત્મા સંસારને તરી જાય છે. જેવી રીતે દીવો તેલ ખલાસ થઈ જતાં પોતાને (વાટને) પણ બાળી નાખીને હોલવાઈ જાય, તેવી રીતે બધાં કર્મોને બાળી નાખી યોગીએ બ્રહ્મમાં લીન થઈ જવું. વૈરાગ્યરૂપ પથ્થર પર ઘસીને તીણી બનાવેલી તેમજ પ્રાણાયામ વડે અને ૐકાર વડે તીક્ષ્ણ બનેલી ધાર વડે સંસારનું છેદન કરવું. જ્યારે મનુષ્ય કામનાઓમાંથી મુક્ત બને છે, ત્યારે તે અમરપણું મેળવે છે. બધી ઇચ્છાઓમાંથી છૂટો થયેલો ને ફરી સંસારના બંધનમાં બંધાતો નથી.

૨૨—મંત્રિકા ઉપનિષદ (સાર)

બુદ્ધિને સ્થિર કરનારા મનુષ્યો ગુણોરૂપ ગુફામાં રહેલા નિર્ગુણ પરમાત્માને પોતામાં જોઈ શકે છે. પરંતુ વિકારોને ઉત્પન્ન કરવાવાળી અને જન્મરહિત એવી માયા વડે મૂઢ બનેલા મનુષ્યો તેને જોઈ શકતા નથી. આદિ અને અંત વિનાની, પ્રાણી-માત્રને ઉત્પન્ન કરનારી અને સફેદ, લાલ અને કાળા એવા ત્રણ રંગવાળી પરમાત્માની માયારૂપ કામદુધા ગાય છે, અને તેના દૂધને એ પરમાત્મા પીએ છે. આ પરમાત્મા અને માયાનાં તત્ત્વોને જુદાજુદા મનુષ્યો જુદીજુદી નજરે જુએ છે. જેમકે સાંખ્યવાદીઓ તેઓને ચોવીસ તત્ત્વો અને નિર્ગુણ પુરુષરૂપે જુએ છે, તો બીજા વેદાન્તીઓ તેઓને અદ્વૈતરૂપે તો વળી બીજા દ્વૈત-રૂપે જુએ છે.

પરંતુ જ્ઞાનરૂપ આંખવાળાઓ તો બ્રહ્માથી માંડીને જડ વસ્તુઓ સુધીની આખી સૃષ્ટિને એ એકમાત્ર અત્યંત શુદ્ધ અને વ્યાપક પરમતત્ત્વ તરીકે જુએ છે. આખું જડ અને ચેતન જગત એ તત્ત્વમાં જ ઓતપ્રોત બનેલું છે; અને જેમ નદીઓ છેવટે સમુદ્રમાં મળી જાય છે, તેમ આખું જગત એ પરમતત્ત્વ-માં જ લય પામે છે. જેમ પાણીમાં પરપોટા ઊઠે છે અને પાછા શમી જાય છે, તેમ એ તત્ત્વમાંથી જ બધી વસ્તુઓ ઉત્પન્ન થાય છે અને તેમાં જ પાછી શમી જાય છે. જે બ્રહ્મજ્ઞાનીઓ આ પ્રમાણે બ્રહ્મનું સ્વરૂપ જાણે છે, તેઓ બ્રહ્મમાં જ લય પામી જાય છે.

૨૩—સર્વસારોપનિષદ (સાર)

બંધન તે શું? મોક્ષ તે શું? વિદ્યા અને અવિદ્યા કોને
કહેવી? જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એ ચાર અવસ્થાઓ
કઈ? અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદ
મય એ પાંચ કોશો કયા કયા? કર્તા, જીવ, પંચવર્ગ, ક્ષેત્ર
સાક્ષી, કૂટસ્થ અને અંતર્યામીનો અર્થ શો? તેમજ જીવાત્મા
પરમાત્મા અને માયા એ તત્ત્વો કયાં?

જે આત્મા નથી એવા દેહ વગેરેમાં જીવને જે અહંભા
થાય છે, તે જીવાત્માનું બંધન છે. એ અહંભાવ નીકળી જ
તે મોક્ષ છે. એ અહંભાવને જે ઉપજાવે છે તે અવિદ્યા છે, અને
અહંભાવ જેના વડે નીકળી જાય છે તે વિદ્યા કહેવાય છે. સૂ
વગેરે દેવતાઓની શક્તિઓ દ્વારા મન, બુદ્ધિ, ચિત્ત, અહંક
અને દશ ઇન્દ્રિયો જે અવસ્થામાં પોતપોતાના શબ્દ, સ્પ
વગેરે સ્થૂલ વિષયોનું ગ્રહણ કરે છે, તે અવસ્થાને જાગ્રત અવસ્
કહેવાય છે. શબ્દ વગેરે સ્થૂલ વિષયો ન હોવા છતાં, જાગ્
અવસ્થાની રહી ગયેલી વાસનાને કારણે મન, બુદ્ધિ વગેરે ચ
કરણો જે અવસ્થામાં શબ્દ વગેરે વાસનામય વિષયોનું ગ્ર
કરે છે, તે અવસ્થાને સ્વપ્ન અવસ્થા કહેવાય છે. એ ચ
ઇન્દ્રિયો શાંત બની જતાં જે અવસ્થામાં શબ્દ વગેરે વિષયો
બિલકુલ અનુભવ થતો નથી, તે અવસ્થાને સુષુપ્તિ કહેવાય
આ ત્રણે અવસ્થાની ઉત્પત્તિ અને લયને જાણનારું અને પ
ઉત્પત્તિ અને લયથી પર રહેલું એવું જે નિત્ય સાક્ષિચૈતન્ય
તુરીય ચૈતન્ય અથવા તુરીય અવસ્થા કહેવાય છે. અન્ન
થકાના શરીરને અન્નમય કોશ કહેવાય છે. પ્રાણ વગેરે ચ
પ્રકારના વાયુઓ એ અન્નમય કોશમાં સંચાર કરે છે, ત
. પ્રાણમય કોશ કહેવાય છે આ બે કોશની અંદર રહે

મન વગેરે ચૌદ ઇન્દ્રિયો વડે જ્યારે આત્મા શબ્દ વગેરે વિષયોના વિચારો કરે છે, ત્યારે તેને મનોમય કોશ કહેવાય છે. આત્મા આ ત્રણે કોશની સાથે જોડાઇને બુદ્ધિ વડે જે જાણે છે, તે તેના બુદ્ધિમય સ્વરૂપને વિજ્ઞાનમય કોશ કહેવાય છે. આ ચાર કોશો સાથે આત્મા, વડના બીજમાં વૃક્ષની જેમ, પોતાના મૂળ કારણના અજ્ઞાનમાં જે રહે છે, તેને આનંદમય કોશ કહેવાય છે.

સુખદુઃખની નજરે જે ગમતી વસ્તુની ઇચ્છા થાય છે, તે સુખબુદ્ધિ છે; અને જે અણગમતી વસ્તુની કલ્પના છે, તે દુઃખબુદ્ધિ છે. સુખ મેળવવા માટે અને દુઃખ ત્યજવા માટે જીવ જે ક્રિયાઓ કરે છે તેને લઇને તે કર્તા કહેવાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ વિષયો સુખદુઃખનાં કારણો છે. પુણ્ય અને પાપકર્મો અનુસાર શરીરની પ્રાપ્તિ થતાં ચૈતન્ય જીવરૂપ બને છે. મન વગેરે, પ્રાણ વગેરે, ઇચ્છા વગેરે, સત્ત્વ વગેરે, અને પુણ્ય વગેરેના પાંચ સમૂહોને પંચવર્ગ કહેવાય છે. આ પાંચ વર્ગોમાં પુરાયેલો જીવાત્મા જ્ઞાન વિના તેઓમાંથી છૂટી શકતો નથી. મન વગેરે સૂક્ષ્મ તત્ત્વોની જે ઉપાધિ હમેશ આત્માને વળગેલી ભાસે છે, તેને લિંગશરીર કહેવાય છે, અને તે જ હૃદયગ્રન્થિ છે. તેમાં જે ચૈતન્ય દેખાય છે, તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ઉત્પત્તિને અને લયને જાણનારો પણ પોતે ઉત્પત્તિ અને લય વિનાનો એવો સ્વયંપ્રકાશ આત્મા સાક્ષી કહેવાય છે. બ્રહ્માથી માંડીને કીડી સુધી બધાં પ્રાણીઓમાં રહેલો અને તેઓનાં સ્થૂલ, સૂક્ષ્મ વગેરે શરીરનો નાશ થતાં પણ બાકી રહેનારો કૂટસ્થ કહેવાય છે. મણિઓમાં પોરવેલા દોરાની જેમ, એ કૂટસ્થ આત્મા બધાં શરીરોમાં જ્યારે પોરવાઇને પ્રકાશે છે, ત્યારે તેને અન્તર્યામી કહેવાય છે. સત્ય, જ્ઞાન, અનન્ત અને આનન્દરૂપ, સર્વ ઉપાધિ વિનાનો અને

કડાં, કુંડળ વગેરે ઉપાધિ વિનાના સોનાના જેવો એકમાત્ર ચૈતન્યરૂપ આત્મા જ્યારે ભાસમાન થાય છે, ત્યારે તેને त्वं-પદાર્થ કહેવાય છે. બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનન્ત રૂપ છે. જે અવિનાશી છે, તે સત્ય કહેવાય છે. દેશ, કાળ, વસ્તુ વગેરેનો નાશ થતાં પણ જેનો નાશ થતો નથી, તે અવિનાશી કહેવાય છે. ઉત્પત્તિ અને વિનાશ વિનાના નિત્યચૈતન્યને જ્ઞાન કહેવાય છે. માટીની બનેલી વસ્તુઓમાં માટીની જેમ, સોનાની બનેલી વસ્તુઓમાં સોનાની જેમ, અને તાંતણાની બનેલી વસ્તુઓમાં તાંતણાની જેમ, આખી સૃષ્ટિમાં પૂર્ણ અને વ્યાપક બનીને રહેલું જે ચૈતન્ય છે, તે અનન્ત કહેવાય છે. ન માપી શકાય એવા અસીમ આનન્દસમુદ્રને આનન્દ કહેવાય છે. આ ચાર (અર્થાત્ સત્ય, જ્ઞાન, અનન્ત અને આનન્દ)માં દેશ, કાલ, વસ્તુ વગેરેથી કાંઈ પણ ફેર પડતો નથી. એને જ तत्પદાર્થ અથવા પર-માત્મા કહે છે. આ त्वंપદાર્થ અને तत्પદાર્થ એ બન્ને કરતાં જુદું આકાશ જેવું સૂક્ષ્મ અને કેવળ સતરૂપ તત્ત્વ પર-બ્રહ્મ કહેવાય છે. આદિ વિનાની પણ અન્તવાળી, સત્ નહિ, અસત્ પણ નહિ, અને સદસત્ પણ નહિ એવી, અને 'છે' એમ કહેવા સિવાય બીજી કોઈ પણ રીતે સૂચવી ન શકાય એવા સ્વરૂપવાળી શક્તિ માયા કહેવાય છે. એ માયા અજ્ઞાનરૂપ, તુચ્છ અને મિથ્યા હોવા છતાં મૂઢ મનુષ્યોને તે હમેશ ખરી લાગે છે, અને તેથી એવા લોકોને એનું ખરું સ્વરૂપ સમજાવી શકાતું નથી.

હું ઉત્પન્ન થનો નથી, હું દશ ઇન્દ્રિયો નથી, બુદ્ધિ નથી, મન નથી, અહંકાર નથી. હું તો હમેશ પ્રાણ અને મન વિનાનો અને શુદ્ધ હોઉં બુદ્ધિ વગેરેનો સાક્ષી છું તથા હમેશ ચિત્સ્વરૂપ છું. હું કર્તા નથી અને ભોક્તા નથી, પરંતુ માત્ર પ્રકૃતિનો સાક્ષી છું, અને મારા સમીપપણાને લઈને જ દેહ વગેરે જાણે

સચેતન બનતા હોય તેમ ક્રિયા કરે છે. હું તો સ્થિર, નિત્ય, હમેશ આનંદસ્વરૂપ, શુદ્ધ, જ્ઞાનમય અને નિર્મળ આત્મા છું, અને બધાં પ્રાણીઓમાં સાક્ષીરૂપે વ્યાપી રહેલો છું. હું બધાં વેદાન્તો વડે જાણી શકાતું બ્રહ્મ જ છું, અને હું આકાશ, વાયુ વગેરે નથી. હું રૂપ નથી, નામ નથી, અને કર્મ નથી; પરંતુ માત્ર સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ જ છું. હું દેહ નથી, તો પછી મને જન્મમરણ ક્યાંથી હોય ? હું પ્રાણ નથી, તો પછી મને ભૂખતરસ શાની હોય ? હું મન નથી, તો પછી મને શોકમોહ શાના હોય ? અને હું કર્તા નથી, તો પછી મને બંધમોક્ષ શાના હોય ?

૨૪–નિરાલમ્બ ઉપનિષદ (સાર)

શિવ, ગુરુ અને સચ્ચિદાનંદરૂપ પરમાત્માને નમસ્કાર. જે આલમ્બન (અર્થાત્ આધાર) વિનાના તત્ત્વને આશરે રહીને આલમ્બનવાળી વસ્તુઓને છોડી દે છે, તે સંન્યાસી અને યોગી મોક્ષ મેળવે છે. મહત્તત્ત્વ, અહંકાર, અને પાંચ મહાભૂતો, તેમજ બ્રહ્માણ્ડરૂપે ભાસમાન થયેલું, અને છતાં પણ એ બધી ઉપાધિઓ વિનાનું, અભેદ, આદિ-અંત વિનાનું, શુદ્ધ, પવિત્ર, શાન્ત, નિર્ગુણ અને અવર્ણનીય એવું ચૈતન્ય બ્રહ્મ કહેવાય છે. એ બ્રહ્મ જ જ્યારે પોતાની પ્રકૃતિ નામની શક્તિ વડે લોકોને ઉત્પન્ન કરે છે અને અંતર્યામીરૂપે બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરેને નિયમમાં રાખે છે, ત્યારે તેને ઈશ્વર કહેવાય છે. જ્યારે એ ચૈતન્યને બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઇન્દ્ર વગેરે નામો અને રૂપો દ્વારા 'હું સ્થૂલ છું' વગેરે મિથ્યા દેહાભિમાન થાય છે, ત્યારે તે જીવ કહેવાય છે. એ ચૈતન્ય એક જ હોવા છતાં જુદાંજુદાં શરીરોને લીધે જીવો અનેક થાય છે. અનેક પ્રકારનાં વિચિત્ર જગતોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય જેમાં છે તેવી બ્રહ્મની શક્તિ પ્રકૃતિ કહેવાય છે. દેહ વગેરેથી પર રહેવું હોઇ બ્રહ્મ જ પરમાત્મા કહેવાય છે,

અને એ બ્રહ્મ જ બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર, સૂર્ય, ચંદ્ર, દેવો, અસુરો, મનુષ્યો વગેરે રૂપે થયું છે. આ આખું જગત બ્રહ્મ જ છે, અને એનાથી જુદું કાંઇ જ નથી. ઇન્દ્રિયો વડે કરાતી ક્રિયાઓને 'હું કરું છું' એમ માનીને કરવી તેનું નામ કર્મ. કર્તાપણા અને ભોક્તાપણાના અભિમાન સાથે તથા ફળની ઇચ્છાથી કરાતું કર્મ અકર્મ કહેવાય છે. આવું કર્મ બંધનનું અને જન્મ-મરણ વગેરેનું કારણ થાય છે. સૃષ્ટિની બધી ય બદલાતી વસ્તુઓની પાછળ ન બદલાતું એવું ચૈતન્ય જ માત્ર રહ્યું છે અને બીજું કાંઈ જ નથી એવો જે અનુભવ દેહ, ઇન્દ્રિય વગેરે પરના કાબૂ વડે તેમજ ઉપાસના, શ્રવણ, મનન અને ધ્યાન વડે થાય, તેને જ્ઞાન કહેવાય છે. દોરીમાં જેમ સાપની બ્રાન્તિ થાય, તેમ સર્વમાં પોરવાઇને રહેલા, સર્વરૂપ અને એકમાત્ર બ્રહ્મમાં દેવ, પશુ, મનુષ્ય, સ્થાવર, સ્ત્રી, પુરુષ, વર્ણ, આશ્રમ, બંધ, મોક્ષ, વગેરે અનાત્મ વસ્તુઓનું જે જ્ઞાન થાય, તેને અજ્ઞાન કહેવાય છે. સચ્ચિદાનંદ પરમાત્માના સ્વરૂપને જાણીને જે આનંદ થાય, તેને સુખ કહેવાય છે, અને અનાત્મરૂપ વિષયોના વિચારોને દુઃખ કહેવાય છે. સત્પુરુષોના સમાગમને સ્વર્ગ કહેવાય છે, અને સંસારના વિષયો અને સંસારી લોકોના સમાગમને નરક કહેવાય છે. આદિરહિત અજ્ઞાનની વાસના વડે 'હું જન્મું છું, હું મરું છું' વગેરે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે બંધન છે. મા, બાપ, ભાઇ, પત્ની, પુત્ર, ઘર, ખેતર વગેરે મારાં છે, એવા સંસારી વિચારો પણ બંધનરૂપ છે. કર્તાપણાનું અભિમાન પણ બંધનરૂપ છે. યોગની સિદ્ધિઓ, દેવ, મનુષ્ય વગેરેની ઉપાસના, યમ નિયમ વગેરે આઠ અંગવાળો યોગ, વર્ણાશ્રમધર્મો, વગેરે પણ બંધનરૂપ જ છે તેમજ કેવળ મોક્ષનો વિચાર કરવો, એ પણ એક જાતનું બંધન છે. સંકલ્પ અર્થાત્ વિચાર એટલે બંધન નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિચાર વડે,

અનિત્ય સંસારના સુખદુઃખાત્મક બધા વિષયોમાંથી મમતારૂપ બંધનનો નાશ થઇ જાય તેને મોક્ષ કહેવાય છે. બધાં શરીરમાં રહેલા ચૈતન્યરૂપ બ્રહ્મની જે પ્રાપ્તિ કરાવે તે ગુરુની ઉપાસના કરવી. જ્ઞાનપ્રાપ્તિ વડે સંસારરૂપ અજ્ઞાનના નાશની ઇચ્છા રાખતું બ્રહ્મ જ શિષ્ય છે. કર્તાપણાના અહંકારવાળો મનુષ્ય મૂઢ છે. ઐશ્વર્યની ઇચ્છાથી બ્રહ્મા, વિષ્ણુ વગેરેની ઉપાસના અને ઉપવાસ, જપ વગેરે કરનારો અને અત્યંત ઉગ્ર રાગ, દ્વેષ, હિંસા, દંભ વગેરે દુર્ગુણોવાળો જે તપ કરે છે, તે આસુર કહેવાય છે. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, એવા પ્રત્યક્ષ જ્ઞાન વડે બધા સંકલ્પોના બીજને બાળી નાખવું, તે તપ કહેવાય છે. પ્રાણ, ઇન્દ્રિય, મન વગેરેથી પર રહેલું, સચ્ચિદાનંદરૂપ, અને નિત્યમુક્ત એવું બ્રહ્મનું સ્થાન પરમપદ કહેવાય છે. દેશ, કાળ, વસ્તુ વગેરે મર્યાદા વિનાનું ચિન્માત્રસ્વરૂપ ગ્રાહ્ય (અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ) છે, તેમજ પોતાના સ્વરૂપથી જુદા, માયા વડે કલ્પાયેલા, અને બુદ્ધિ, ઇન્દ્રિય વગેરેના વિષયરૂપ જગતને સત્ય તરીકે ગણવાપણું અગ્રાહ્ય (અર્થાત્ તજવા જેવી) વસ્તુ છે. બધા ધર્મોને છોડી દઈને તેમજ અહંતામમતાને પણ ત્યજી દઈને, 'અહીં બ્રહ્મથી જુદું એવું કાંઈ જ નથી' એવાં મહાવાક્યો વડે 'હું જ બ્રહ્મ છું' એવો નિશ્ચય કરી નિર્વિકલ્પ સમાધિમાં રહેનારો સંન્યાસી કહેવાય છે. તે જ મુક્ત છે, તે જ પૂજ્ય છે, તે જ યોગી છે.

૨૫–શુકરહસ્ય ઉપનિષદ (સાર)

ભગવાન વેદવ્યાસના પુત્ર શુકદેવજીને શ્રીસદાશિવે આ રહસ્ય કહેલું હોવાથી એનું નામ શુકરહસ્ય ઉપનિષદ પડયું છે.

પ્રજ્ઞાનં બ્રહ્મ, અહં બ્રહ્માસ્મિ, તત્ ત્વમસિ અને **અયમાત્મા બ્રહ્મ**, એ ચાર મહાવાક્યો છે. [illegible] વડે [illegible]

જ્ઞાનેન્દ્રિયો પોતાના વિષયોનું ગ્રહણ કરે છે, તેને પ્રજ્ઞાન કહેવાય છે. એ પ્રજ્ઞાન બ્રહ્મરૂપ ચૈતન્ય જ છે, અને તે સર્વમાં રહેલું છે. પરિપૂર્ણ પરમાત્મા આ શરીરમાં રહેલો છે અને બુદ્ધિમાં પ્રતિબિમ્બિત બનીને 'હું'રૂપે સ્ફુરે છે. આમ 'હું' બ્રહ્મ જ છું, એમ બીજા મહાવાક્ય વડે કહેવાયું છે. એક અને અજોડ, તેમજ નામરૂપ વિનાનું તત્ત્વ સૃષ્ટિની પહેલાં હતું અને હમણાં પણ છે. એ તત્ત્વને **તત્** કહ્યું છે. સાંભળનાર વ્યક્તિ શરીર, ઇન્દ્રિયો વગેરેથી પર છે, અને તેને **ત્વં** શબ્દ વડે દર્શાવાઈ છે. એ **તત્** અને **ત્વં**નું એકપણું બતાવવા માટે ત્રીજા મહાવાક્ય-**તત્ ત્વમસિ**—ની યોજના થઈ છે. સ્વયંપ્રકાશ અને પ્રત્યક્ષ એવો આ આત્મા બ્રહ્મ છે, એમ ચોથા મહાવાક્ય વડે બતાવાયું છે. 'આ' શબ્દનો અર્થ 'અહંકાર, ચિત્ત, બુદ્ધિ, મન, ઇન્દ્રિયો અને દેહના અભિમાનવાળો પ્રત્યગાત્મા' એવો થાય છે.

૨૬—વજ્રસૂચિકા ઉપનિષદ (સાર)

જીવ, શરીર, જન્મ, જ્ઞાન કે કર્મ વડે બ્રાહ્મણપણું પ્રાપ્ત થતું નથી. પરંતુ જાતિ, ગુણ અને ક્રિયા વિનાના, દોષ વિનાના, સત્ય-જ્ઞાન-આનંદ અને અનંતરૂપ, વિકલ્પરહિત, સર્વભૂતોના અંતર્યામી, અને આકાશની જેમ બધે વ્યાપી રહેલા બ્રહ્મને જે જાણે છે, તે જ ખરો બ્રાહ્મણ છે. એવો બ્રાહ્મણ કામ, ક્રોધ વગેરે વિનાનો, મન, ઇન્દ્રિયો વગેરે પર કાબૂવાળો, તૃષ્ણા-આશા-મોહ વગેરે વિનાનો, અને દંભ-અહંકાર આદિથી રહિત હોય છે.

૨૭—તેજોબિન્દુ ઉપનિષદ× (સાર)

વિશ્વમાં તેમજ હૃદયમાં રહેલા બિંદુનું ધ્યાન સૌથી ઉત્તમ છે, પરંતુ એ ધ્યાન ઘણું કઠણ અને મહા મહેનતે થઈ શકે તેવું છે. આહાર તથા ઇન્દ્રિયોને કાબૂમાં રાખનારો અને જુદાઈ, અહંકાર અને આશા વિનાનો મનુષ્ય એનું ધ્યાન કરી શકે છે. ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વગેરે જેને સ્પર્શતા નથી, અને જે લોભ, મોહ, ભય, કામ, ક્રોધ વગેરેથી દૂર રહે છે, તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

યોગનાં અંગો આઠ છેઃ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. બધું બ્રહ્મ જ છે એમ જણાતાં, ઇન્દ્રિયોની ઉપર જે આપમેળે જ કાબૂ આવી જાય છે, તે યમ કહેવાય છે. નિયમપૂર્વક એક જ પ્રકારના વિચાર કરવા, તે નિયમ છે. જ્યાં વાણી પહોંચી શકતી નથી એવા બ્રહ્મને વાણીદ્વારા કેવી રીતે કહી શકાય, એવા વિચારને લઇને ઊપજતું મૌન ખરું મૌન છે; બાકી મૂગા બની જવું, એ તો બાળકબુદ્ધિ છે. સુખપૂર્વક બ્રહ્મનુ ધ્યાન કરી શકાય એવી શરીર-

× સ્વામી વિજ્ઞાનંદે આલ્મોરામાંથી પ્રસિદ્ધ કરેલા આ ઉપનિષદમાં માત્ર ૧૩ જ શ્લોકો છે, જ્યારે નિર્ણયસાગર પ્રેસમાંથી પ્રગટ થયેલા '**અષ્ટોત્તરશતોપનિષદઃ**'માં આ ઉપનિષદમાં છ અધ્યાય અને બધુ મળીને લગભગ ૪૫૦ શ્લોકો છે. એમ જણાય છે કે શ્રી. નથુરામ શર્માએ તેમજ શ્રી. છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રીએ પ્રગટ કરેલા આ ઉપનિષદના સારમાં તેર શ્લોકવાળા ઉપનિષદનો આધાર લેવામાં આવ્યો છે. ૪૫૦ શ્લોકના ઉપનિષદની પ્રામાણિકતા કે અપ્રામાણિકતા સાથે આપણે કાંઈ સંબંધ નથી. પરંતુ એ મોટું ઉપનિષદ અત્યંત સુંદર અને તત્ત્વથી ભરપૂર હોવાથી અહીં એ મોટા ઉપનિષદનો જ સાર આપવો ઉચિત લાગ્યો છે.

ચિત્ત વગેરે બધી વસ્તુ
ની સ્થિતિને આસન કહેવાય છે. ચિત્ત વગેરે બધી વસ્તુ... નિરોધ થાય છે, તે
બ્રહ્મનું દર્શન કરતાં, બધી વૃત્તિનો જે નિરોધ થાય છે, તે
યામ છે. જગતરૂપ પ્રપંચનો નિષેધ, એ રેચક કહેવાય
બ્રહ્મ છું'' એવી વૃત્તિ થવી, એ પૂરક કહેવાય છે; અને
એક વૃત્તિને સ્થિર રાખવી, એ કુંભક કહેવાય છે. બધ
આત્મરૂપ જ છે એમ ગણી મનને તેઓમાંથી પાછું ખેંચ
પ્રત્યાહાર કહેવાય છે. જ્યાં જ્યાં મન જાય ત્યાં બ્રહ
થવું અને તેના વડે મન સ્થિર થવું, એ ધારણા છે
છું'' એવી વૃત્તિમાં એકતાન થવું, એ ધ્યાન છે.
વૃત્તિનો પણ ધ્યાનમાં જે લય થઇ જાય, તે સમાધિ

આખું જગત અખંડ અને એકરસ બ્રહ્મ
ભવિષ્ય, વર્તમાન, દેશ, દ્રવ્ય, હું, તું, જીવ,
વગેરે સર્વ કાંઈ ચિત્સ્વરૂપ જ છે, અને ચૈતન્ય
કાંઈ જ નથી.

હું જ પરબ્રહ્મરૂપ, પરમાનંદરૂપ, કેવળ
રૂપ, ચૈતન્યમય, નિત્ય અને ચિદાકાશરૂપ છું.
રહિત, શુદ્ધ, ઇચ્છા વિનાનો, સત્-ચિત્-આનંદ
વિનાનો, વિકાર ન પામનારો, અવિનાશી, વ
પર રહેલો, દેહભાવ વિનાનો, ચિંતા વિનાનો,
રૂપ છું. હું જ બ્રહ્મ છું અને હું જ ચૈતન્ય
આત્મા અને પરાત્પર છું. હું જ શિષ્ય ખ
રૂપે થાઉં છું, અને હું જ વહેરૂપે આખો પ્રવ
નિરાકાર પણ હું જ છું. ઘડપણ વિનાનો
રહેલા પણ હું જ છું. હું પોતે જ પોતાને
પોતાને આશ્રિત છું. પોતે જ પોતામાં આ
પોતે જ પોતામાં નકારું છું.

પરમસુખ, મોક્ષ, જ્ઞાન, વિજ્ઞાન—એ બધું હું જ છું. આ આખું જગત બ્રહ્મ જ છે અને એ બ્રહ્મથી જુદું બીજું કાંઈ જ નથી. અને એ બ્રહ્મ હું જ છું. મને બંધન અને મોક્ષ નથી. હું વાણી અને મનથી પર છું. આ બધું હું હોવા છતાં પણ મારું કાંઈ પણ સ્વરૂપ છે જ નહિ. મને ક્રિયા સ્પર્શતી નથી. મને મન નથી, ઇન્દ્રિયો નથી અને બુદ્ધિ નથી; તેમજ હું સ્થૂલ, સૂક્ષ્મ કે કારણ એ ત્રણ દેહ પણ નથી. હું જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થા નથી, તેમજ મને શ્રવણ અને મનન પણ નથી. મન અસત્ય છે. બુદ્ધિ અસત્ય છે. અહંકાર અસત્ય છે. ત્રણ શરીરો, ત્રણ કાળ, ત્રણ ગુણ, ત્રણ દેવો, શાસ્ત્રો, ગુરુ, શિષ્ય, સર્વ પ્રાણીઓ, પ્રાણો, ભોગો, સુખ, દુઃખ, ધર્મ, અધર્મ, લાભ, હાનિ, જય, પરાજય, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે બધું અસત્ય જ છે, અને હું તો સન્માત્ર છું, હું બ્રહ્મરૂપ જ છું.

હું જ ચિદાત્મા છું, પરમાત્મા છું, નિર્ગુણ છું અને પરાત્પર છું—એમ માનનારો જીવન્મુક્ત કહેવાય છે. હું ત્રણ દેહથી જુદો છું અને સચ્ચિદાનંદરૂપ છું—એમ ગણનારો જીવન્મુક્ત કહેવાય છે. ચિત્ત, બુદ્ધિ, અહંકાર, ઇન્દ્રિયો, શરીર, પ્રાણ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ. તુરીય અવસ્થા, કાળ, દેશ, વસ્તુ, બંધ, મોક્ષ, પુણ્ય. પાપ, મોક્ષ, બંધન, દ્વૈત, અદ્વૈત, મિત્ર, શત્રુ, વગેરેમાંનું કાંઈ પણ મને નથી. તેમજ મને મૂર્ખતા, ડહાપણ, સ્થૂલપણું, સૂક્ષ્મપણું, આનંદ, શોક, લાભ, હાનિ, બાળપણ, જુવાની, ઘડપણ વગેરે કશું યે લાગતું નથી.

'આ જગત ચૈતન્યરૂપ છે, હું ચૈતન્યરૂપ છું,' વગેરે વિચારો પણ જ્યારે દૂર થઈ જાય છે, ત્યારે એ અવસ્થાને વિદેહમુક્તિ કહેવાય છે. એ અવસ્થામાં સાક્ષીપણું કે સાક્ષી ન હોવાપણું રહેતું નથી. વિદેહમુક્ત હમેશાં બ્રહ્માનંદરૂપ રસમાં ડૂબેલો રહે છે અને જીવાત્મા કે પરમાત્માની, મુક્તિ કે બંધનની, શાંતિ

કે અશાંતિની કલ્પના પણ હોતી નથી. તે સર્વરૂપ છે, છતાં રૂપરહિત છે; આનંદમય છે, છતાં આનંદરહિત છે; ત્રણ કાળમાં રહેલો છે, છતાં ત્રણ કાળથી પર છે.

કોઈ પણ શબ્દ વડે આત્માનો નિર્દેશ થઈ શકતો નથી. તત્, ચિન્માત્ર, આત્મા, બ્રહ્મ, નાદાંત, શાંત, સત્, ચિત્, આનંદ વગેરે અનેક શબ્દો એને માટે પ્રયોજાય છે; પરંતુ એ તત્ત્વ વાણીથી પર હોઈ અને મનની કલ્પનામાં પણ આવતું ન હોઈ એવા શબ્દોથી તેનું વર્ણન થઈ શકતું નથી. તેમજ **अहं ब्रह्मास्मि**, **तत् त्वमसि** વગેરે વેદવાક્યો પણ એ તત્ત્વની સમજણ આપવા અસમર્થ છે. એ તત્ત્વમાં ધર્મ અને અધર્મ, કાલ અને અકાલ, વિદ્યા અને અવિદ્યા, શુદ્ધ અને અશુદ્ધ, વગેરે પરસ્પરવિરોધી વાતો સમાયેલી છે અને છતાં સમાયેલી નથી. આ તત્ત્વને માટે કોઈ પણ પ્રકારનો નિશ્ચય થઈ શકતો નથી, તેમ સંશય પણ ઊપજી શકતો નથી. જો આખું વિશ્વ આત્મરૂપ જ છે, તો પછી કોઇ પણ વસ્તુ અનાત્મ છે એમ કેવી રીતે કહી શકાય? અને તેથી આત્મા અને અનાત્માનો ભેદ પણ એ તત્ત્વમાં થઈ શકતો નથી. જો 'છે' એમ કહીએ, તો 'નથી' એમ પણ કહેવું પડે. જો સત્ય છે એમ કહીએ, તો અસત્ય પણ હોવું જોઇએ; અને અસત્ય છે એમ કહીએ. તો સત્ય પણ હોવું જોઇએ. જો બંધન છે, તો મોક્ષ છે; અને જો મોક્ષ છે, તો બંધન છે. જો દ્વૈત છે, તો અદ્વૈત છે; અને જો અદ્વૈત છે, તો દ્વૈત છે. ટૂંકમાં એક ચીજ કે ગુણનું અસ્તિત્વ હોય, તો તેની વિરોધી બીજી ચીજ કે ગુણનું અસ્તિત્વ હોવું જ જોઇએ. પરંતુ એ પરમતત્ત્વમાં તો આવા વિરોધો બધા શાન્ત થઈ જાય છે. તેમજ તેમાં હું, તું, દેવો, [illegible], પાંચ મહાભૂતો, નીતિ, વગેરે કશું જ નથી. આદિ વાણી વડે જે બોલી શકાય છે, મન વડે જેનો વિચાર કરી શકાય છે તેમજ ઇન્દ્રિયો વડે જેનું ગ્રહણ કરી શકાય છે, તે બધું

વસ્તુઓ મિથ્યા અને ભ્રમરૂપ છે. અને એ બધી મિથ્યા વસ્તુ-ઓ તો તારામાં છે જ નહિ. તું તો હમેશ સ્વસ્વરૂપમાં રહેલો, સત્ય, પૂર્ણ, સનાતન, શાંત અને મુક્ત છે. 'હું દેહ છું' એવો વિચાર જ બંધનરૂપ છે; અને એ વિચાર જેમાં પ્રગટ થાય છે, તે મન જ દુઃખનું કારણ છે. મન જ જીવ, ચિત્ત, સંકલ્પ, અહંકાર વગેરે રૂપે થાય છે. માટે જગત છે એવો વિચાર જ ન કરવો.

વાસ્તવિક રીતે જોતાં તો કાળ, માયા, પ્રકૃતિ, વગેરે કાંઈ છે જ નહિ. પણ આખું જગત સચ્ચિદાનંદરૂપ છે. જો સસલા-ના શિંગડા વડે મોટો બળવાન્ હાથી મરી શકતો હોય, તો જગત છે એમ ગણી શકાય. જો છીપમાં રહેલા રૂપામાંથી અલંકારો બનાવી શકાય, તો જગત સત્ય ગણી શકાય. જો ચિત્રમાં રહેલા દીવા વડે અંધકારનો નાશ થઈ શકતો હોય, તો જગત સત્ય છે એમ ઠરે. જો દોરડીમાં દેખાતા સાપના કરડવાથી માણસ મરી જાય, તો જગત સત્ય ઠરે. જો આકાશ-માં ઊગેલું ફૂલ અહીં પૃથ્વી પર પડતું હોય, તો જગતને સત્ય ગણવું પડે. જો મૃગજળ વડે તરસ મટતી હોય, તો જગતને સત્ય ગણી શકાય. પરંતુ આ બધું અશક્ય જ છે, માટે જગત મિથ્યા જ છે.

હું બ્રહ્મ છું એમ નિશ્ચય કરીને અને અહંભાવને છોડી દઇને બધાનો લય કરવો. એમ થતાં દેહ, કર્મો, વગેરે કાંઈ પણ રહેતું નથી.

૨૮—નાદબિન્દુ ઉપનિષદ (સાર)

ૐકારની હંસરૂપે ઉપાસના થાય છે. 'અ' અને 'ઉ' એ હંસની જમણી અને ડાબી પાંખો છે, 'મ' એની પૂંછડી છે અને અર્ધમાત્રા એનું માથું છે. રજોગુણ અને તમોગુણ એના પગ છે. સત્ત્વગુણ એનું શરીર છે. ધર્મ અને અધર્મ એની જમણી અને ડાબી આંખો છે. એના શરીરમાં સાત લોકો આ પ્રમાણે રહ્યા છે: પગમાં ભૂર્લોક, ઘૂંટણમાં ભુવર્લોક, કમરમાં સ્વર્લોક, નાભિમાં મહર્લોક, હૃદયમાં જનલોક, કણ્ઠમાં તપોલોક અને કપાળમાં બે ભવાંની વચમાં સત્યલોક. અ, ઉ, મ અને અર્ધમાત્રાના દેવો અનુક્રમે અગ્નિ, વાયુ, સૂર્ય અને વરુણ છે. આ ચાર માત્રાઓની દરેકની ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ પ્રકારના ઉચ્ચારને લઈને ત્રણ-ત્રણ કળાઓ થઈ જાય છે. એ બાર કળાઓનાં નામો આ પ્રમાણે છે:—ઘોષિણી, વિદ્યા, પતંગિની, વાયુવેગિની, નામધેયા, ઐન્દ્રી, વૈષ્ણવી, શાંકરી, મહતી, ધૃતિ, નારી અને બ્રાહ્મી. આ જુદીજુદી કળાઓ ઉપર મન સ્થિર કરી ધ્યાન કરનારાનું મરણ થતાં તેને અનુક્રમે રાજા, યક્ષ, વિદ્યાધર, ગન્ધર્વ, દેવ, અને ઇન્દ્ર સાથે સરખાપણાની, તેમજ વિષ્ણુલોક, રુદ્રલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

શુદ્ધ, વ્યાપક, કલ્યાણરૂપ પરબ્રહ્મ આ બધાથી ઉપર રહેલું છે. જ્યારે મન ઇન્દ્રિયોના વિષયોથી પર જાય છે અને પોતે પણ લય પામે છે, ત્યારે એ કલ્યાણમય, શાન્ત બ્રહ્મમાં પ્રવેશ કરે છે. માટે આત્માને જાણીને દુઃખ પામ્યા વિના પ્રારબ્ધને ભોગવવું. આગલા જન્મોમાં કરેલા કર્મોને પ્રારબ્ધ કહેવાય છે. પરંતુ સ્વપ્નની જેમ જાગ્રતમાં પણ દેહ મિથ્યા છે અને આત્માને પૂર્વજન્મ પણ હોતા નથી જેમ સ્વપ્નમાં ખરો દેહ ન હોવા ના ન હોય એમ માને છે. તેમ જાગ્રત અવસ્થામાં પણ દેહ

હોય એમ ભાસે છે. જેમ દોરડીમાં થયેલી સાપની ભ્રાન્તિ દોરડીના ખરા જ્ઞાનથી દૂર થઈ જાય છે, તેમ આ જગતરૂપ ભ્રાન્તિ પણ એના આધારરૂપ બ્રહ્મનું જ્ઞાન થતાં દૂર થઈ જાય છે અને તે સાથેસાથે જ શરીર પણ છે જ નહિ એમ નિશ્ચય થાય છે. અજ્ઞાની માણસોને સમજાવવા પૂરતું જ 'પ્રારબ્ધ છે' એમ કહેવું પડે છે, પરંતુ ખરું જોતાં તો પ્રારબ્ધ જેવું કાંઈ છે જ નહિ.

ૐકારરૂપ નાદના અનુસંધાન વડે આત્માનું આપોઆપ જ્ઞાન થાય છે. એ નાદના અનુસંધાનનો અભ્યાસ ધીમેધીમે વધતો જતાં જુદાજુદા સૂક્ષ્મથી સૂક્ષ્મ નાદો સંભળાતા જાય છે. દરિયાનો, વાદળનો, પડઘમનો અને ઝરણાનો નાદ શરૂઆતમાં સંભળાય છે. પછી ઘંટ, મૃદંગ વગેરેનો, અને છેવટે ઝીણી ઘૂઘરી, વાંસળી, વીણા અને ભમરાના ગુંજારવનો નાદ સંભળાય છે. જેમજેમ મન વધારે ને વધારે સૂક્ષ્મ નાદમાં લીન થતું જાય છે, તેમતેમ તેની સ્થિરતા વધારે ને વધારે થતી જાય છે. અને છેવટે જ્યારે આખુંય મન તદ્દન લીન થઈ જાય છે, ત્યારે બ્રહ્મ અથવા પરમપદની પ્રાપ્તિ થાય છે. મનનો લય થઈ જતાં શરીર લાકડા જેવું નિશ્ચેષ્ટ થઈ જાય છે. આને ઉન્મની અવસ્થા કહેવાય છે.

૨૯—ધ્યાનબિન્દુ ઉપનિષદ (સાર)

ધ્યાનયોગ વડે મોટામાં મોટું પાપ પણ નાશ પામે છે. જે યોગી ધ્યાનયોગ વડે અનાહત નાદનું અનુસંધાન કરે છે, તે યોગી પરબ્રહ્મને પામે છે. એ અનાહત નાદ 'ૐ ૐ' એ રૂપે આપમેળે જ ઊઠેલો હોઈ હમેશાં અંદર ચાલ્યા જ કરે છે. એ ૐકારની ત્રણ માત્રાઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરસ્વરૂપ છે. હૃદયરૂપ આઠ પાંખડીના કમળમાં ૐકારરૂપ બ્રહ્મ રહેલું છે. પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ વડે સમાધિનો અભ્યાસ

કરીને એ ૐકારમાં મનનો લય કરવો. તેમ થતાં, પરમપદ-નો સાક્ષાત્કાર થાય છે.

આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ છ યોગનાં અંગો છે.. મનુષ્યના શરીરમાં મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર વગેરે નામોથી જાણીતાં યોગનાં ચક્રો અથવા પદ્મો છે. એ દરેક પદ્મ અર્થાત્ કમળ કરોડરજ્જુના નીચલા છેડાથી માંડીને તે છેક માથાની ટોચ સુધી જુદેજુદે ઠેકાણે રહેલું છે, અને દરેકનું સ્વરૂપ જુદુંજુદું છે. એ પદ્મો સાથે સંકળાઈને હજારો નાડીઓ આખા શરીરમાં પથરાયેલી છે. તેમાંની ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂષા, યશસ્વિની, અલંબુસા, કુહૂ અને શંખિની નામની દસ મુખ્ય નાડીઓ છે. તેમાંની પહેલી ત્રણ અર્થાત્ ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડીઓ વાટે પ્રાણ, અપાન, સમાન, ઉદાન, અને વ્યાન, તેમજ નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય નામના દસ પ્રાણો અર્થાત્ વાયુઓ આમથી તેમ વહે છે. યોગની ક્રિયાઓ દ્વારા યોગી પ્રાણને જુદાંજુદાં ચક્રોમાંથી ક્રમે ક્રમે સુષુમ્ણા નાડી વાટે ઊંચે ચઢાવે છે. યોગની જુદીજુદી ક્રિયાઓ વડે જુદાજુદા પ્રકારની સિદ્ધિઓ યોગીને પ્રાપ્ત થાય છે, અને છેવટે એ યોગીને બ્રહ્મનો અનુભવ થાય છે. આસન, બંધ, પ્રાણાયામ, ધ્યાન વગેરે યોગની ક્રિયાઓનું આ ઉપનિષદમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે.

૩૦—બ્રહ્મવિદ્યા ઉપનિષદ (સાર.)

ૐકારની ત્રણ માત્રાઓ—ત્રણ વેદ, ત્રણ અગ્નિ, ત્રણ લોક અને ત્રણ દેવરૂપ છે. એ ૐકારનો નાદ શરીરની અંદર સ્વભાવતઃ થાય છે. જીવાત્મા રાતદિવસ 'હંસ' 'હંસ' એમ શ્વાસોચ્છ્વાસ દ્વારા જપ કર્યા કરે છે. જે પોતાના મન પ્રકારે

ચૈતન્યસ્વરૂપ છે, તેને હંસ કહેવાય છે. પ્રાણાયામ વડે પ્રાણ અને અપાનને સરખા કરીને સમાધિનો અભ્યાસ કરવો, અને માથામાંથી ઝરતો અમૃતરસ પીને તૃપ્ત થવું. પ્રાણાયામની સાથે સાથે જ 'હંસ''હંસ' એવો સતત જપ કરવો. દરરોજ નિયમપૂર્વક આવો અભ્યાસ કરતાં યોગી સિદ્ધિને પામે છે, અને જ્ઞાનની પ્રાપ્તિ થતાં એ બ્રહ્મરૂપ બને છે.

હું સ્થિર છું, અચિન્ત્ય છું, જન્મરહિત છું, તેમજ દેહ, પ્રાણ, ઇન્દ્રિયો વગેરે વિનાનો છું. મારો ક્ષય થતો નથી. મને ઇન્દ્રિયોના વિષયો લાગતા નથી. હું અંતર્યામી છું. મારામાં આકાશાદિ પાંચ મહાભૂતો અને સત્વાદિ ત્રણ ગુણો નથી. હું કર્તા નથી તેમજ ભોક્તા પણ નથી. મને આદિ, મધ્ય કે અંત નથી. હું ચૈતન્યરૂપ, આનંદરૂપ, અમૃતરૂપ અને આત્મરૂપ છું. હું પ્રકાશમય, ક્રિયા વિનાનો, નિર્મળ અને વિચારરહિત છું. હું પુરાણપુરુષ એવો પરમાત્મા છું, અને હમેશ જ્ઞાનપૂર્ણ અને મુક્ત છું. હું સચ્ચિદાનંદ છું અને સર્વભૂતોનો અંતરાત્મા છું. આ પ્રમાણે જે જાણે છે, તે ખરેખર તે રૂપ જ થાય છે.

૩૧–યોગતત્ત્વ ઉપનિષદ (સાર)

એક વખત પિતામહ બ્રહ્માએ ભગવાન વિષ્ણુને પૂછ્યું: 'હે ભગવન્! મને આઠ અંગોવાળું યોગતત્ત્વ કહો.' ભગવાન વિષ્ણુએ કહ્યું: બધા જીવો સુખદુઃખરૂપ માયાજાળમાં લપટાયેલા છે. એ માયાની જાળને કાપવાથી તેમને મુક્તિ મળે છે. જે પરમતત્ત્વ પોતાની મેળે જ પ્રકાશમાન થાય છે, તેને માટે શાસ્ત્રનું શું કામ? એ નિર્મળ અને શાન્ત પરમતત્ત્વ જ જીવરૂપ બને છે અને પુણ્ય અને પાપનાં ફળમાં ફસાય છે. પરંતુ ખરું જોતાં જે પરમાત્મતત્ત્વ હમેશ શુદ્ધ અને કોઈ પણ જાતના

વિકાર વિનાનું છે, તે જીવરૂપ શી રીતે બને ? એ તત્ત્વને ખરી રીતે સુખદુઃખ ન હોવા છતાં, જીવની દૃષ્ટિએ તે ભાસે છે. જ્યારે એ જીવ કામ, ક્રોધ, લોભ, મોહ, જન્મ, મરણ, શોક, હર્ષ, ભૂખ, તરસ વગેરેથી છૂટો થાય છે, ત્યારે તે પાછો પરમતત્ત્વરૂપ જ થાય છે. આથી એ બધા દોષોને ટાળવા માટે યોગનો અભ્યાસ કરવો. યોગ વિનાનું જ્ઞાન મોક્ષ આપી શકતું નથી. તેમજ જ્ઞાન વિનાનો યોગ પણ મોક્ષ આપી શકતો નથી. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સંસાર છે, પરંતુ પોતાના સ્વરૂપનું જ્ઞાન થતાં એ સંસાર રહેતો નથી અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. યોગ અનેક પ્રકારનો છે, પરંતુ તેના મુખ્ય ચાર પ્રકારો છેઃ મંત્રયોગ, લયયોગ, હઠયોગ અને રાજયોગ. મંત્રયોગમાં મંત્રોના લાંબા કાળના જપ વડે સિદ્ધિ મળે છે. લયયોગમાં મનનો અનેક ઉપાયો વડે લય કરવામાં આવે છે. યમ, નિયમ, આસન અને પ્રાણાયામ એ હઠયોગનાં અંગો છે. અને એ ચાર ઉપરાંત પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ મળી આઠ અંગોનો રાજયોગ કહેવાય છે.

સિદ્ધાસન, પદ્માસન, સિંહાસન અને ભદ્રાસન એ ચાર મુખ્ય આસનો છે. શાન્ત અને પવિત્ર સ્થાનમાં પદ્માસન સ્થિર કરીને પછી પ્રાણાયામનો અભ્યાસ કરાય છે. પૂરક, રેચક અને કુંભક એ ત્રણ પ્રાણાયામના અંગો છે. પ્રાણાયામનો અભ્યાસ વધતાં શરીરના જુદાજુદા ભાગોમાં શ્વાસને રોકી શકાય છે. અને એ પ્રમાણે જુદેજુદે ઠેકાણે શ્વાસ રોકાતાં સાધકને જુદીજુદી સિદ્ધિઓ મળે છે. પ્રાણને રોકવા માટે બંધ નામની [illegible] ક્રિયા [illegible] છે. એ બંધ ત્રણ પ્રકારના છે—મૂલબંધ, ઉડ્ડિયાનબંધ અને જાલંધરબંધ. આ બંધ ઉપરાંત [illegible] પણ [illegible] ક્રિયા છે તેમાં ખેચરી, વજ્રોલી [illegible] મુખ્ય છે

ઇન્દ્રિયોને તેઓના વિષયોમાંથી પાછી ખેંચી લેવાની ક્રિયાને પ્રત્યાહાર કહેવાય છે. સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરાવ્યા બાદ મનની અને પ્રાણની જે કોઈ પણ એક મહાભૂત ઉપર સ્થિરતા થાય છે, તેને ધારણા કહેવાય છે. ધ્યાન બે પ્રકારનું છે–સગુણ અને નિર્ગુણ. નિર્ગુણ ધ્યાન પછી સમાધિ પ્રાપ્ત થાય છે. જીવાત્મા અને પરમાત્માની સામ્ય અવસ્થાને સમાધિ કહેવાય છે. એ સમાધિ પ્રાપ્ત થતાં સાધક પરબ્રહ્મમાં લીન બની જાય છે.

૩૨—આત્મપ્રબોધ ઉપનિષદ (સાર)

બ્રહ્મ ૐકારરૂપ છે. તેનો જપ કરવાથી યોગી જન્મ વગેરે સાંસારિક બંધનોમાંથી છૂટી જાય છે. '**ૐ नमो नारायणाय**'— એ મંત્રનો ઉપાસક પરમાત્માને પામે છે.

સર્વ જગતના કારણરૂપ બ્રહ્મ પ્રાણીમાત્રમાં રહેલું છે. જે મનુષ્ય અહીં જુદાપણું અથવા ભેદ જુએ છે, તે અનેક વાર મરણને પામે છે.

મારું અજ્ઞાન નાશ પામ્યું છે. મારામાં બધી ય વસ્તુઓ એક ચૈતન્યમાત્ર જ બની રહી છે. મારી અહંતા તદ્દન જતી રહી છે અને જગત, જીવ અને ઈશ્વરનો ભેદ મારે માટે રહ્યો નથી. મારામાં પ્રત્યગાત્મા (જીવ) અને પરમાત્મા એક બન્યા છે, અને મારે માટે બધા વિધિનિષેધો જતા રહ્યા છે. હું પરમ આનંદપૂર્ણ ચૈતન્ય છું, સાક્ષી છું અને અવિચળ છું. હું ઘડપણ અને વિનાશરહિત છું, જ્ઞાનરૂપ એકરસ છું અને મોક્ષના આનંદરૂપ જળથી ભરેલો સમુદ્ર છું. હું ત્રણ ગુણથી રહિત છું, મને ક્રિયાઓ લાગતી નથી, અને મારું ચિંતન થઈ શકતું નથી. હું એક જ છું, અખંડ છું અને શુદ્ધ મોક્ષરૂપ છું. હું વ્યાપક છું, મર્યાદાથી પર છું અને આત્મજ્ઞાનરૂપ છું. વેદો મારું જ

વર્ણન કરે છે. હું પરમાનંદસ્વરૂપ છું, શુદ્ધ છું, અભેદ છું અને આદિરહિત છું. જગતરૂપ પ્રપંચ મારે માટે શાંત બની ગયો છે, અને તે મને અસત્યરૂપ ભાસે છે. જેમ સાપની ભ્રાંતિ દોરડીના આધાર પર થાય છે, તેમ જગતની ભ્રાંતિ બ્રહ્મના આધાર પર થાય છે. જેમ સાકરમાં બધે શેરડીના રસ સિવાય બીજું કાંઈ હોતું નથી, તેમ જગતમાં સર્વત્ર હું જ બ્રહ્મરૂપે વ્યાપી રહેલો છું. જેમ પરપોટા વગેરે વિકારો પાણીમાં પ્રગટ થાય છે, તેમ મારામાં જ બધા સ્થાવરજંગમ પદાર્થો પ્રગટ થયા છે. જેમ અમૃત અને ઝેર એ બેને જોઈને બુદ્ધિમાન મનુષ્ય ઝેરને છોડી દે છે, તેમ આત્મા અને અનાત્માને જોઈને મેં અનાત્માને છોડી દીધો છે. જેમ ઘડામાં પ્રતિબિંબિત થયેલો સૂર્ય ઘડાનો નાશ થતાં નાશ પામતો નથી, તેમ શરીરમાં રહેલું સાક્ષિચૈતન્ય શરીરના નાશની સાથે નાશ પામતું નથી. મને બંધન નથી, મોક્ષ નથી, શાસ્ત્ર નથી, અને ગુરુ પણ નથી. મારામાં પ્રાણો ભલે પોતપોતાની ક્રિયાઓ કર્યા કરો અને મન ભલે કામનાઓ કર્યા કરો, પણ આનંદથી ભરપૂર એવા મારામાં એને લઈને દુઃખ ઉત્પન્ન થવાનું નથી. હું આત્માને પૂર્ણપણે જાણું છું. તેથી મારું અજ્ઞાન ક્યાંય ભાગી ગયું છે, અને કર્તાપણું તેમજ કર્તવ્ય પણ દૂર થઈ ગયું છે. વર્ણ, કુળ, ગોત્ર વગેરે સ્થૂલ શરીરના ધર્મો; ભૂખ, તરસ, કામ, ક્રોધ, વગેરે સૂક્ષ્મ શરીરના ધર્મો. જડપણું, પ્રિયપણું, આનંદપણું વગેરે કારણ શરીરના ધર્મો—એ બધાએ મારામાંથી રજા લીધી છે; કેમકે હું એ ત્રણ શરીરો વિનાનો, નિત્ય અને નિર્વિકાર છું. જેમ ઘુવડને સૂર્ય પણ અંધારા જેવો લાગે છે, તેમ મૂઢ મનુષ્યને સ્વયંપ્રકાશ પરમાત્મા પણ અંધારા જેવો લાગે છે. જેમ વાદળાં વડે આંખની જોવાની શક્તિનો અટકાવ થતાં સૂર્ય નથી એમ લાગે છે તેમ અજ્ઞાન વડે જોવાની શક્તિનો અટકાવ થતાં

નિશ્ચયવાળો, શાંતિ–પવિત્રતા–સત્ય–સંતોષ–સરળતા–દંભરહિત-પણું વગેરે ગુણોવાળો, સર્વ પ્રાણીઓ તરફ રાગદ્વેષ ન રાખનારો, ધીરજ–ક્ષમા–ઇન્દ્રિયોનો અંકુશ–શુદ્ધતા વગેરે ધર્મોને અનુસરનારો અને સુખદુઃખને સમાન ગણનારો જ સંન્યાસી થઈ શકે છે. કુટુંબ, સ્ત્રી, પુત્ર, યજ્ઞક્રિયા, જનોઈ વગેરે સર્વનો સંન્યાસીએ ત્યાગ કરવો. તેમજ કામ, ક્રોધ, લોભ વગેરે અંદરના શત્રુઓનો પણ તેણે ત્યાગ કરવો. તેણે રાગદ્વેષને છોડી દેવા, તેમજ પથ્થર, માટી અને સોનાને સરખાં ગણવાં, અને ઇન્દ્રિયોને તેઓના વિષયોમાંથી પાછી ખેંચી લેવી; કારણ કે કામભોગો ભોગવવાથી કામનાની તૃપ્તિ થતી નથી, પણ ઊલટી જેમ ઘી હોમતાં અગ્નિ વધે તેમ તે વધે છે. જોઈને, સાંભળીને, સૂંઘીને અને ભોગવીને પણ જે મનુષ્ય હર્ષ કે શોક પામતો નથી, તે જિતેન્દ્રિય કહેવાય છે.

સંન્યાસીએ સન્માનને ઝેર જેવું ગણી તેનાથી દૂર રહેવું અને અપમાનની અમૃતની જેમ ઇચ્છા રાખવી. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી કોઈની પણ સાથે વેર બાંધવું નહિ. કોઈ ચિડાય તો સામો ગુસ્સો ન કરતાં તેનું ભલું ઇચ્છવું અને નમ્ર વાણી બોલવી. આ શરીર અનેક દોષોથી ભર્યું છે, માટે તેમાં પ્રીતિ રાખવી નહિ. 'દેહ હું છું' એવી આસક્તિ જ બહુ ખરાબ છે, માટે કોઈ પણ ઉપાય વડે તેને છોડી દેવી. સંન્યાસીએ એકલા ફરવું અને ભીખ માગી શરીર ટકાવી રાખવા જેટલું અન્ન મેળવવું. ચોમાસાના ચાર મહિના સિવાય તેણે એક ઠેકાણે સ્થિર રહેવું નહિ. મન, વાણી અને શરીરને સંયમમાં રાખીને બ્રહ્મનું ચિંતન કરવું. મરણ અને જીવન એ બન્ને તરફ [illegible] રહેવું, અને હંમેશ મરણને માટે તૈયાર રહેવું. [illegible] કલ્પના છોડી દેવી.

જે ફિકર, [illegible] અને [illegible] છે, ને મૂત્ર કરેલ [illegible] [illegible] વખતે નવજીવન [illegible]

લોક, વેદ, વિષયો અને ઇન્દ્રિયોને છોડીને આત્મામાં જ મસ્ત રહેનારો સંન્યાસી પરમ ગતિને પામે છે. સંન્યાસીએ પોતાનાં નામ, ગોત્ર, દેશ, અભ્યાસ, કુળ, ઉમ્મર વગેરે કોઈને જણાવવાં નહિ. તેણે સ્ત્રીઓની સાથે સંભાષણ કરવું નહિ અને સ્ત્રીઓનું સ્મરણ કરવું નહિ. તેણે તૃષ્ણા, ક્રોધ, અસત્ય, માયા, લોભ, મોહ, ગમતું-અણગમતું, શિલ્પ, વ્યાખ્યાન, કામ, અહંકાર, મમતા, વૈદક, પ્રાયશ્ચિત્ત, લાંબી મુસાફરી અને મંત્ર-ઔષધિ વગેરેના પ્રયોગોને છોડી દેવા; તેમ જ 'આવો,' 'આવજો,' 'બેસો,' વગેરે સન્માનના શબ્દો મિત્રને પણ કહેવા નહિ. સ્ત્રી, ભાઈ, પુત્ર વગેરે પૂર્વના સંબંધીઓના સારા-નરસા સમાચાર જોઈ કે સાંભળીને તેણે હર્ષ-શોક કરવા નહિ. અહિંસા, સત્ય, અસ્તેય (ચોરીથી દૂર રહેવું), બ્રહ્મચર્ય, અપરિગ્રહ (દાન-દક્ષિણા ન સ્વીકારવી), ઉદ્ધતાઈરહિતપણું, દીનતાનો અભાવ, પ્રસન્નતા, સ્થિરતા, સરળતા, આસક્તિનો અભાવ, ગુરુસેવા, શ્રદ્ધા, ક્ષમા, મન અને ઇન્દ્રિયો પરનો અંકુશ, સુખદુઃખ પ્રત્યે બેદરકારી, ધીરજ, મધુરતા, સહનશીલતા, કરુણા, વિનય, જ્ઞાન, વિજ્ઞાન, યોગ અને અલ્પ આહાર—એ યતિનો સ્વધર્મ છે.

સંન્યાસીએ ગામમાં એક રાત, મોટા ગામમાં બે રાત અને નગરમાં પાંચ રાતથી વધારે રહેવું નહિ. ચોમાસામાં ચાર માસ એક ઠેકાણે વાસો કરવો. તેણે રાતે, મધ્યાહ્ને સંધ્યાને વખતે ભિક્ષા માગવી નહિ. તેણે બધાને પોતાના આત્મા જેવા ગણવા અને બધી ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી. ચામડી, માંસ, લોહી, મજ્જા, ચરબી, હાડકાં, મળ, મૂત્ર, [illegible] વગેરેથી ભરેલા શરીરમાં, આસક્તિવાળા માણસમાં અને [illegible] શો ફેર? આથી સંન્યાસીએ એવા શરીરમાં પ્રીતિ રાખવી નહિ.

* સંન્યાસના ચાર પ્રકાર છે: વૈરાગ્યસંન્યાસ, જ્ઞાનસંન્યાસ, જ્ઞાનવૈરાગ્યસંન્યાસ અને કર્મસંન્યાસ. માત્ર વૈરાગ્ય ઉ[illegible]

સદાશિવ જ અહંકાર સાથે જોડાતાં જીવરૂપ થાય છે. એ જીવ અવિવેક(મોહ)ભરી પ્રકૃતિના સંગ વડે મોહ પામે છે અને અનેક પ્રકારની જીવજાતિઓમાં ભમ્યા કરે છે. ત્યાર પછી કાળક્રમે તેને જ્ઞાન થતાં એ પાછો મુક્ત બને છે. જ્ઞાન અને યોગ બન્ને એકબીજા પર આધાર રાખે છે. એ બન્ને વડે મન અને પ્રાણ પર કાબૂ મેળવવો.

યોગ બે પ્રકારનો છે: જ્ઞાનયોગ અને ક્રિયાયોગ. એ બન્ને યોગોનાં આઠ અંગો છે: યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. જ્ઞાનયોગમાં આ અંગો આ પ્રમાણે છે: દેહ અને ઇન્દ્રિયો તરફ વૈરાગ્ય, તે યમ; પરમતત્ત્વમાં પ્રેમ, તે નિયમ; બધી વસ્તુઓ તરફ ઉદાસીનતા, તે આસન; આ સર્વ જગત મિથ્યા છે એમ જણાવું, તે પ્રાણાયામ; ચિત્તને અંદરની બાજુ વાળવું, તે પ્રત્યાહાર; ચિત્તને સ્થિર કરવું, તે ધારણા; 'હું ચૈતન્યમાત્ર જ છું' એવું ચિંતન, તે ધ્યાન; અને એ ધ્યાનનું પણ વિસ્મરણ થવું, તે સમાધિ.

ક્રિયાયોગનાં અંગો આ પ્રમાણે છે: અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, દયા, સરળતા, ક્ષમા, ધીરજ, ઓછો ખોરાક, અને પવિત્રતા, એ દશ યમ છે. તપ, સંતોષ, [illegible] ઈશ્વરનું આરાધન, વેદાંતશ્રવણ, વિનય, મનન, જપ [illegible] એ દશ નિયમો છે. સ્વસ્તિક, ગોમુખ, [illegible] બદ્ધ પદ્માસન, કુક્કુટ, ઉત્તાનકૂર્મ, ધનુ[illegible] મયૂર, મત્સ્ય, સિદ્ધ, પશ્ચિમતાન અને [illegible] આસનો છે. યમ, નિયમ અને [illegible] શુદ્ધિ કરીને પ્રાણાયામનો [illegible] રેચક એમ પ્રાણાયામના [illegible] બધ નાડીઓ છે. [illegible]

ઇન્દ્રિયો અને શરીરથી રહિત, સર્વના સાક્ષી, આનંદરૂપ અને સત્ય જ્ઞાનરૂપ પરમતત્ત્વને જે જાણે છે, તે જ વર્ણ અને આશ્રમથી પર ગયેલો ગણાય છે. કારણ કે વર્ણ, આશ્રમ વગેરે તો માયા વડે શરીરમાં કલ્પાયેલા છે અને તે જ્ઞાનરૂપ આત્માને લાગતા નથી. સંન્યાસીએ સ્ત્રીની સાથે સંભાષણ, નૃત્ય, ગાન-તાન, વગેરેને દૂરથી જ છોડી દેવાં.

ત્યારબાદ નારદજીના પ્રશ્ન ઉપરથી બ્રહ્માજીએ જુદાજુદા પ્રકારના સંન્યાસીઓના નિયમો વધારે વિગતવાર કહ્યા. તે પછી બ્રહ્માએ નારદને ૐકારરૂપ બ્રહ્મનું જ્ઞાન આપ્યું અને સાથે સાથે જ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાના આત્માનું પણ જ્ઞાન આપ્યું. અને છેવટે નારદે બ્રહ્મનું સ્વરૂપ શું છે, એમ પૂછતાં બ્રહ્માએ વિસ્તારપૂર્વક બ્રહ્મનું સ્વરૂપ એને સમજાવ્યું. એ બ્રહ્મસ્વરૂપનું વર્ણન શ્વેતાશ્વતર ઉપનિષદમાંથી શબ્દશઃ લીધું હોવાથી તેને અહીં ફરી આપ્યું નથી.

૩૪–ત્રિશિખિબ્રાહ્મણ ઉપનિષદ (સાર)

ત્રિશિખી નામના બ્રાહ્મણે આદિત્યલોકમાં જઈ આદિત્યને પૂછ્યું: 'ભગવન્! શરીર શું? પ્રાણ શું? ઇન્દ્રિય શું? અને આત્મા શું?'

તેમણે ઉત્તર આપ્યો: એ બધું શિવ જ છે. પરંતુ નિત્ય, શુદ્ધ, વ્યાપક અને એકમાત્ર એવા એ શિવ અર્થાત્ બ્રહ્મ પોતાના જ પ્રકાશ વડે બધું એવા કોઈ પોતે જ જુદેજુદે રૂપે ભાસે છે. આમ એ બ્રહ્મમાંથી અવ્યક્ત થાય છે. અવ્યક્તમાંથી મહત્-મહત્તત્ત્વ, અહંકાર, અહંકારમાંથી શબ્દ—સ્પર્શ વગેરે પાંચ તન્માત્રાઓ, તેમાંથી પાંચ મહાભૂત, અને તેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે.

૩૬–યોગચૂડામણિ ઉપનિષદ (સાર)

આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ છ યોગનાં અંગો છે. સિદ્ધાસન અને કમલાસન એ બે મુખ્ય આસનો છે. મૂલાધારચક્ર ચાર પાંખડીવાળું, સ્વાધિષ્ઠાન છ, નાભિમાં રહેલું ચક્ર દસ, હૃદયમાં રહેલું ચક્ર બાર, વિશુદ્ધચક્ર સોળ, આજ્ઞાચક્ર બે અને બ્રહ્મરંધ્રમાં રહેલું ચક્ર હજાર પાંખડીવાળું છે. સ્વાધિષ્ઠાનચક્ર પ્રાણનું પોતાનું આશ્રયસ્થાન (સ્વ+અધિષ્ઠાન) છે. નાભિની નીચે એક કન્દ છે, અને તેમાંથી બોતેર હજાર નાડીઓ ઉત્પન્ન થઈ છે. તેમાંની મુખ્ય દસ પ્રાણવહા નાડીઓનાં નામો અને સ્થાનો નીચે મુજબ છે:

૧. ઇડા–ડાબા ભાગમાં.	૬. પૂષા–જમણા કાનમાં.
૨. પિંગલા–જમણા ભાગમાં.	૭. યશસ્વિની–ડાબા કાનમાં
૩. સુષુમ્ણા–વચમાં.	૮. અલંબુસા–મોંમાં.
૪. ગાંધારી–ડાબી આંખમાં.	૯. કુહૂ–ગુહ્યેન્દ્રિયમાં.
૫. હસ્તિજિહ્વા–જમણી ,,	૧૦. શંખિની–ગુદામાં.

ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ પ્રાણમાર્ગમાં રહેલી છે, અને તેઓના અનુક્રમે ચંદ્ર, સૂર્ય અને અગ્નિ દેવો છે. દસ પ્રાણો અને તેઓનાં સ્થાનો (અથવા કાર્યો) આ પ્રમાણે છે:

૧. પ્રાણ–હૃદયમાં.	૬. નાગ–ઓડકાર.
૨. અપાન–ગુદામાં.	૭. કૂર્મ–આંખની ઉઘાડમીંચ
૩. સમાન–નાભિમાં.	૮. કૃકલ–છીંક.
૪. ઉદાન–કણ્ઠમાં.	૯. દેવદત્ત–બગાસું.
૫ વ્યાન–આખા શરીરમાં.	૧૦. ધનંજય–મરેલું શરીર ફુલાવી દેનાર.

જીવાત્મા શ્વાસોચ્છ્વાસ વડે રોજ 'હંસ' 'હંસ' એવી અજપા ગાયત્રીનો મંત્ર ૨૧,૬૦૦ વખત જપે છે. આ ગાયત્રી કુંડલિની શક્તિમાંથી ઉત્પન્ન થઈ છે, અને તે પ્રાણને ટકાવી રાખે છે. એ કુંડલિની ગોળ વીંટળાઈને (અર્થાત્ કૂંડાળું વળીને) પડેલી હોવાથી કુંડલિની કહેવાઈ છે. તે મૂલાધારચક્રમાં સૂતેલી પડી છે. તેને ઉઠાડીને ક્રમે ક્રમે જુદાંજુદાં ચક્રોના બંધ દરવાજાઓમાંથી સુષુમ્ણા નાડી વાટે ઊંચે ચઢાવી યોગી મોક્ષને પામે છે.

મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાણ, જાલંધરબંધ, મૂલબંધ વગેરે હઠયોગની ક્રિયાઓ છે, અને તેઓનાં શાસ્ત્રપૂર્વકનાં આચરણ વડે રોગરહિતપણું, મરણ ઉપર જય, ભૂખ-તરસ-ઊંઘ વગેરે ઉપર પૂરેપૂરો કાબૂ, વગેરે ફળ મળે છે.

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એવાં ત્રણ શરીર છે. જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એવી ચાર અવસ્થાઓ છે. તે ચારમાં અનુક્રમે વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને સર્વસાક્ષી આત્મા રહે છે અને તે ચારને અનુરૂપ અ, ઉ, મ અને અર્ધમાત્રા એવી ૐકારની માત્રાઓ છે. પહેલી ત્રણ અવસ્થાઓને અનુરૂપ રજ, સત્ત્વ અને તમોગુણ છે, અને તેઓના દેવતાઓ અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર છે.

આસન સિદ્ધ થયા બાદ નાડીશુદ્ધિ કરીને પ્રાણાયામ [illegible] કરવા [illegible] પ્રાણાયામ જેટલા વખત [illegible] પ્રત્યાહાર કરવા [illegible] જેટલા વખત સુધી ધારણા [illegible] ધ્યાન કરવું, અને [illegible]

૩૭–નિર્વાણ ઉપનિષદ (સાર)

આશ્રયરહિત બનવું, તે આસન છે. પરમાત્માનો યોગ થવો, તે દીક્ષા છે. વિષયોને છોડી દેવા, એટલો ઉપદેશ છે. ભિક્ષા માગી પેટ ભરવું. હંસ નામના સંન્યાસીની જેમ રહેવું. ધૈર્યરૂપ કંથા, ઉદાસીનતારૂપ કૌપીન (લંગોટી), અને વિચારરૂપ દંડ ધારણ કરવાં. બ્રહ્મ ત્રણ ગુણોથી પર રહેલું છે અને વિવેક વડે મેળવી શકાય છે. તે મન અને વાણીથી પર છે. જગત દોરડા ઉપર દેખાતા સાપ જેવું ભ્રમરૂપ છે. યોગ વડે સત્ અને આનંદરૂપ બ્રહ્મનું દર્શન કરવું, આનંદરૂપ ભિક્ષા માગીને ખાવું, મહાશ્મશાનરૂપ આનંદવનમાં રહેવું, એકાંત સેવવું, આનંદરૂપ મઠમાં વાસ કરવો, મનને ઉન્મની (અર્થાત્ તદ્દન ચિત્તવૃત્તિરહિત) બનાવવું, ઇન્દ્રિયોને અંકુશમાં રાખવી, માયા–મમતા–અહંતા વગેરેને બાળી નાખવાં, ત્રણ ગુણથી પર રહેલા બ્રહ્મનું ધ્યાન કરવું, અને અનાહતનાદરૂપ મંત્રનો જપ કરવો. આ પ્રમાણે કરતાં મોક્ષ મળે છે અને અખંડાકાર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આ નિર્વાણદર્શન છે.

૩૮–મણ્ડલબ્રાહ્મણ ઉપનિષદ (સાર)

મહામુનિ યાજ્ઞવલ્ક્યે આદિત્યલોકમાં જઈ આદિત્ય–મણ્ડલમાં રહેલા ચૈતન્યને આત્મતત્ત્વ વિષે સવાલ પૂછયો. ત્યારે શ્રીસૂર્યનારાયણે તેમને યોગનાં આઠ અંગો સમજાવ્યાં. ઠંડી, ગરમી, આહાર અને ઊંઘ પર વિજય, હંમેશ શાન્તિ, નિશ્ચળતા, અને ઇન્દ્રિયો પર કાબૂ, એ યમો છે. ગુરુભક્તિ, સત્યમાર્ગ પર પ્રીતિ, આપમેળે જે મળી રહે તેમાં સંતોષ, અનાસક્તિ, એકાંતવાસ, મન પર અંકુશ, ફળની ઇચ્છાનો અભાવ, અને વૈરાગ્ય એ નિયમો છે. સુખપૂર્વક લાંબા વખત સુધી એક જ સ્થિતિમ

બેસવું, તે આસન કહેવાય છે. સોળ માત્રાનો પૂરક, ચો
માત્રાનો કુંભક અને બત્રીસ માત્રાનો રેચક, એ પ્રાણાયામ
ઇન્દ્રિયોના વિષયોમાંથી મનને પાછું ખેંચવું, એ પ્રત્યાહાર
વિષયોમાંથી પાછું ખેંચીને મનને ચૈતન્યમાં સ્થિર કરવું
ધારણા છે. 'બધાં શરીરોમાં એકમાત્ર ચૈતન્ય જ છે' એ
એકતાનપણું, તે ધ્યાન છે. અને ધ્યાન પણ ભુલાઈ જવું,
સમાધિ છે.

કામ, ક્રોધ, શ્વાસ, ભય અને ઊંઘ એ પાંચ શરીર
દોષો છે. સંકલ્પરહિતપણું, ક્ષમા, ઓછો ખોરાક, નિર્ભય
અને તત્ત્વચિન્તન એ ઉપલા દોષોને દૂર કરવાના ઉપાયો
સંસારસાગરને તરવા માટે તારક બ્રહ્મનું ધ્યાન કરવું. બે ભ
ની વચમાં સચ્ચિદાનંદના તેજરૂપે તારક બ્રહ્મ રહેલું છે. અભ્ય
વડે તેને જોવું. અભ્યાસ વડે એક ગોળાકાર જ્યોતિનાં દર્શ
થવા માંડે છે. તે જ સચ્ચિદાનંદ બ્રહ્મ છે. એના સહજ આનંદ
જ્યારે મન લીન થઈ જાય છે, ત્યારે મનુષ્ય શાન્ત બની જાય

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય વગેરે બધી ત્રિપુટીઓ દૂર થતાં અ
બધી ઇન્દ્રિયો તેમજ મનના પ્રચારો બંધ થઈ જતાં, પવ
વિનાના સ્થાનમાં રહેલા દીવાના જેવું નિશ્ચળ પરબ્રહ્મ અનુભ
માં આવે છે. જ્યારે બધી ઇન્દ્રિયોની ક્રિયાઓ સ્તંભિત થા
છે, ત્યારે મનનો આપમેળે નાશ થઈ જાય છે, અને તેને
'અમનસ્ક' અથવા 'ઉન્મની' અવસ્થા કહેવાય છે. એ અવ
સ્થાને પ્રાપ્ત થયેલ, મનવ 'નિત્યશુદ્ધ [illegible] હું જ છું' એ
અનુભવને પ્રાપ્ત થાય છે

૩૯–દક્ષિણામૂર્તિ ઉપનિષદ (સાર)

શૌનક વગેરે ઋષિઓએ માર્કણ્ડેયને પૂછ્યું: 'તમે ચિરંજીવી કેવી રીતે થયા? અને તમે આનંદ કેવી રીતે અનુભવો છો?' માર્કણ્ડેયે તેઓને ઉત્તર આપ્યો: 'પરમ રહસ્યરૂપ શિવતત્ત્વના જ્ઞાન વડે. આખી સૃષ્ટિના પ્રલય વખતે પોતામાં સર્વને સમાવીને આત્માનંદનો જે અનુભવ લે છે, તે શિવ અર્થાત્ પરમાત્મા છે. શ્રીદક્ષિણામૂર્તિના મંત્રો વડે તેનું ધ્યાન વગેરે કરવાથી એ અવસ્થા પ્રાપ્ત થાય છે. વૈરાગ્યરૂપ તેલથી ભરેલા અને ભક્તિરૂપ દિવેટવાળા જ્ઞાનરૂપ દીવાનું ધ્યાન કરવું. એમ કરતાં, મોહરૂપ અંધકારમાં દક્ષિણામૂર્તિરૂપ શિવ એની મેળે જ પ્રગટ થાય છે.'

૪૦–શરભ ઉપનિષદ (સાર)

પૈપ્પલાદમુનિએ એક સમયે બ્રહ્માને પૂછ્યું: 'ભગવન્! તમે, વિષ્ણુ અને રુદ્ર એ ત્રણ દેવોમાં સૌથી મોટા કોણ?' ત્યારે બ્રહ્માએ ઉત્તર આપ્યો: જેણે અનેક પુણ્યો કર્યાં હોય તે પરમેશ્વરને જાણી શકે છે. એ પરમેશ્વર જ પ્રથમ મને સર્જીને આખું જગત ઉત્પન્ન કરવાની મને પ્રેરણા આપે છે. એ પરમેશ્વર જ વિષ્ણુના પણ પિતા છે, અને એ પરમેશ્વર જ પ્રલયને વખતે રુદ્રરૂપે બધા લોકોનો સંહાર કરે છે. એ પરમેશ્વર જ સૌથી શ્રેષ્ઠ છે. એ મહેશ્વર જ શરભ* નામના મહાબળવાન પ્રાણીનો વેશ લે છે. એ શરભ રુદ્રરૂપ ધારણ કરીને હળાહળ વિષનું પાન કરે છે અને દક્ષના યજ્ઞનો ધ્વંસ કરે છે.

* શરભ નામનું એક અત્યંત વિકરાળ પ્રાણી છે, અને તે સિંહનો પણ નાશ કરે છે, એવી લોકમાન્યતા છે.

એ શરભ બ્રહ્મ જ છે. શરો અર્થાત્ જીવો તે બ્રહ્મનાં અંગોમાં ભાસતા હોવાથી તે શરભ (શર+ભ) કહેવાય છે.

૪૧—સ્કન્દ ઉપનિષદ (સાર)

હે મહાદેવ! તારી કૃપા વડે હું અચ્યુત (પતનરહિત) બન્યો છું. હું વિજ્ઞાનમય છું અને શિવરૂપ છું. મનના પ્રસાર થવાથી જે મારું નથી તે મારું હોય તેમ ભાસે છે, અને મનના નાશ સાથે હું માત્ર ચૈતન્યરૂપે જ બાકી રહું છું. જડ અને ચેતનનો જે જોનારો છે તે જ જ્ઞાનસ્વરૂપ શિવ છે. તે જ મહાદેવ છે, તે જ પરબ્રહ્મ છે, અને એ પરબ્રહ્મ હું જ છું એમાં સંશય નથી. જીવ શિવ છે અને શિવ જીવ છે. ફોતરામાં રહેલો ચોખો ડાંગર કહેવાય છે, અને તે જ ફોતરામાંથી છૂટો પડતાં ચોખો કહેવાય છે. તેવી જ રીતે કર્મોમાં બંધાયેલો આત્મા જીવ કહેવાય છે, અને કર્મોનો નાશ થઈ જતાં તે જ સદાશિવ કહેવાય છે. જ્યાં સુધી બંધનમાં રહેલો છે ત્યાં સુધી તે જીવ છે, અને બંધનમાંથી છૂટો થતાં તે સદાશિવ બને છે. શિવમાં વિષ્ણુ રહેલા છે અને વિષ્ણુમાં શિવ રહેલા છે; કેમકે, ખરું જોતાં શિવ અને વિષ્ણુમાં કંઈ ભેદ જ નથી. શરીરરૂપ દેવાલયમાં જીવરૂપ શિવ રહેલા છે. અજ્ઞાનરૂપ નિર્માલ્યને ત્યાગ કરીને 'તે જ હું (सोऽहम्)' એવી ભાવના વડે તેની પૂજા કરવી. કંઈ પણ ભેદ ન જોવો એ જ્ઞાન છે, અને મન વિષયથી રહિત થાય એ ધ્યાન છે. મનની મલિનતાનો ત્યાગ એ સ્નાન છે, અને ઇન્દ્રિયોને વશ કરવી એ પવિત્રતા છે. બ્રહ્મરૂપ અમૃત પીવું અને [illegible]

૪૨–ત્રિપાદ્‌વિભૂતિ–મહાનારાયણ ઉપનિષદ (સાર)

બ્રહ્માએ દેવોનાં હજાર વર્ષ સુધી તપ કર્યું. એ તપ વડે પ્રસન્ન થઈ મહાવિષ્ણુ એમની સમક્ષ પ્રગટ થયા. બ્રહ્માએ તેમને પૂછયું: 'ભગવન્! મને પરમતત્ત્વ કહો. તમે સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વના આધાર, સર્વના ઈશ્વર, સર્વને પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં યોજનાર, બધે વ્યાપક, અત્યંત નાના તથા અત્યંત મોટા, અને મૂળ અવિદ્યાના નાશ કરનારા છો. તમે જ વિદ્યારૂપ છો, અને વિદ્યાથી પર રહેલા પણ છો. તમે જ અખણ્ડ પૂર્ણ આનંદરૂપ છો. તમે જ પરમતત્ત્વને જાણનારા છો.'

આ સાંભળી મહાવિષ્ણુએ પ્રાચીન સમયમાં પરમતત્ત્વને વિષે થયેલો ગુરુ–શિષ્યનો સંવાદ બ્રહ્માને કહી સંભળાવ્યો. શિષ્યે પૂછયું: 'બ્રહ્મ કેવું છે?' ત્યારે ગુરુએ ઉત્તર આપ્યો: 'બ્રહ્મ ત્રણ કાળથી પર છે. તે સગુણ અને નિર્ગુણ એવા બન્ને રૂપનું છે, અને આદિ, મધ્ય અને અંત વિનાનું છે. આ આખું જગત બ્રહ્મ જ છે. એ બ્રહ્મ માયા અને ત્રણ ગુણોથી પર રહેલું છે. એ અનંત, ન સમજી શકાય એવું, અખણ્ડ અને પૂર્ણ છે. વળી તે અભેદ, આનંદરૂપ, શુદ્ધ, જ્ઞાનમય, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક, મર્યાદા વિનાનું અને ભેદો વિનાનું છે. તે સચ્ચિદાનંદરૂપ છે અને પોતાની મેળે જ પ્રકાશે છે. મન અને વાણી તેને પહોંચી શકતાં નથી. બધાં વેદાન્તો તેનું જ જ્ઞાન આપે છે. દેશ, કાળ કે વસ્તુ તેને મર્યાદિત કરી શકતાં નથી. એ બ્રહ્મમાં અવિદ્યા, સુવિદ્યા, આનંદ અને તુરીય એવા ચાર પાદો છે. તેમાં ફક્ત પહેલા જ પાદમાં અવિદ્યા અર્થાત્ અજ્ઞાન રહેલું છે. બાકીના ત્રણ પાદોમાં તે તે તત્ત્વ વધુ પ્રમાણમાં હોઈ તે અનુસાર જ તેઓનાં નામ આપવામાં આવ્યાં છે. ખરું જોતાં તો એ પાદોમાં કાંઈ પણ ભેદ છે જ નહિ. એ ત્રણ પાદ જ

ફરી ને ફરી એની એ જાતની પ્રવૃત્તિ કર્યા કરે છે. પરંતુ સંસાર[illegible]
માંથી છૂટી જવાય એવા ઉપાયો કરવાનો તેને વિચાર સ્ફુ[illegible]
આવતો નથી. આથી જે અનિષ્ટ છે તે એને ઇષ્ટ લાગે છે, [illegible]
જે ઇષ્ટ છે તે એને અનિષ્ટ લાગે છે. આ પ્રમાણે થવાનું કા[illegible]
તેનું અજ્ઞાન છે. અંતઃકરણ અત્યંત મલિન હોઈ તેમાં [illegible]
જ્ઞાન કે વૈરાગ્ય પ્રગટ થતાં નથી, અને તેને લીધે અજ્ઞાન [illegible]
બળવાન રહે છે. આ અજ્ઞાનમાંથી બહાર નીકળવાનો [illegible]
એ છે, કે બધા વેદો અને શાસ્ત્રોના સિદ્ધાંતોનો અભ્યા[illegible]
તેનું રહસ્ય જાણવું. એમ કરતાં કરતાં પુણ્યનો પરિપા[illegible]
સત્પુરુષોનો સંગ થાય છે. તેઓનો સમાગમ થતાં [illegible]
અને શું ન કરવું તેની સમજ પડે છે, અને તેને લઈને [illegible]
તરફ વલણ થાય છે. સદાચાર વડે બધાં પાપો નાશ[illegible]
અને અંતઃકરણ નિર્મળ થાય છે. એવું નિર્મળ બને[illegible]
કરણ ગુરુની કૃપાને ઇચ્છે છે. અને ગુરુકૃપા થતાં બધી[illegible]
આવી મળે છે, બધાં બંધનો નાશ પામે છે, અને આ[illegible]
બધા વિઘ્નો દૂર થઈ જાય છે. જેમ જન્મથી જ આં[illegible]
દેખાતું નથી, તેમ ગુરુના ઉપદેશ વિના તત્ત્વજ્ઞાન [illegible]
ગુરુની કૃપા થતાં ભગવાનની કથા સાંભળવામાં [illegible]
વચનોમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, અને તેમ થતાં [illegible]
પ્રબળ વાસનાઓની ગાંઠો તૂટી જાય છે. ત્યાર[illegible]

[illegible]

અને અવિદ્યાનો આવિર્ભાવ થાય છે. તેમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. મહત્‌માંથી અહંકાર, અહંકારમાંથી પાંચ તન્માત્રા, તેમાંથી પાંચ મહાભૂતો અને તેમાંથી અવિદ્યાવાળું ઈંડું ઉત્પન્ન થાય છે. તેમાંથી માયાની ઉપાધિવાળા નારાયણ પ્રગટ થાય છે, અને એ નારાયણ જ અનંતકોટિ બ્રહ્માણ્ડોને ઉત્પન્ન કરે છે. એ નારાયણમાંથી જ બધા લોકો, દેવો, વગેરે ઉત્પન્ન થાય છે, અને એ નારાયણમાં જ આખરે બધાનો લય થાય છે. બ્રહ્મા, શિવ, કાળ, કર્મ, કારણ, કાર્ય, વગેરે સર્વ નારાયણરૂપ જ છે. તેને જાણીને મનુષ્ય મરણને તરી જઈ મુક્ત બને છે.

'આ આખું જગત મહામાયાની લીલા જેવું છે, અને બ્રહ્મ એક અને અજોડ હોઈ તેનાથી જુદું કાંઈ જ નથી. જ્યાં સુધી બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય પૂરું ન થાય, ત્યાં સુધી આ સૃષ્ટિ ચાલુ રહે છે. પરંતુ એ સો વર્ષ પૂરાં થતાં આખું વિશ્વ ત્રિપાદ્‌વિભૂતિ–નારાયણમાં લીન થઈ જાય છે, અને તેમ થતાં બધા જીવો પોતાના મૂળ સ્વરૂપમાં જાય છે.'

શિષ્યે પૂછ્યું: 'ભગવન્! જીવોને આ અનાદિ સંસારનો ભ્રમ કેવી રીતે ઉત્પન્ન થયો અને તેમાંથી છૂટવાનો ઉપાય શો?' ગુરુએ ઉત્તર આપ્યો: 'અનંત જન્મોના અભ્યાસદ્વારા ઊપજેલી અનંત દુષ્કર્મોની વાસનાઓને લીધે મનુષ્યને શરીર અને આત્મા વચ્ચેનો ફરક સમજાતો નથી, અને તેથી તેને "હું અજ્ઞાની છું, હું જીવ છું, હું ખૂબ દુઃખી છું, હું આ અનાદિ સંસારમાં ડૂબેલો છું," વગેરે ભ્રાંતિ થાય છે. એ ભ્રમ જ સંસાર છે, અને તેને ટાળવાનો કોઈ ઉપાય જ નથી. સ્વપ્નના જેવા મિથ્યા વિષયોને ભોગવીને મનુષ્ય ફરી બીજા અતિશય દુર્લભ મનોરથોની તૃપ્તિને માટે દોડે છે. અનેક પ્રકારનાં શરીરો ગ્રહણ કરીને ને તેઓમાં શુભ-અશુભ પ્રારબ્ધ કર્મોને અનુભવે છે, અને એકના એક પ્રકારની વાસનાઓથી ભરેલા અંતઃકરણવાળો ર

ફરી ને ફરી એની એ જાતની પ્રવૃત્તિ કર્યા કરે છે. પરંતુ સંસારમાંથી છૂટી જવાય એવા ઉપાયો કરવાનો તેને વિચાર સુધ્ધાં આવતો નથી. આથી જે અનિષ્ટ છે તે એને ઇષ્ટ લાગે છે, અને જે ઇષ્ટ છે તે એને અનિષ્ટ લાગે છે. આ પ્રમાણે થવાનું કારણ તેનું અજ્ઞાન છે. અંતઃકરણ અત્યંત મલિન હોઈ તેમાં ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય પ્રગટ થતાં નથી, અને તેને લીધે અજ્ઞાન ખૂબ બળવાન રહે છે. આ અજ્ઞાનમાંથી બહાર નીકળવાનો ઉપાય એ છે, કે બધા વેદો અને શાસ્ત્રોના સિદ્ધાંતોનો અભ્યાસ કરી તેનું રહસ્ય જાણવું. એમ કરતાં કરતાં પુણ્યનો પરિપાક થતાં સત્પુરુષોનો સંગ થાય છે. તેઓનો સમાગમ થતાં શું કરવું અને શું ન કરવું તેની સમજ પડે છે, અને તેને લઈને સદાચાર તરફ વલણ થાય છે. સદાચાર વડે બધાં પાપો નાશ પામે છે અને અંતઃકરણ નિર્મળ થાય છે. એવું નિર્મળ બનેલું અંતઃકરણ ગુરુની કૃપાને ઇચ્છે છે, અને ગુરુકૃપા થતાં બધી સિદ્ધિઓ આવી મળે છે, બધાં બંધનો નાશ પામે છે, અને આડે આવતાં બધાં વિઘ્નો દૂર થઈ જાય છે. જેમ જન્મથી જ આંધળાને રૂપ દેખાતું નથી, તેમ ગુરુના ઉપદેશ વિના તત્ત્વજ્ઞાન થતું નથી. ગુરુની કૃપા થતાં ભગવાનની કથા સાંભળવામાં અને દેવમંદિરોમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, અને તેમ થતાં હૃદયમાં રહેલી ખરાબ વાસનાઓની ગાંઠો તૂટી જાય છે. ત્યારબાદ હૃદયમાં રહેલી બધી કામનાઓ નાશ પામે છે, અને પરમાત્મામાં ભક્તિ ઉત્પન્ન થાય છે. પછી વૈરાગ્ય પ્રગટે છે, અને તેને લઈને બુદ્ધિ-વિજ્ઞાનનો આવિર્ભાવ થાય છે. અભ્યાસ વડે એ વિજ્ઞાન દૃઢ થાય છે. અને વિજ્ઞાન દૃઢ થતાં મનુષ્ય જીવન્મુક્ત બને છે. તેને [illegible] વાસનાઓ નાશ પામે છે [illegible] ભક્તિ પ્રગટ થાય છે. [illegible]

થાય છે, અને આખું વિશ્વ નારાયણરૂપ જ દેખાય છે. અને જ્યારે તે પોતાની ઇચ્છાથી દેહ છોડી દે છે, ત્યારે તે મહાનારાયણસ્વરૂપનો જ બની પરમ આનંદને પામે છે.'*

૪૩—અદ્વયતારક ઉપનિષદ (સાર)

ગર્ભવાસ, જન્મ, ઘડપણ, મરણ અને સંસારરૂપ મોટા ભયમાંથી બ્રહ્મ મનુષ્યને તારે છે, માટે તે તારક કહેવાય છે. જીવ અને ઈશ્વરને માયા વડે કલ્પાયેલા જાણી અને નામ-રૂપ વગેરેને નેતિ નેતિ (નથી, નથી) એમ ગણીને છોડી દઈ, જે બાકી રહે તે અદ્વયબ્રહ્મની પ્રાપ્તિને માટે આંતર, બાહ્ય અને મધ્ય એવા ત્રણ લક્ષ્યનું અનુસંધાન કરવું. શરીરમાં મૂલાધારથી બ્રહ્મરન્ધ્ર સુધી સુષુમ્ણા નાડી રહેલી છે. તેમાં સૂક્ષ્મ અને પ્રકાશમય કુંડલિની શક્તિ છે. તેને મન વડે જોઈને મનુષ્ય મુક્ત બને છે. આ તેમજ કપાળની વચમાં તેજનું દર્શન, આંગળી વડે કાનનાં કાણાં બંધ કરી અંદરના શબ્દનું શ્રવણ, આંખની કીકીમાં રહેલી જ્યોતિનું દર્શન, હૃદયમાં મન સ્થિર થતાં અનુભવાતો આનંદ, વગેરે અંતર્લક્ષ્ય કહેવાય છે. નાકના ટેરવાથી ચાર, છ, આઠ અને બાર આંગળ દૂર રહેલા આકાશને જોવાનો અભ્યાસ, તે બહિર્લક્ષ્ય કહેવાય છે. આ બહિર્લક્ષ્ય વડે અનેક રંગો અનુભવાય છે અને પ્રકાશનાં કિરણો દેખાય છે. આંખના ખૂણા પર અથવા ભૂમિ પર જોવાથી નજર સ્થિર થાય છે. માથાની ઉપર બાર આંગળ પર દૃષ્ટિ સ્થિર કરનારને

* આ ઉપનિષદના પહેલા પાંચ અધ્યાયોનો ટૂંક સાર ઉપર આપ્યો છે. ત્યારપછીના ત્રણ અધ્યાયોમાં મહાનારાયણની મંત્રો અને વિધિઓ આદિની ઉપાસનાના આવે છે. વિશેષ જિજ્ઞાસા રાખનારે તેને માટે મૂળમાં જોઈ લેવું.

અમરપણું મળે છે. બ્રહ્મરન્ધ્રમાં રહેલા તેજને જોનારો યોગી બને છે. ત્રીજું મધ્યલક્ષ્ય આ પ્રમાણે છે—કરોડ સૂર્યના પ્રકાશ જેવું જે સૂર્યાકાશ છે તેમાં, અથવા પરમાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ વગેરે પાંચ પ્રકારનાં આકાશમાં દૃષ્ટિ સ્થિર કરવાથી જુદાજુદા પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. અંતર્લક્ષ્ય અને બહિર્લક્ષ્યમાં જ્યારે આંખની ઉઘાડમીંચ તદ્દન અટકી જાય છે, ત્યારે તેને શાંભવી મુદ્રા કહેવાય છે.

ગુરુના ઉપદેશ અનુસાર આ લક્ષ્યોનું અનુસંધાન કરવું કારણ કે ગુરુ જ પરબ્રહ્મ છે, ગુરુ જ પરમગતિ છે અને ગુરુ જ પરાવિદ્યા છે.

૮૪—રામરહસ્ય ઉપનિષદ (સાર)

રામ જ પરબ્રહ્મ છે, રામ જ પરમતપ છે અને રામ જ પરમતત્ત્વ છે. હનુમાન, ગણપતિ, સરસ્વતી, દુર્ગા, ક્ષેત્રપાલ, સૂર્ય, ચંદ્ર, નારાયણ, નરસિંહ, વાસુદેવ, વરાહ, સીતા, લક્ષ્મણ, શત્રુઘ્ન, ભરત, વિભીષણ, સુગ્રીવ, અંગદ, જાંબવાન, અને પ્રણવ વગેરે બધા રામનાં અંગો છે. રામનામના છ કરોડ જપ વડે મનુષ્ય મોટામાં મોટાં પાપોમાંથી છૂટી જાય છે. **ॐ नमो भगवते रामाय सकलापन्निवारणाय स्वाहा**—એ મંત્રનો વિધિપૂર્વક જપ કરવાથી બધી પ્રકારની ઇચ્છા સફળ થાય છે.

૮૫—રામપૂર્વતાપિની ઉપનિષદ (સાર)

[illegible] નિત્ય [illegible] જે વિદ્વાનોમાં [illegible] [illegible] કહેવાય છે. [illegible] [illegible] કરવા [illegible] [illegible] પણ, [illegible] [illegible]

વામાં આવે છે. રામ મંત્ર બ્રહ્માથી માંડીને આખા જગતનો વાચક છે. મન્+ત્રા અર્થાત્ મનન અને ત્રાણ (રક્ષણ) એ બે ઉપરથી 'મન્ત્ર' શબ્દ સિદ્ધ થાય છે. એ મંત્રની સિદ્ધિને માટે યંત્રની જરૂર છે.

જેમ વડના બીજમાં આખું વડનું ઝાડ રહ્યું છે, તેમ રામ-રૂપ બીજમાં આખું સ્થાવર-જંગમ જગત રહેલું છે.

૪૬-રામઉત્તરતાપિની ઉપનિષદ (સાર)

આ શરીર કુરુક્ષેત્ર છે, અને મુક્ત જીવાત્મા તેમાં જ્યાં રહે છે તે બ્રહ્મનું અવિમુક્ત નામનું ધામ છે. જ્યારે મનુષ્ય મરણ પામે છે, ત્યારે એ ધામમાં જ રુદ્ર જીવાત્માને તારક બ્રહ્મનું જ્ઞાન આપે છે અને એને જાણીને તે મુક્ત થાય છે. ગર્ભવાસ, જન્મ, ઘડપણ, મરણ અને સંસારમાંથી તારનારું હોવાથી એ તારક બ્રહ્મ કહેવાય છે.

ૐકારના 'અ' અક્ષરમાંથી લક્ષ્મણ ઉત્પન્ન થયા, 'ઉ' માંથી શત્રુઘ્ન, 'મ્'માંથી ભરત, અને અર્ધમાત્રામાંથી બ્રહ્માનંદ-સ્વરૂપ રામ ઉત્પન્ન થયા. શ્રીરામના સાન્નિધ્યથી જગતનાં બધાં પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનારી પ્રકૃતિ સીતારૂપે થઈ. 'હું સદા એ ૐકાર અને રામચંદ્ર છું' એમ જેઓ કહે છે, તેઓ સંસારી નથી પરંતુ રામરૂપ જ છે.

ઉપર જણાવેલું અવિમુક્ત ધામ વરણા અને નાશીમાં રહેલું હોઈ વારાણસી પણ કહેવાય છે. જે શક્તિ ઇન્દ્રિયોના દોષોનું નિવારણ કરે છે, તે વરણા કહેવાય છે; અને જે શક્તિ ઇન્દ્રિયોનાં પાપોનો નાશ કરે છે, તે નાશી કહેવાય છે. બે ભવાં અને નાક-ના ઉપલા ભાગની સંધિમાં એ અવિમુક્ત ધામ આવેલું છે.

મરણ વખતે રામનો મંત્ર બોલતા બોલતા જે મરણ પામે

છે, તે મુક્ત થાય છે. એ રામચંદ્ર જ પરમ આનંદરૂપ આત્મા અને પરબ્રહ્મ છે. એ જ અખણ્ડ અને એકરસ આત્મા છે. વિષ્ણુ, મહેશ્વર, દેવો, જીવ, સર્વભૂતોના અંતરાત્મા, અસુરો, મનુષ્યો, મત્સ્ય-કૂર્મ વગેરે અવતારો, યમ, મૃત્યુ, પાંચ મહાભૂત, સરસ્વતી, પાર્વતી, લક્ષ્મી, સીતા, આખું ત્રૈલોક્ય, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, પ્રકૃતિ, ૐકાર, વગેરે બધું જ એ રામચંદ્ર છે. એ રામના મંત્ર વડે મોટાંમાં મોટાં પાપોનો પણ નાશ થાય છે.

૪૭–વાસુદેવ ઉપનિષદ (સાર)

વાસુદેવે નારદને કહ્યું:—મને ગમતું અને મારા ભક્તોએ ધારણ કરેલું ચંદન વૈકુણ્ઠમાં ઉત્પન્ન થયું છે. મારા શરીર પર રહેલું એ ચંદન દરરોજ ગોપીઓ વડે ધોવાતું હોઈ ગોપીચંદન કહેવાય છે. કપાળ, પેટ, છાતી, ગળું, બે હાથ વગેરે અંગ પર એ ગોપીચંદનનું ત્રિપુણ્ડ્ર કરવું. એક જ વિષ્ણુ બધા જડ-ચેતન પદાર્થોમાં રહેલા છે. તલમાં તેલની જેમ, લાકડામાં અગ્નિની જેમ, દૂધમાં ઘીની જેમ અને ફૂલમાં સુગંધની જેમ બધા પ્રાણીઓમાં હું જ આત્મારૂપે રહ્યો છું. જેની મારામાં અચળ ભક્તિ હોય છે, તે આવું જ્ઞાન મેળવીને વિષ્ણુલોકમાં જાય છે અને ત્યાંથી પાછો સંસારમાં આવતો નથી.

૪૮–મુદ્ગલ ઉપનિષદ (સાર)

'सहस्रशीर्षा पुरुषः' (હજાર માથાવાળો પુરુષ) અને 'स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद् दशाङ्गुलम्' (તે આખી [illegible]

[illegible]

ભવિષ્ય અને વર્તમાન બધું નારાયણરૂપ જ છે. એ જ બધાંને મોક્ષ આપે છે. એ નારાયણ જ પોતાને ચાર પાદમાં વહેંચી નાખે છે, અને તેમાંના ત્રણ પાદ ઊંચામાં ઊંચા આકાશમાં રાખીને એક પાદ વડે તે આખી સૃષ્ટિરૂપે થાય છે. આખી સૃષ્ટિમાં એ એક જ પરમાત્મા વ્યાપી રહ્યો છે, અને તે જન્મરહિત હોવા છતાં અનેકરૂપે જન્મતો લાગે છે. એ પરમાત્મા અથવા પરબ્રહ્મ હું જ છું એમ માનવું. એ બ્રહ્મમાં આધ્યાત્મિક, આધિદૈવિક કે આધિભૌતિક દુઃખ નથી; ચામડી, માંસ, લોહી, હાડકાં, સ્નાયુ અને મજ્જા નામના છ કોશ નથી; કામ, ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સર નામના છ શત્રુઓ નથી; અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય નામના છ કોશ નથી; ભૂખ, તરસ, શોક, મોહ, ઘડપણ અને મરણ એ છ ઊર્મિઓ પણ નથી; તેમજ તેમાં કુળ, ગોત્ર, જાતિ, વર્ણ, આશ્રમ અને રૂપ નામના છ ભ્રમો પણ નથી. પરમાત્મા જ્યારે આ બધાં સાથે જોડાય છે, ત્યારે તે જીવ થાય છે.

૪૯—શાણ્ડિલ્ય ઉપનિષદ (સાર)

અથર્વા મુનિએ શાણ્ડિલ્યને આ પ્રમાણે યોગનો ઉપદેશ આપ્યો:—

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, એ આઠ યોગનાં અંગો છે. તેમાં અહિંસા, સત્ય, પારકાની વસ્તુ તરફ નિઃસ્પૃહતા, બ્રહ્મચર્ય, દયા, સરળતા, ક્ષમા, ધીરજ, ઓછો ખોરાક અને પવિત્રતા, એ દસ યમો છે. તપ, સંતોષ, શ્રદ્ધા, દાન, ઈશ્વરપૂજન, વેદાંતવિચાર, વિનય, વેદમાં કહેલાં કર્મોમાં શ્રદ્ધા અને જપ, એ દસ નિયમો છે. સ્વસ્તિક, ગોમુખ, પદ્માસન, વીરાસન, સિંહ, મુક્ત, ભદ્ર, અને મયૂર, એ આઠ આસનો છે. એ આસનો કરવાથી શરીરના

તે એક, સર્વવ્યાપક, સૂક્ષ્મ, દોષરહિત, નિષ્ક્રિય, સત્-ચિત્-[illegible]
આનંદરૂપ, શાંત અને અમર છે. એ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન મેળવી [illegible]
પછી સર્વના ઈશ્વર, સર્વના અંતરાત્મા અને સર્વને ઉત્પ[illegible]
કરનાર એવા તેના સગુણરૂપને જાણવું. વિશ્વની ઉત્પત્તિ, સ્થિ[illegible]
અને સંહારનું કારણ પણ એ બ્રહ્મ જ છે.

૫૦—પૈંગલ ઉપનિષદ (સાર)

પૈંગલમુનિએ યાજ્ઞવલ્કયને પરમરહસ્ય વિશે પ્રશ્ન [illegible]
તેના ઉત્તરમાં યાજ્ઞવલ્કયે કહ્યું:—સૌથી પહેલાં સતરૂપ બ્રહ્[illegible]
તે નિત્ય, મુક્ત, વિકારરહિત અને સત્-ચિત્-આનંદ[illegible]
જેમ રણમાં પાણી (મૃગજળ) હોય અને છીપમાં રૂપું હોય [illegible]
બ્રહ્મમાં ત્રણ ગુણવાળી મૂલ પ્રકૃતિ હતી; અને તેમાં ચૈત[illegible]
પ્રતિબિંબ પડ્યું, તે સાક્ષિચૈતન્ય કહેવાયું. એ મૂલ પ્ર[illegible]
સત્વગુણપ્રધાન અવ્યક્ત નામની આવરણશક્તિ ઉ[illegible]
તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું, તે ઈશ્વરચૈતન્[illegible]
એ ઈશ્વરચૈતન્ય જ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને સં[illegible]
એ અવ્યક્તમાંથી રજોગુણપ્રધાન મહત્ નામની [illegible]
ઉત્પન્ન થઈ. તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું, [illegible]
[illegible]ચૈતન્ય થયું. એ મહત્તત્વમાંથી તમોગુણપ્ર[illegible]
નામની શક્તિ ઉત્પન્ન થઈ [illegible]માંથી આકાશ[illegible]
તેમાંથી તેજ. તેમાંથી [illegible] તેમાંથી પૃથ્વી—[illegible]
[illegible]

લીન કરવું.

ચિત્તનાશના બે માર્ગ છે: યોગ અને જ્ઞાન. યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ, અને જ્ઞાન એટલે ચિત્તનું બરાબર નિરીક્ષણ. મનનો નિરોધ થતાં તે તદ્દન શાંત બની જાય છે, અને મન શાંત થતાં આ સંસાર પણ શાંત થઈ જાય છે. શરીરના જુદાજુદા ભાગ પર, સ્થિર બનેલા મનનું ધારણ કરવાથી જુદાજુદા લોકોનું જ્ઞાન થાય છે; જેમકે, નાકના ટેરવા પર ધારણ કરવાથી ઇન્દ્રલોકનું, તેની નીચે સંયમ કરવાથી અગ્નિલોકનું, વગેરે. જુદીજુદી વસ્તુઓ પર તેનું ધારણ કરવાથી જુદીજુદી યોગની શક્તિઓ પ્રાપ્ત થાય છે; જેમકે, બીજાના ચિત્ત પર સંયમ કરવાથી તેના મનના વિચારો જાણી શકાય છે, શરીરના રૂપ પર સંયમ કરવાથી અદૃશ્ય થવાની શક્તિ મળે છે, વગેરે.

પાંચ પ્રકારના વિષયોમાં ભટકતી ઇન્દ્રિયોને બળ વડે પાછી ખેંચવી, તે પ્રત્યાહાર કહેવાય છે. જે કાંઈ દેખાય છે તે બધું આત્મા જ છે, એવો વિચાર પ્રત્યાહાર છે. કર્મફળનો ત્યાગ પણ પ્રત્યાહાર છે. ધારણાના ત્રણ પ્રકાર છે: આત્મામાં મનને એકાગ્ર કરવું, હૃદયના આકાશમાં બહારના આકાશની ધારણા કરવી, અને પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોમાં મનની ધારણા કરવી. ધ્યાન બે પ્રકારનું છે: સગુણ અને નિર્ગુણ. મૂર્તિનું ધ્યાન સગુણ છે, અને આત્માનું ધ્યાન નિર્ગુણ છે. જીવાત્મા અને પરમાત્માની એકતા થતાં બધી ત્રિપુટીઓનો લય થઈ જે પરમાનંદ-સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય-અવસ્થા બાકી રહે છે, તે સમાધિ છે.

બ્રહ્મ સત્ય, વિજ્ઞાન અને અનંતરૂપ છે. તે બ્રહ્મમાં જ આ આખું વિશ્વ ઓતપ્રોત રહે છે. તેનું જ્ઞાન થતા બધું જણાય છે. એ બ્રહ્મ હાથ, પગ, આંખ, કાન વગેરેથી રહિત છે, મન અને વાણીથી પર છે, અને એકમાત્ર જ્ઞાન વડે જ મેળવી શકાય છે.

તે એક, સર્વવ્યાપક, સૂક્ષ્મ, દોષરહિત, નિષ્ક્રિય, સત્-ચિત્-આનંદરૂપ, શાંત અને અમર છે. એ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન મેળવી, પછી સર્વના ઈશ્વર, સર્વના અંતરાત્મા અને સર્વને ઉત્પન્ન કરનાર એવા તેના સગુણરૂપને જાણવું. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું કારણ પણ એ બ્રહ્મ જ છે.

૫૦—પૈંગલ ઉપનિષદ (સાર)

પૈંગલમુનિએ યાજ્ઞવલ્ક્યને પરમરહસ્ય વિષે પ્રશ્ન પૂછ્યો, તેના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્યે કહ્યું:—સૌથી પહેલાં સત્રૂપ બ્રહ્મ જ હતું. તે નિત્ય, મુક્ત, વિકારરહિત અને સત્-ચિત્-આનંદરૂપ હતું. જેમ રણમાં પાણી (મૃગજળ) હોય અને છીપમાં રૂપું હોય, તેમ એ બ્રહ્મમાં ત્રણ ગુણવાળી મૂળ પ્રકૃતિ હતી; અને તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું, તે સાક્ષિચૈતન્ય કહેવાયું. એ મૂળ પ્રકૃતિમાંથી સત્ત્વગુણપ્રધાન અવ્યક્ત નામની આવરણશક્તિ ઉત્પન્ન થઈ. તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું, તે ઈશ્વરચૈતન્ય કહેવાયું. એ ઈશ્વરચૈતન્ય જ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લયનું કારણ છે. એ અવ્યક્તમાંથી રજોગુણપ્રધાન મહત્ નામની વિક્ષેપશક્તિ ઉત્પન્ન થઈ. તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું, તે હિરણ્યગર્ભ ચૈતન્ય થયું. એ મહત્તત્ત્વમાંથી તમોગુણપ્રધાન અહંકાર [illegible] શક્તિ ઉત્પન્ન થઈ. આત્મામાંથી આકાશ, તેમાંથી વાયુ, [illegible] તેજ, તેમાંથી જળ અને તેમાંથી પૃથ્વી—એ ક્રમે પાંચ [illegible] અને સૂક્ષ્મ [illegible] ઉત્પન્ન થયાં; અને એ પંચ [illegible] ઉત્પન્ન થયું.

[illegible] મનોમય, વિજ્ઞાનમય અને [illegible] આનંદમય [illegible]

તા, અને તેથી તેમને આ જગતના કોઈ પણ વિષયમાં પ્રીતિ તી નહિ. વળી તેમણે પોતાની સૂક્ષ્મ બુદ્ધિ વડે જાણી લીધું તું કે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ તેઓ પોતે જ છે. પરંતુ તેમના નમાં એક શંકા રહી ગઈ હતી, અને તે એ કે, આ બધું જગત ઉત્પન્ન થયું કેવી રીતે અને તેનો નાશ કેવી રીતે થાય? આ પ્રશ્ન પૂછવા તેઓ તેમના પિતા શ્રીવેદવ્યાસ પાસે ગયા. શ્રીવેદવ્યાસે એમને વિદેહનગરીના રાજા જનક પાસે જવાનું કહ્યું. આથી શુકદેવજી જનકરાજાને ત્યાં ગયા. જનકરાજાએ તેમના વૈરાગ્યની અનેક રીતે પરીક્ષા કરી. તે સર્વમાંથી શુકદેવજી પાર ઊતર્યા. ત્યારબાદ શુકદેવજીએ પોતાની શંકા જનકરાજાને કહી. ત્યારે જનકે તેમને ઉત્તર આપ્યો કે, જગત તો મનની કલ્પના વડે જ ઉત્પન્ન થયું છે અને એ કલ્પનાનો નાશ થતાંની સાથે જ જગતનો નાશ થઈ જાય છે. જે બધું દેખાય છે તેમાંનું કશું છે જ નહિ એવું જ્ઞાન થતાં મનનો નાશ થઈ જાય છે, અને એ અવસ્થાને જ પરનિર્વાણ કહેવાય છે. બધી વાસનાઓનો સદંતર ત્યાગ, એ જ સાચો મોક્ષ છે; જ્યારે જગતના પદાર્થો છે એવી દઢ ભાવના રાખવી, એ જ બંધન છે. જે માણસને ભોગોમાં પ્રીતિ નથી, સુખદુઃખ, હરખશોક વગેરે લાગતાં નથી, અને જેણે અહંકારથી ભરેલી વાસનાઓને છોડી દીધી છે, તે જીવન્મુક્ત કહેવાય છે. જે માણસને રાગદ્વેષ, ધર્મઅધર્મ વગેરે અડકતા નથી, જેને અહંભાવ કે માનઅપમાન નથી, અને જે આત્મામાં જ પ્રીતિ રાખે છે, તે જીવન્મુક્ત છે. જે માણસ કર્મો કરતો છતાં દુઃખ પામતો નથી તેમજ કર્મોનાં ફળની ઇચ્છા પણ રાખતો નથી, અને આ આખું દૃશ્ય જગત જેણે મનથી ત્યજી દીધું છે, તે જીવન્મુક્ત છે. જે માણસને ગમે તેવા સ્વાદવાળું ભોજન પણ ચાલે છે, જેને જન્મ, મરણ, ઘડપણ, ગરીબાઈ, વૈભવ, દુઃખ વગેરેમાં પણ સમભાવ છે, અને

જીવન્મુક્ત થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમથી ઊલટા ક્રમે પંચમહાભૂત વગેરેનો પોતપોતાના કારણમાં લય કરીને એ જીવન્મુક્ત જ્યારે દેહ છોડી દે છે, ત્યારે વિદેહમુક્ત બને છે. એવો જ્ઞાની તીર્થમાં કે ચંડાળના ઘરમાં શરીર ત્યજે, તોપણ તેની તો મુક્તિ જ થાય છે. જેમ પાણીમાં પાણી નાખીએ તો તે એકરૂપ બની જાય છે, તેમ એ જ્ઞાની પણ બ્રહ્મમાં એકરૂપ બની જાય છે. 'હું બ્રહ્મ છું' એવો નિશ્ચય જ મોક્ષપ્રાપ્તિનું કારણ છે. 'મમ'ભાવ(મારાપણા)થી જીવને બંધન થાય છે. પણ મનની ઉન્મની અવસ્થામાં એ મમભાવરૂપ દ્વૈત રહેતું નથી. આથી મનની ઉન્મની અવસ્થા જ પરમપદ છે.

૫૧–ભિક્ષુક ઉપનિષદ (સાર)

ભિક્ષુકો ચાર પ્રકારના છે: કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ. તેઓ બધાના બહારના વેશ અને આચારો જુદાજુદા હોવા છતાં, તેઓ સર્વે મોક્ષની જ ઇચ્છા રાખનારા હોય છે.

૫૨–મહોપનિષદ• (સાર)

[illegible] ઉત્પન્ન થયું તે પહેલાં એક નારાયણ જ હતા. [illegible] ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર, [illegible] ઉપજાવ્યું.

[illegible]

• [illegible]

તા, અને તેથી તેમને આ જગતના કોઈ પણ વિષયમાં પ્રીતિ તી નહિ. વળી તેમણે પોતાની સૂક્ષ્મ બુદ્ધિ વડે જાણી લીધું તું કે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ તેઓ પોતે જ છે. પરંતુ તેમના નમાં એક શંકા રહી ગઈ હતી, અને તે એ કે, આ બધું જગત ઉત્પન્ન થયું કેવી રીતે અને તેનો નાશ કેવી રીતે થાય? આ પ્રશ્ન પૂછવા તેઓ તેમના પિતા શ્રીવેદવ્યાસ પાસે ગયા. શ્રીવેદવ્યાસે એમને વિદેહનગરીના રાજા જનક પાસે જવાનું કહ્યું. આથી શુકદેવજી જનકરાજાને ત્યાં ગયા. જનકરાજાએ તેમના વૈરાગ્યની અનેક રીતે પરીક્ષા કરી. તે સર્વમાંથી શુકદેવજી પાર ઊતર્યા. ત્યારબાદ શુકદેવજીએ પોતાની શંકા જનકરાજાને કહી. ત્યારે જનકે તેમને ઉત્તર આપ્યો કે, જગત તો મનની કલ્પના વડે જ ઉત્પન્ન થયું છે અને એ કલ્પનાનો નાશ થતાંની સાથે જ જગતનો નાશ થઈ જાય છે. જે બધું દેખાય છે તેમાંનું કશું છે જ નહિ એવું જ્ઞાન થતાં મનનો નાશ થઈ જાય છે, અને એ અવસ્થાને જ પરનિર્વાણ કહેવાય છે. બધી વાસનાઓનો સદંતર ત્યાગ, એ જ સાચો મોક્ષ છે; જ્યારે જગતના પદાર્થો છે એવી દૃઢ ભાવના રાખવી, એ જ બંધન છે. જે માણસને ભોગોમાં પ્રીતિ નથી, સુખદુઃખ, હરખશોક વગેરે લાગતાં નથી, અને જેણે અહંકારથી ભરેલી વાસનાઓને છોડી દીધી છે, તે જીવન્મુક્ત કહેવાય છે. જે માણસને રાગદ્વેષ, ધર્મઅધર્મ વગેરે અડકતા નથી, જેને અહંભાવ કે માનઅપમાન નથી, અને જે આત્મામાં જ પ્રીતિ રાખે છે, તે જીવન્મુક્ત છે. જે માણસ કર્મો કરતો છતાં દુઃખ પામતો નથી તેમજ કર્મોનાં ફળની ઇચ્છા પણ રાખતો નથી, અને આ આખું દૃશ્ય જગત જેણે મનથી ત્યજી દીધું છે, તે જીવન્મુક્ત છે. જે માણસને ગમે તેવા સ્વાદવાળું ભોજન પણ ચાલે છે, જેને જન્મ, મરણ, ઘડપણ, ગરીબાઈ, વૈભવ, દુઃખ વગેરેમાં પણ સમભાવ છે, અને

જેમ સ્વપ્ન નાશ પામે છે, તેમ કલ્પનો છેડો આવતાં આ સઘળું જડ અને ચેતન જગત નાશ પામી જાય છે. જેમ સોનાનું [illegible] સોનાથી જુદું નથી, તેમ આ જગત પરમતત્ત્વથી જુદું નથી. પરમતત્ત્વ જ આ જગતરૂપ જાદુ રચે છે. જ્યારે દ્રષ્ટા (જોનાર) દૃશ્ય વસ્તુમાં બંધાઈ જાય છે, ત્યારે બંધન થાય છે, અને [illegible] દ્રષ્ટા ફરી પાછો દૃશ્ય વસ્તુના અભાવ વડે મુક્ત [illegible] મન જ આ જગત રૂપ જાદુના ખેલ બતાવે છે. આથી [illegible] સુધી મન છે, ત્યાં સુધી મોક્ષ મળવો શક્ય નથી. અને મન [illegible] માત્ર સંકલ્પરૂપ છે. જ્યાં જ્યાં સંકલ્પ છે, ત્યાં ત્યાં મન છે. આથી સંકલ્પો શાન્ત બની જતાં મન પણ નાશ પામે [illegible] અને માત્ર આત્મસ્વરૂપ જ બાકી રહી જાય છે. જ્યારે ચેતન એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર જાય છે, ત્યારે એ બંને [illegible] માં એ બંને વિનાની જે અવસ્થા છે, તેને ચિદાકાશ કહેવાય [illegible] એ તું બધા સંકલ્પો છોડી દઈ એ ચિદાકાશમાં સ્થિર [illegible] તો જરૂર તું પરમ શાન્તિની અવસ્થાને પ્રાપ્ત કરીશ. [illegible] ચિત્ત જ સંસારરૂપ છે, અને તે જ શાન્ત બની જતાં [illegible] અંત આવે છે. મન વડે ભાવના કરવાથી જ શરીર [illegible] બન્યું છે, અને તેથી શરીરની વાસના (ભાવના) દૂર [illegible] [illegible] ના મનમાં તને લાગશે નહિ. વિચાર ન કરવારૂપ [illegible] જ્યારે ચિત્તનો નાશ કરાય છે, ત્યારે સર્વ [illegible] [illegible] થાય છે. [illegible] વિનાનું મન તો [illegible] [illegible] કારણ કે [illegible] [illegible] વિનાનું [illegible] [illegible] જ તું બધા [illegible] [illegible] મનનો [illegible] [illegible] મન [illegible] જ મનનો નાશ [illegible] [illegible]

અને સાધુસંગ. એમાંના કોઈ પણ એકને તું તારો કરી લે.. એક વશ થતાં એ બધા ય તારે વશ થઈ જશે. સૌથી પહેલાં સંસારમાંથી છૂટવાને માટે તારી બુદ્ધિને શાસ્ત્રોના અભ્યાસ વડે શુદ્ધ બનાવ. શાસ્ત્રના અભ્યાસ વડે અને ગુરુ પરની શ્રદ્ધા વડે તું આત્માની પ્રાપ્તિ કરી શકીશ. જો તું સતત સંકલ્પ અને આશાનો ત્યાગ કરતો રહેશે, તો તારું ચિત્ત નાશ પામી જશે. ચિત્તનું શાન્ત બની જવું, તે જ સમાધિ છે અને તે જ મુક્તિ છે. માટે ચિત્તને છોડી દઈને તું મૂંગા, આંધળા અને બહેરાની જેમ રહે. જે તને દેખાય છે તે આ આખું જગત માત્ર ચૈતન્યનો ઝબકારો જ છે અને તેનાથી જુદું નથી. માટે તું હમેશ જ્ઞાન પામેલો હોઈ અને હમેશ આત્માને જાણતો હોઈ શાન્ત મહા-સાગરની જેમ સ્થિર થા. તત્ત્વનું જ્ઞાન થવું, એ જ ખરી સમાધિ છે અને નહિ કે સૂનમૂન બની બેસી રહેવું. કારણ કે આત્મામાં કરવાપણું કે ન કરવાપણું છે જ નહિ. ગુરુ અને શાસ્ત્ર વડે બતાવાયેલા માર્ગે અને તારા પોતાના અનુભવ વડે એમ નિશ્ચયપૂર્વક જાણ કે 'હું બ્રહ્મ જ છું,' અને એ જ્ઞાન વડે શાન્તિને પ્રાપ્ત કર. સર્વ વિષયો પ્રત્યેના વૈરાગ્ય વડે જ્ઞાન મળે છે. જેનો દિશાઓરૂપ ભ્રમ નાશ પામ્યો છે, તેને પણ પહેલાંની જેમ જ દિશાઓ તો ભાસમાન થાય જ છે. તેવી જ રીતે જ્ઞાન થતાં, જગત બહારથી દેખાતું હોવા છતાં ખરું જોતાં તો તે નથી જ એમ નિશ્ચયપૂર્વક જાણ. દુનિયાનું સારુંનરસું જોવા, સાંભળવા અને ભોગવવા છતાં જેને હરખશોક થતા નથી, તે જ ખરેખરો શાન્ત માણસ કહેવાય છે. જે નથી મળ્યું તેની ઇચ્છા નથી કરતો, અને જે મળ્યુ છે તેને ભોગવે છે, તે જ ખરો સંતોષી છે. જે વખતે જે મળે તેમાં જે માણસ સંતોષ માને છે, તેને આનંદ આપનારી જીવન્મુક્ત અવસ્થા આપોઆપ આવી મળે છે. તેને માટે કરવાનું કે ન કરવાનું કાંઈ રહેતું નથી. બરફીપમાં પડનાં

જેમ સ્વપ્ન નાશ પામે છે, તેમ કલ્પનો છેડો આવતાં આ સારું જડ અને ચેતન જગત નાશ પામી જાય છે. જેમ સોનાનું ઘરેણું સોનાથી જુદું નથી, તેમ આ જગત પરમતત્ત્વથી જુદું નથી. એ પરમતત્ત્વ જ આ જગતરૂપ જાદુ રચે છે. જ્યારે દ્રષ્ટા (જોનારો) દૃશ્ય વસ્તુમાં બંધાઈ જાય છે, ત્યારે બંધન થાય છે; અને એ જ દ્રષ્ટા ફરી પાછો દૃશ્ય વસ્તુના અભાવ વડે મુક્ત બને છે. મન જ આ જગત રૂપ જાદુના ખેલ બતાવે છે. આથી જ્યાં સુધી મન છે, ત્યાં સુધી મોક્ષ મળવો શક્ય નથી. અને મન તો માત્ર સંકલ્પરૂપ છે. જ્યાં જ્યાં સંકલ્પ છે, ત્યાં ત્યાં મન છે. આથી સંકલ્પો શાન્ત બની જતાં મન પણ નાશ પામે છે અને માત્ર આત્મસ્વરૂપ જ બાકી રહી જાય છે. જ્યારે ચેતન એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર જાય છે, ત્યારે એ બેની વચ્ચે આ એ બંને વિનાની જે અવસ્થા છે, તેને ચિદાકાશ કહેવાય છે. જો તું બધા સંકલ્પો છોડી દઈ એ ચિદાકાશમાં સ્થિર બનશે, તો જરૂર તું પરમ શાન્તિની અવસ્થાને પ્રાપ્ત કરીશ. હે નિદાઘ! ચિત્ત જ સંસારરૂપ છે, અને તે જ શાન્ત બની જતાં સંસારનો અંત આવે છે. મન વડે ભાવના કરવાથી જ શરીર શરીરરૂપ બને છે, અને તેથી શરીરની વાસના (ભાવના) દૂર [illegible] [illegible] વિચાર ન કરવારૂપ [illegible] [illegible] [illegible] મન તો [illegible] [illegible] [illegible]

માણસને ચાર પ્રકારના નિશ્ચય થાય છે: હું પગથી માથા સુધીનો અને માબાપ વડે જન્મ પામેલો છું, એ પહેલો નિશ્ચય છે અને તે બંધનકારક છે. હું બધા પદાર્થથી જુદો અને અતિશય સૂક્ષ્મ છું, એવો બીજો નિશ્ચય છે અને તે મોક્ષદાયી છે. જે જે વસ્તુ આ જગતમાં રહેલી છે તે તે બધી હું જ છું, એવો ત્રીજો નિશ્ચય પણ મોક્ષ આપનારો છે. અને હું તેમજ આ આખું જગત આકાશની જેમ શૂન્ય છીએ અર્થાત્ છીએ જ નહિ, એવો ચોથો નિશ્ચય પણ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. બહારથી બધી ક્રિયા કરતો હોવા છતાં અંદર હૃદયમાં ક્રિયારહિત બનીને તું વિહાર કર. ઉત્પત્તિ અને નાશ બન્નેથી પર રહેલા અને ઘડપણ તેમજ મરણ વિનાના અને તદ્દન શાન્ત એવા પરમપદમાં તું સ્થિર બન. એ જ શુદ્ધ અને શાન્ત બ્રાહ્મી સ્થિતિ છે. હું ચૈતન્ય છું, આ લોકો ચૈતન્ય છે, આ દિશાઓ ચૈતન્ય છે, અને આ પ્રાણીમાત્ર ચૈતન્ય જ છે. હું તો હમેશ રહેનારો, ચૈતન્યસ્વરૂપ, દ્રષ્ટા, સાક્ષી, પૂર્ણજ્યોતિસ્વરૂપ, શાન્ત અને સર્વ સંકલ્પ વિનાનો છું, એમ નિશ્ચય કરીને નિર્વિકલ્પ અવસ્થામાં જઇ સ્વસ્થ બની જા.

૫૩—શારીરક ઉપનિષદ (સાર)

પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનું શરીર બને છે. તેમાં જે કઠણ ભાગ છે તે પૃથ્વીનો અંશ છે. જે પ્રવાહી છે તે જળનો અંશ છે. જે ગરમી છે તે તેજનો અંશ છે. જે આમતેમ ફરે છે તે વાયુ છે, અને જે ખાલી જગા છે તે આકાશ છે. કાન વગેરે જ્ઞાનેન્દ્રિયો અને શબ્દ વગેરે તેઓના વિષયો આકાશ વગેરે મહાભૂતોમાંથી ક્રમશઃ ઉત્પન્ન થાય છે. મન, બુદ્ધિ, અહંકાર ... એ ચાર અંતઃકરણો કહેવાય છે. હાડકાં, ચામડી, ...ડીં, અને માંસ એ શરીરમાં પૃથ્વીનો ભાગ છે. મૂત્ર, ... વીર્ય અને પરસેવો એ પાણીનો ભાગ છે. ભૂખ,

પદાર્થોને પોતાથી જુદા તરીકે જુએ છે, ત્યારે તે ચિત્શક્તિ જ સંકલ્પરૂપ થાય છે. એ સંકલ્પો પોતાની મેળે જ વધે છે અને દુઃખદાયક થાય છે. માટે એ સંકલ્પનો નાશ કરીને આત્મામાં સ્થિર બની જા.

તું જે હો તે હો, અને એ સહજ રૂપે જ આ જગતમાં લહેરથી રહે. પણ દરેક ઠેકાણે હું કર્તા નથી એવી ભાવના રાખ, અને બધા પ્રસંગોમાં સમતા રાખ. તારા સંકલ્પનો નાશ થઈ જતાં દુઃખ, સુખ, ભોગવિલાસ વગેરેમાં સમતા (સમાન-સરખાપણું) આપોઆપ આવી જશે. અથવા તો, હે નિદાઘ મુનિ! કરવાપણું તેમજ નહિ કરવાપણું એ બન્નેને છોડી દઈ મનને (ઘોળીને) પી જા, અને તું જેવો હો તેવો સ્થિર બની જ[illegible] હું જુદો અને આ જુદું એવી ભ્રાન્તિને તું છોડી દે.

જે સત્યની સાથે અસત્ય રહેલું છે, રજ્જુની સાથે [illegible] રહેલું છે, સુખની સાથે દુઃખ રહેલું છે, તો તેમાંથી માત્ર [illegible] નો જ સ્વીકાર કેવી રીતે થઈ શકે? જેમ ઝાડને કુહાડા [illegible] [illegible] પદાર્થ, તેમ મનને મન વડે જ કાપીને અને પરમ[illegible] [illegible] તું સ્થિર બની જા. દોરડા વડે બંધાયેલાને તો [illegible] છોડાવી શકે છે, પરંતુ તૃષ્ણા વડે બંધાયેલાને [illegible] [illegible] માટે, હે નિદાઘ! સંકલ્પને છોડી [illegible] [illegible] અને માત્ર [illegible] [illegible]

માણસને ચાર પ્રકારના નિશ્ચય થાય છે: હું પગથી માથા સુધીનો અને માબાપ વડે જન્મ પામેલો છું, એ પહેલો નિશ્ચય છે અને તે બંધનકારક છે. હું બધા પદાર્થથી જુદો અને અતિશય સૂક્ષ્મ છું, એવો બીજો નિશ્ચય છે અને તે મોક્ષદાયી છે. જે જે વસ્તુ આ જગતમાં રહેલી છે તે તે બધી હું જ છું, એવો ત્રીજો નિશ્ચય પણ મોક્ષ આપનારો છે. અને હું તેમજ આ આખું જગત આકાશની જેમ શૂન્ય છીએ અર્થાત્ છીએ જ નહિ, એવો ચોથો નિશ્ચય પણ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. બહારથી બધી ક્રિયા કરતો હોવા છતાં અંદર હૃદયમાં ક્રિયારહિત બનીને તું વિહાર કર. ઉત્પત્તિ અને નાશ બન્નેથી પર રહેલા અને ઘડપણ તેમજ મરણ વિનાના અને તદ્દન શાન્ત એવા પરમપદમાં તું સ્થિર બન. એ જ શુદ્ધ અને શાન્ત બ્રાહ્મી સ્થિતિ છે. હું ચૈતન્ય છું, આ લોકો ચૈતન્ય છે, આ દિશાઓ ચૈતન્ય છે, અને આ પ્રાણીમાત્ર ચૈતન્ય જ છે. હું તો હમેશ રહેનારો, ચૈતન્યસ્વરૂપ, દ્રષ્ટા, સાક્ષી, પૂર્ણજ્યોતિસ્વરૂપ, શાન્ત અને સર્વ સંકલ્પ વિનાનો છું, એમ નિશ્ચય કરીને નિર્વિકલ્પ અવસ્થામાં જઇ સ્વસ્થ બની જા.

૫૩—શારીરક ઉપનિષદ (સાર)

પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનું શરીર બને છે. તેમાં જે કઠણ ભાગ છે તે પૃથ્વીનો અંશ છે. જે પ્રવાહી છે તે જળનો અંશ છે. જે ગરમી છે તે તેજનો અંશ છે. જે આમતેમ ફરે છે તે વાયુ છે, અને જે ખાલી જગા છે તે આકાશ છે. કાન વગેરે જ્ઞાનેન્દ્રિયો અને શબ્દ વગેરે તેઓના વિષયો આકાશ વગેરે મહાભૂતોમાંથી ક્રમશઃ ઉત્પન્ન થાય છે. મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એ ચાર અંતઃકરણો કહેવાય છે. હાડકાં, ચામડી, નાડી, રૂંવાડાં, અને માંસ એ શરીરમાં પૃથ્વીનો ભાગ છે. મૂત્ર, લીંટ, લોહી, વીર્ય અને પરસેવો એ પાણીનો ભાગ છે. ભૂખ,

તરસ, આળસ, મોહ અને મૈથુન એ તેજનો ભાગ છે. ગતિ, આંખની પાંપણનું બંધ-ઉઘાડ થવું વગેરે વાયુનો ભાગ છે. અને કામ, ક્રોધ, લોભ, મોહ અને ભય એ આકાશનો ભાગ છે. અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, ક્રોધરહિતપણું, પવિત્રતા, સંતોષ વગેરે સાત્વિક ગુણો છે. હું કર્તા છું, હું ભોક્તા છું, વગેરે બોલવારૂપ અભિમાન એ રાજસ ગુણ છે. ઊંઘ, આળસ, મોહ, મૈથુન, ચોરી વગેરે તામસ ગુણો છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એવી આત્માની ચાર અવસ્થાઓ છે. મન, બુદ્ધિ, અહંકાર, અને પાંચ મહાભૂત એ આઠ પ્રકૃતિઓ કહેવાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ મળીને સત્તર તત્વનું લિંગશરીર બને છે. પ્રકૃતિ, મહાન, અહંકાર, મન, પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અને પાંચ મહાભૂત મળી ચોવીસ તત્વો કહેવાય છે. અને પુરુષ એ ચોવીસ તત્વોથી પર છે.

૫૮—યોગશિખોપનિષદ (સાર)

સુખ-દુઃખ, કામ-ક્રોધ અને જન્મ-મૃત્યુ વગેરે દોષથી [illegible] કહેવાય છે. અને એ બધા દોષો દૂર થતાં તે જ [illegible] ટાળવા માટે બે ઉપાયો છે— [illegible]

[illegible] પ્રાણાયામ, બંધ, [illegible] નું [illegible]

૫૫—તુરીયાતીત ઉપનિષદ (સાર)

અવધૂતનો માર્ગ આ જગતમાં અતિ દુર્લભ છે. એનું ચિત્ત હમેશ નારાયણમાં જ રહે છે, અને નારાયણ તેનામાં રહે છે. એ અવધૂત ક્રમે કરીને કુટીચક, બહૂદક અને હંસ નામની સંન્યાસની અવસ્થાઓમાંથી પસાર થઇને છેવટે પરમહંસ દશામાં રહીને દણ્ડ, કમંડળ, અને વસ્ત્રો સુદ્ધાં બધી વસ્તુનો ત્યાગ કરે છે. તે પુણ્ય અને પાપને, જ્ઞાન અને અજ્ઞાનને તેમજ ટાઢ, ગરમી, સુખ, દુઃખ વગેરે બધાંને છોડી દે છે, અને લાભ–નુકસાનને સરખાં ગણે છે. બધાથી ઊંચું અને સર્વવ્યાપક એવું અદ્વૈત એ જ તેનો સિદ્ધાંત છે, અને પોતાથી જુદું એવું બીજું કાંઈ જ નથી એમ એ નિશ્ચયપૂર્વક માને છે. તે દુઃખમાં દુઃખી થતો નથી તેમજ સુખમાં હરખાતો નથી. પરંતુ માત્ર પરમતત્ત્વનો આધાર રાખીને અને બધું ભૂલી જઇને તે તુરીયાતીત નામની અવધૂતદશામાં રહે છે.

૫૬—સંન્યાસ ઉપનિષદ (સાર)

સંન્યાસ લેવા ઇચ્છનારે પોતાના વ્યવહારનો બધો ભાર પોતાના પુત્ર ઉપર છોડી દેવો, અને પછી માથું મૂંડાવી તેમજ જનોઈ ઉતારી નાખી સંન્યાસી બની જવું. સંન્યાસી બન્યા પછી માત્ર ઓસડની જેમ શરીર ટકાવી રાખવા પૂરતો ખોરાક ભિક્ષા માગીને ખાવો. બધી વસ્તુઓ પર વૈરાગ્યવાળો, શુદ્ધ ચિત્તવાળો તેમજ આશા, અદેખાઇ, અહંકાર વગેરે વિનાનો માણસ જ સંન્યાસ લેવાને લાયક છે.

સંન્યાસીઓ ચાર જાતના છે: વૈરાગ્યસંન્યાસી, જ્ઞાનસંન્યાસી, જ્ઞાનવૈરાગ્યસંન્યાસી અને કર્મસંન્યાસી. (આ ચાર જાતના વર્ણનને માટે જુઓ નારદપરિવ્રાજક ઉપનિષદનો સાર.) સંન્યાસીઓની અવસ્થા છ પ્રકારની છે: કુટીચક, બહૂદક, હંસ,

પરમહંસ, તુરીયાતીત, અને અવધૂત. સંન્યાસીએ હમેશ આત્મા-ના અનુસંધાનમાં ચિત્ત રાખવું. એના સિવાય બીજાં શાસ્ત્રો-અભ્યાસ નકામો છે. સંન્યાસીએ બાળક, ગાંડા અથવા પિશા-ચની જેમ રહેવું. આખું જગત અથવા પોતે પણ છે જ નહિ એમ જોવું ગણવું. દેહ વગેરે તો અચેતન છે અને હું પોતે અચેતન નથી જ, તેમ જ હું તો બહાર અને અંદર ખાલી રહેલો અને શાન્ત, નિર્દોષ તેમજ વિકલ્પરહિત છું. આ મન વગેરે આખી સૃષ્ટિ મારારૂપ ચેતન વડે જ ભાસે છે. આ ઇન્દ્રિયોની વૃત્તિઓ મારા વડે જ ઊઠે છે. આત્મસ્વરૂપ નિત્યસ્વરૂપ એવા મને નમસ્કાર હો.

ચિત્તરહિત બનેલું ચૈતન્ય પ્રત્યક્‌ચૈતન્ય કહેવાય છે, ... ત્યાં મન ન હોવાથી તેમાં કલ્પનારૂપ દોષ હોતો નથી. ... નિર્મળ આત્મચૈતન્યમાં હું સ્થિર બન્યો છું, અને હવે મને ... કે સંન્યાસ. મારે કંઈ કરવું નથી.

સંન્યાસી આ રીતે નિયમ કરીને નિર્વિકલ્પ સમ...

૫૬—પરમહંસ પરિવ્રાજક ઉપનિષદ (શા...

...કારની જાગ્રત અવસ્થા ગણાય છે—જેમકે જાગ્રતજાગ્રત, જાગ્રસ્વપ્ન, જાગ્રત્સુષુપ્તિ અને જાગ્રતુરીય. તે જ પ્રમાણે બાકીની દરેક અવસ્થાના પણ ચાર ચાર અવાન્તર પ્રકારો થાય છે. આમ બધી મળીને સોળ અવસ્થા થાય છે, અને એ અનુસાર ૐકારની પણ સોળ માત્રાઓ થાય છે. આ સોળ માત્રાવાળા ૐકાર વડે બ્રહ્મનું જ્ઞાન થતું હોવાથી તેને બ્રહ્મપ્રણવ કહ્યો છે, અને તેના વડે વિદેહમુક્તિ પણ મળે છે. પરમહંસ સંન્યાસીને આત્મજ્ઞાન જનોઈરૂપ હોઈને અને ધ્યાનનિષ્ઠા શિખારૂપ હોઈને, બહારના જનોઈ કે શિખાની તેને જરૂર નથી. તેમ જ તેને કોઈ પણ લૌકિક કે વૈદિક ક્રિયાઓ કરવાની પણ રહેતી નથી.

૫૮—અક્ષમાલિકા ઉપનિષદ (સાર)

પરવાળા, મોતી, સ્ફટિક, શંખ, રૂપું, સોનું, ચંદન, કમળકાકડી અને રુદ્રાક્ષની માળા થાય છે. એ માળાના એકએક મણકામાં 'અ'થી માંડીને 'ક્ષ' સુધીના અક્ષરોની મંત્રપૂર્વક સ્થાપના કરવી. જેમકે—હે મૃત્યુને જીતનાર અને બધે રહેલા અકાર! તું પહેલા મણકામાં સ્થિર થા. [આ પ્રમાણેના સ્થાપનાના મંત્રો મૂળ ઉપનિષદમાં આપેલા છે, તે તેમાં જોઈ લેવા.] પચાસમા મણકામાં 'ળ'કારની સ્થાપના કરવી અને પછી એકાવનમા શિખામણિમાં 'ક્ષ'કારની સ્થાપના કરવી. ત્યારપછી એ માળાને એકએકને આઠ વખત સ્પર્શ કરવો. આવી વિધિપૂર્વક બનાવેલી માળા વડે જપેલો મંત્ર સિદ્ધિ આપનારો થાય છે.

૫૯—અવ્યક્ત ઉપનિષદ (સાર)

જગતની ઉત્પત્તિની પહેલાં કાંઈ જ હતું નહિ, પણ માત્ર તેજરૂપ, નાનું યે નહિ ને મોટું યે નહિ, રૂપવાળું યે નહિ ને રૂપવિનાનું યે નહિ અને ન જાણી શકાય એવું, જ્ઞાનરૂપ

તેમજ આનંદમય એવું કાંઈ હતું. તેણે પોતાના બે ભાગ કર્યા. તેમાંનો એક પુરુષ થયો અને બીજો માયા થયો. પછી એક સોનાનું ઈંડું (બ્રહ્માણ્ડરૂપ) થયું. તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. એ બ્રહ્માને વિચાર થયો, 'મારું કુળ કયું? અને મારે શું કામ કરવાનું છે?' ત્યારે કોઈ અદૃશ્ય વાણીએ જવાબ આપ્યો: 'હે પ્રજાપતિ, તમે અવ્યક્ત (અર્થાત્ ન જાણી શકાય એવા તત્ત્વ)માંથી ઉત્પન્ન થયા છો, અને વ્યક્ત કરવું એ તમારું કામ છે.' ત્યારે પ્રજાપતિએ એને પૂછ્યું: 'તમે કોણ છો?' એ વાણીએ જવાબ આપ્યો: 'તપ કરીને તમે મને જાણી શકશો.' આ સાંભળી પ્રજાપતિએ તપ કરીને જાણ્યું કે એ અનુષ્ટુપ સ્વરૂપી પરમવિદ્યા હતી. બીજા બધા મંત્રો એ વિદ્યાનાં અંગો જ છે. પછી પ્રજાપતિએ હજાર વર્ષ [illegible] કર્યું. ત્યારે તેમને મહાવિષ્ણુનાં દર્શન થયાં. તેમને પ્રજાપતિએ પૂછ્યું: 'હું અવ્યક્તમાંથી જન્મ્યો છું, અને વ્યક્ત કરવું મારું કામ છે. તમને એ અવ્યક્ત નો આપ છો. તે [illegible] છે તે મને કહો.' મહાવિષ્ણુએ ઉત્તર આપ્યો: '[illegible] [illegible] છે.' ત્યારે પ્રજાપતિએ પાછું કહ્યું: '[illegible] [illegible] તેનો ઉપાય મને [illegible] [illegible] સૃષ્ટિને ઉત્પન્ન કરવાને [illegible] [illegible] [illegible]

૬૦–એકાક્ષર ઉપનિષદ (સાર)

ૐ આ એકાક્ષર પરમાત્મારૂપ છે. એ પરમાત્મા વિશ્વનું કારણ, લોકોનો પતિ અને તેઓનો રક્ષક છે. તે જ હિરણ્યગર્ભ, યજ્ઞ, વ્યાપક, પુરાણપુરુષ, પ્રાણ, ગરુડ, ઈન્દ્ર, રુદ્ર, ધાતા, વિધાતા, પવન, વિષ્ણુ, વરાહ, રાત્રિ, દિવસ, ભૂત, ભવિષ્ય, ક્રિયા અને કાળ છે. તે પરમાત્મા જ ઋગ્ વગેરે વેદોને પ્રગટ કરે છે. તેમજ તે પરમાત્મા જ વસુદેવતા, દૈત્યો, સ્ત્રી, પ, કુમાર, કુમારી, વરુણ, વર્ષ, અગ્નિ, યમ વગેરે છે. તેને જાણે છે, તે બુદ્ધિથી પર જઇને સ્થિર બને છે.

૬૧–અન્નપૂર્ણા ઉપનિષદ (સાર)

નિદાઘ નામના મુનિએ એક વખત બ્રહ્મજ્ઞાની ઋભુને આત્મતત્ત્વ સમજાવવાનું કહ્યું. તેમણે નિદાઘ મુનિને કહ્યું–"ઍં **ह्रीं सौं श्रीं क्लीं ॐ नमो भगवत्यन्नपूर्णे ममाभिलषितमन्नं देहि स्वाहा।** (હે દેવી અન્નપૂર્ણા, તમને નમસ્કાર હો. તમે મારું ઇચ્છેલું અન્ન આપો. હું તમને આહુતિ આપું છું.) એ મંત્રનો હું હમેશ જપ કરતો હતો. પછી ઘણે દિવસે અન્નપૂર્ણાદેવીએ મને દર્શન દીધાં. એમણે મને વરદાન માગવાનું કહેતાં મેં માગ્યું કે મારા મનમાં આત્મતત્ત્વ પ્રગટ થાઓ. તેમ થતાં મને જ્ઞાન પ્રાપ્ત થયું. આ જગતમાં પાંચ જાતના ભ્રમ છે: જીવ અને ઈશ્વર જુદા છે એવો પહેલો ભ્રમ છે. કર્તાપણું ખરું છે અને તે આત્માને લાગે છે એવો બીજો ભ્રમ છે. આત્મા ત્રણ શરીર સાથે જોડાઇને સંગવાળો થાય છે એવો ત્રીજો ભ્રમ છે. જગતનું કારણ બ્રહ્મ વિકાર પામે છે, એવો ચોથો ભ્રમ છે. અને બ્રહ્મરૂપ કારણથી જુદું એવું જગત સાચું છે, એવો પાંચમો ભ્રમ છે. ઈશ્વર અને જીવ બિમ્બ અને પ્રતિબિમ્બ (વસ્તુ અને

નેનો પડછાયો) છે એમ જાણીને પહેલો અર્થાત્ જુદાપણાનો ભ્રમ દૂર થાય છે. બાજુમાં રહેલા જાસવંતીના ફૂલના લાલરંગ વડે લાલ દેખાતા સ્ફટિકના ઉદાહરણ વડે આત્માના કર્તાપણાનો ભ્રમ દૂર થાય છે. આકાશ પોતે અસંગ (સંગરહિત) હોવા છતાં ઘડા અને મકાનમાં તે રહેલું હોઈ ઘટાકાશ, મઠાકાશ કહેવાય છે. એ દૃષ્ટાંત વડે આત્માના સંગીપણાનો ભ્રમ દૂર થાય છે. દોરડી અને સાપના દાખલા વડે બ્રહ્મરૂપ કારણથી જુદા એવા જગતના સાચાપણાનો ભ્રમ દૂર થાય છે. સોનું અને દાગીનાના દૃષ્ટાન્ત વડે બ્રહ્મના વિકાર પામવાપણાનો ભ્રમ દૂર થાય છે

આ પ્રમાણે ભ્રમો દૂર કરીને તું તારા પોતાના સ્વરૂપમાં ધ્યાન લગાવીને સુખી થા. હંમેશ નિર્મળ અને અનંત એવું બ્રહ્મ તે જ હું છું અને મારા સિવાય અહીં બીજું કાંઇ છે જ નહીં. એમ નિશ્ચય કરીને તારી વૃત્તિઓને શાન્ત બનાવી નિર્વાણને પ્રા[illegible] જે આખું જગતમાં દેખાય છે તે તો સ્વપ્નના [illegible] [illegible] મનરહિત [illegible] ઇન્દ્રિયાદિ [illegible] [illegible] થા. વિનાશ ન પામનાર [illegible] [illegible] વાસનાઓ [illegible] બની જાય છે અને તેને [illegible] વિનાના મનને [illegible] [illegible]

પ્રાણીઓને પોતાના આત્માના જેવાં જ ગણે છે અને પારકી વસ્તુઓને માટીનાં ઢેફાંના જેવી ગણે છે, તે જ ખરો જ્ઞાની છે. હું કોણ છું અને આ જગત કેવી રીતે થયું અને જન્મ-મરણ શા માટે, એનો વિચાર કર. એવા વિચાર કરતાં કરતાં મન તદ્દન શાન્ત બની જશે. જ્યાં સુધી મન બધાને છોડી ન દે, ત્યાં સુધી આત્મા મળતો નથી; કારણ કે બધી ચીજો જતી રહેતાં જે બાકી રહે તે જ આત્મા છે. માટે આત્માને જોવા માટે બધું છોડી દે. આ આખું જગત માત્ર ચૈતન્યનો જ આભાસ છે. મનની ગતિ જ્યાં પૂરી થઈ જાય છે, તેને જ સમાધિ કહે છે. મન વડે જ મનનો નાશ થતાં, પરમ આનંદરૂપ પરમેશ્વરી પ્રગટ થાય છે.

શરીરને અને આત્માને એક ગણીને માત્ર શરીર પર જ વિશ્વાસ રાખવો એને સંગ કહેવાય છે, અને તે જ બંધનનું કારણ છે. પરંતુ બધું આત્મા જ છે, તો હું શાની ઇચ્છા રાખું અને શાને છોડી દઉં, એવા વિચારરૂપ અવસ્થાને અસંગસ્થિતિ કહેવાય છે, અને તે અવસ્થા જીવન્મુક્તની છે. એવા અસંગ પુરુષને કર્મ કરવાની કે છોડી દેવાની ઇચ્છા થતી નથી. જે બધાં કર્મના ફળને મનથી અને નહિ કે કર્મ વડે છોડી દે છે, તે જ ખરો અસંગ (અનાસક્ત) છે. જગતનો વ્યવહાર થાય કે ન થાય, પરંતુ જેને તેમાં કશામાં પણ રસ નથી, અને જે માત્ર આત્મામાં જ પ્રીતિ રાખનારો છે, તે જ શાન્ત છે.

આત્મા સ્થૂલ પણ નથી તેમજ સૂક્ષ્મ પણ નથી, પ્રત્યક્ષ પણ નથી તેમજ છુપાયેલો પણ નથી, ચેતન પણ નથી તેમજ જડ પણ નથી, અસત્ પણ નથી તેમજ સત્ પણ નથી. હું એ નથી, બીજો એ નથી, એક નથી તેમજ અનેક પણ નથી. મોક્ષ આકાશમાં પણ નથી તેમજ પાતાળમાં પણ નથી, તેમજ આ પૃથ્વી ઉપર પણ નથી. પરંતુ બધી આશાઓનો નાશ થઈ

જતાં ચિત્તનો જે નાશ થાય છે, તે જ મોક્ષ છે. મને મોક્ષ મળો એવા ચિન્તન વડે પણ મન પાછું ઊઠે છે. માટે સર્વોપરિ પર રહેલા આત્મામાં બંધન શું અને મોક્ષ શો, એમ ગર્વને વિચારને નિર્મૂળ કર. જે ભવિષ્યની ચિંતા કરતો નથી અને ભૂતકાળને સંભારતો નથી તેમજ વર્તમાનકાળમાં પણ મન રાખતો નથી અને છતાં બધાં કર્મો કરે છે, તે જીવન્મુક્ત છે. એવો જીવન્મુક્ત બંધનોમાં બંધાયેલા જીવોમાં આસક્તિવિના ના મનવાળો રહે છે. ને ભક્તોમાં ભક્ત બને છે, કુસ્વાસોમાં કુસ્વાસોની જેમ રહે છે, બાળકોમાં બાળક જેવો, વૃદ્ધોમાં વૃદ્ધ જેવો, જુવાનોમાં જુવાન જેવો, અને દુઃખીઓમાં દુઃખી જેવો રહે છે. ને શાન્ત બુદ્ધિવાળો, આનંદથી ભરેલો અને પ્રસન્ન રહે છે. અભ્યાસ વડે પ્રાણોની ગતિ રોકાઈ જતાં મન શાંત થઈ જાય છે અને નિર્વાણ (મોક્ષ) જ બાકી રહે છે. બંધ અને મોક્ષની કલ્પના પણ છે જ ક્યાં? બધું બ્રહ્મ જ છે, આ એક માત્ર પરમ આકાશ છે, તો મોક્ષ કેવો અને બંધન પણ કોનાં?

[illegible] પ્રશ્ન પૂછ્યો: ભગવન્! [illegible] આકાશમાં [illegible]

...ઓનો નાશ કરવો પડે છે. તો પછી આત્મજ્ઞાની કેવી રીતે ઇચ્છા રાખે? જો સૂર્ય ઠંડો પડી જાય અને ...ય તપવા માંડે તોપણ જીવન્મુક્તને વિસ્મય થાય ...ણ કે એવાં કલ્પિત આશ્ચર્યોમાં એને કુતૂહલતા જ

...ો નાશ બે પ્રકારનો છેઃ સરૂપ અને અરૂપ. જીવન્મુક્ત-...ાશ સરૂપ કહેવાય છે, જ્યારે વિદેહમુક્તનો અરૂપ છે. મૈત્રી, મુદિતા વગેરે શુભ ગુણોવડે જ્યારે મન સારી વાળું થાય છે, ત્યારે જીવન્મુક્તનું મન પુનર્જન્મથી મુક્ત ..., અને તેને જ સરૂપ મનોનાશ કહેવાય છે. વિદેહમુક્તની ...માં મનનો તદ્દન નાશ થયેલો હોઈ કાંઈ પણ બાકી રહેતું નથી, અને તેથી એવા મનોનાશને અરૂપ નાશ કહે-છે. હે નિદાઘ! તું વાસનાવિનાના મનવાળો થા, અને ... બધા વિકલ્પોને દૂર કર. જે પરબ્રહ્મ છે તે હું જ છું, ... માનીને તું કૃતકૃત્ય બન. શરીરમાં જીવ અને ઈશ્વર નામનાં પંખીઓ છે. તેમાંનો જીવ કર્મનાં ફળ ભોગવે છે અને ઈશ્વર ...ત્ર સાક્ષી(જોનારા)રૂપે રહેલો હોઈ ભોગ ભોગવતો નથી. આખા જગતનો આધાર હું જ છું, એમ નિશ્ચય કરી તું શોકવિનાનો ...ા. શરીરમાં જે પોતાની મેળે પ્રકાશનો આત્મા છે, તેને જાણ ...ને અનેક ગ્રંથોને ભણવાનું છોડી દે. સંસારરૂપ વૃક્ષનું બીજ આ શરીર જ છે. અને એ શરીરનું બીજ ચિત્ત છે. ચિત્તરૂપ વૃક્ષનાં બે બીજ છે—પ્રાણની ગતિ અને દૃઢ ભાવના. પ્રાણની ગતિનો નિરોધ પ્રાણાયામ વડે અને દૃઢ ભાવનાનો નાશ આગળ-પાછળના વિચાર છોડી દેવા વડે યોગીઓ કરે છે. જો જગતની ...ો પણ વસ્તુની ભાવના જ હૃદયાકાશમાં ન થાય, તો પછી ચિત્ત ... ... ઉત્પન્ન થાય? ભૂત અને ભવિષ્યના વિચારો જેવા ... ... જ તેઓને પ્રયત્ન કરીને ધોઈ નાખવા. એ

વિચારોને રહેવા દેવા એ જ સંસારનું કારણ છે, અને તેઓને કાઢી નાખવા તે જ મોક્ષ કહેવાય છે. હાલવા, ચાલવા વગેરેની ક્રિયાઓ કરવા છતાં તેના લેપ થતો કે લેપાતો નથી, તે જ મુક્તિ છે. જ્યાં સુધી મનનો લય થતો નથી, ત્યાં સુધી વાસનાનો તદ્દન નાશ થતો નથી; અને જ્યાં સુધી તત્ત્વનું જ્ઞાન થતું નથી, ત્યાં સુધી ચિત્તનો લય થતો નથી. જ્યાં સુધી ચિત્તનો લય થતો નથી, ત્યાં સુધી તત્ત્વનો સમન્વય થતો નથી, અને જ્યાં સુધી વાસનાનો નાશ થતો નથી, ત્યાં સુધી તત્ત્વનું જ્ઞાન ક્યાંથી થાય ! આમ તત્ત્વજ્ઞાન, મનનો નાશ અને વાસનાનો ક્ષય એ એકબીજા પર આધાર રાખતી વસ્તુઓ છે, અને તેથી જ એ ત્રણે સાથે કરવું છે. માટે ભોગની ઇચ્છાને દૂરથી જ છોડી દઈને એ ત્રણેનું આચરણ કર. લાંબા વખતના અભ્યાસ વડે એ ત્રણે વસ્તુઓ સાથે થાય છે અને તે સાથે થતાં હૃદયની [illegible] તદ્દન તૂટી જાય છે. વાસનાના ત્યાગથી સાથે જ [illegible] અને ચિત્ત, મનના [illegible] દૂર થઈ જાય છે.

[illegible]

ઇચ્છતો પણ નથી અથવા ધિક્કારતો પણ નથી. માત્ર આભાસરૂપ જગત સત્ પણ નથી તેમજ અસત્ પણ નથી, એમ ગણી વિચારોનો ત્યાગ કરવો તે જ ખરું જ્ઞાન છે. ઇચ્છાઓને ઓછી કરી નાખવાથી સંતોષ પ્રગટ થાય છે, માટે ઇચ્છાઓને તું છોડી દે. જે પરમ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે, તે જ હું છું; એમ નિશ્ચય કરીને, હે નિદાઘ! ભૂત–ભવિષ્યની ચિન્તા છોડી દે. આ આખું જગત એક, શાન્ત તેમજ આદિ, મધ્ય અને અંતરહિત છે એમ ગણીને તું સુખપૂર્વક રહે. હું બંધાયેલોયે નથી અને મુક્ત પણ નથી, પરંતુ બ્રહ્મ જ છું એમ યત્નપૂર્વક નિર્ણય કરશે, એટલે તું જીવન્મુક્ત બની જશે. શાસ્ત્ર અને સત્સંગ વડે તારી બુદ્ધિને વધાર. આત્મા, સચ્ચિદાનંદ, બ્રહ્મ તો હું જ છું એમ ધ્યાન કરીને મુક્તિને પામ. હું મરેલો પણ નથી અને જીવતો પણ નથી, હું સત્ નથી તેમ અસત્ પણ નથી, પરંતુ હું તો માત્ર ચિત્સ્વરૂપ જ છું; એમ ગણીને બુદ્ધિમાન માણસ શોક કરતો નથી. જો તને કોઈ પણ વસ્તુ પર રુચિ થતી હોય તો એમ જાણ કે તું બંધાયેલો છે, અને જો તને કોઈ પણ વસ્તુ પર રુચિ ન થતી હોય તો જાણ કે તું મુક્ત છે. અહંકારનો ત્યાગ થતાં અને સમત્વ (બધી વસ્તુ પ્રત્યે સમાનતા)નો ઉદય થતાં અને ચિત્તનો ક્ષય થતાં તુર્યાવસ્થા (મોક્ષ) પ્રગટ થાય છે. બધી વસ્તુનું દૂર થઈ જવું એ જ એક બધાં અધ્યાત્મશાસ્ત્રોનો સિદ્ધાંત છે. અહીં અવિદ્યા પણ નથી, તેમજ માયા પણ નથી; પરંતુ એક માત્ર શાન્ત બ્રહ્મ જ છે. માટે બધું છોડી દઈને આત્મામાં જ શાન્ત બની જઈને, ચિત્તને ક્ષીણ બનાવીને, બહારથી મૂગા–બહેરાની જેમ વર્તીને તું હમેશ અંદર વૃત્તિવાળો થા. જાગતાં પણ ઊંઘતાની જેમ બહારથી કર્મો કર અને અંદરથી બધાંનો પરિત્યાગ કર. ચિત્ત છે તે જ પરમ દુઃખ છે. અને ચિત્તનો ત્યાગ તે જ પરમ સુખ છે. માટે ચિત્તનો

ચિદાકાશમાં વિહાર કર, અને ગમતીઅણગમતી બધી વસ્તુઓ તરફ હંમેશ પથ્થરના જેવી વૃત્તિ રાખ.

૬૨—સૂર્ય ઉપનિષદ (સાર)

અમે સૂર્યદેવના તેજ પ્રકાશનું ધ્યાન કરીએ છીએ. એ સૂર્યદેવ અમારી બુદ્ધિને પ્રેરનારા છે. એ સૂર્ય જ આખા આ જડ-ચેતન જગતનો આત્મા છે. સૂર્યમાંથી જ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. હે સૂર્યદેવ! તમે જ પ્રત્યક્ષ બ્રહ્મા છો, વિષ્ણુ છો, રુદ્ર છો. તેમજ તમે જ ઋગ્, યજુ, સામ અને અથર્વ—એમ ચારે વેદના મંત્રો છો. સૂર્યમાંથી જ વાયુ, ભૂમિ, તેજ, આકાશ, જળ, તેમજ દેવો અને વેદો ઉત્પન્ન થાય છે. એ સૂર્ય જ બ્રહ્મ છે. એ સૂર્ય જ અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છે. એ સૂર્ય જ પાંચ પ્રાણ છે, પાંચ જ્ઞાનેન્દ્રિય છે, પાંચ કર્મેન્દ્રિય છે, શબ્દ, સ્પર્શ વગેરે પાંચ તન્માત્રા છે. એ સૂર્ય આનંદ, જ્ઞાન અને વિજ્ઞાનથી ભર્યું છે. સૂર્યમાંથી આ દુનિયા ઉત્પન્ન થાય છે, તેના વડે પોષાય છે અને અંતે તેમાં વિલય પામે છે. એ સૂર્ય હું જ છું. એ સૂર્યદેવ અમારા આત્મા છે.

૬૩—અક્ષિ ઉપનિષદ (સાર)

[illegible]

તેમજ મન, વાણી અને કર્મ વડે સત્સંગ તેમજ શાસ્ત્રોને સેવે છે, ત્યારે તે પહેલી ભૂમિકામાં રહેલો કહેવાય છે. આ પ્રમાણે થયા બાદ જ્યારે સંસારમાંથી તરવાનો તેને વિચાર આવવા માંડે છે, ત્યારે તે વિચાર નામની બીજી ભૂમિકામાં આવે છે. ત્યારબાદ જ્યારે તે શાસ્ત્રમાં કહેલા તત્ત્વના અર્થોને જ્ઞાનીઓ પાસેથી બરાબર સમજી લઈને, મદ, અભિમાન, લોભ, મોહ વગેરેને છોડી દે છે અને શાસ્ત્ર, સદ્‌ગુરુ તથા સજ્જનની સેવા વડે શાસ્ત્રના રહસ્યને બરાબર જાણે છે, ત્યારે તે અસંસર્ગ નામની ત્રીજી ભૂમિકામાં આવેલો કહેવાય છે. અસંસર્ગ (અથવા અસંગ દશા) બે પ્રકારનો છે—સામાન્ય અને શ્રેષ્ઠ. હું કરનારો નથી તેમજ ભોગવનારો નથી, પણ પૂર્વનાં કર્મો અનુસાર અથવા ઈશ્વરની ઇચ્છા અનુસાર સુખદુઃખ આવ્યા કરે છે એમ ગણીને પદાર્થોમાંથી પ્રીતિ કાઢી નાખવી, તે સામાન્ય અસંસર્ગ છે. પણ આવા વિચારોને પણ ક્રમે કરી છોડી દઈને મનુષ્ય જ્યારે મૂંગો અને શાન્ત બની જાય છે, ત્યારે તેને શ્રેષ્ઠ અસંસર્ગ કહેવાય છે. પહેલી ત્રણ ભૂમિકાના અભ્યાસ વડે જ્યારે અજ્ઞાન દૂર થઈ જાય છે અને અભ્યાસી બધે સમાનપણે રહે છે, ત્યારે તે ચોથી ભૂમિકામાં રહેલો કહેવાય છે. આ ચોથી ભૂમિકામાં દ્વૈતનો ખ્યાલ રહેતો નથી અને અદ્વૈતની ભાવના દૃઢ બનેલી હોય છે, તેથી એ ભૂમિકામાં રહેલાઓ જગતને સ્વપ્નની જેમ જુએ છે. પહેલી ત્રણ ભૂમિકા જાગ્રત કહેવાય છે, અને આ ચોથી ભૂમિકા સ્વપ્ન કહેવાય છે. જ્યારે ચિત્ત શરદઋતુના વાદળની જેમ તદ્દન લય પામે છે અને માત્ર સત્ત્વગુણ જ બાકી રહે છે, ત્યારે તેને સુષુપ્ત નામની પાંચમી ભૂમિકા કહેવાય છે. એ ભૂમિકામાં વ્યવહારનાં કાર્યો કરતો છતાં પણ મનુષ્ય તેની વૃત્તિઓ અંદર રહેલી હોવાથી ઊંઘતો હોય એમ જ દેખાય છે. ત્યાર પછી વાસના વિનાની તુર્ય નામની છઠ્ઠી ભૂમિકા આવે છે, અને

તેમાં સત્, અસત્, અહં, અનહં વગેરે કાંઈ પણ હોતું નથી. પરંતુ તેમાં વિચારોનો અદંતર ક્ષય થયેલો હોય છે. આ છઠ્ઠી ભૂમિકામાં રહેલો વિદેહમુક્તિ નામની સાતમી ભૂમિકાને મેળવે છે. એ ભૂમિકાનું વર્ણન વાણીથી થઇ શકતું નથી. એ ભૂમિકા છેવટની છે. હે મુનિ! લોકને, શરીરને અને શાસ્ત્રને અનુસરવાનું છોડી દઈને તમારી પોતાની ભ્રાન્તિને દૂર કરો. અ, ઉ, અને મ એ ત્રણ પ્રકારની માત્રાઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં રહેલા વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ નામની આત્માની અવસ્થાઓ અનુસાર છે. માટે એ સ્થાનો ચિદાત્મામાં લય કરો. હંમેશ શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્ય, અદ્વૈત અને પરમ આનંદરૂપ એ ચિદાત્મામાં 'એ જ હું' એમ ચિંતવ્યા કરો, અને ત્રણે કાળમાં દુઃખરૂપ એવા આ જગતને છોડી દઈને પરમતત્ત્વમાં ધ્યાન રાખનારા થાઓ.

૬૮—અધ્યાત્મ ઉપનિષદ (સાર)

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત વગેરે, એ … રહેલ છે, તે … [illegible]

બુદ્ધિમાન માણસ પણ સહેજમાં માયાના આવરણમાં ફસાઈ જાય છે. બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર, શિવ અને આખું વિશ્વ પણ પોતે જ છે અને પોતાથી જુદું કાંઈ જ નથી. પોતામાં ભાસતી બધી વસ્તુઓને દૂર કરવાથી પોતે જ પરબ્રહ્મરૂપે બાકી રહે છે. બ્રહ્મમાં આ જગતની કલ્પના ખોટી છે, કારણ કે જે વસ્તુ એક અને વિકારરહિત છે, તેની અંદર એવા ભેદ કયાંથી હોઈ શકે? એ કલ્પના તો ચિત્તને લઇને ઊભી થાય છે અને ચિત્ત દૂર થતાં તે દૂર થઈ જાય છે. જ્યાં સુધી માયા છે ત્યાં સુધી બ્રહ્મને જગતનું કારણ, સર્વજ્ઞપણું વગેરે વિશેષણો આપવામાં આવે છે. પણ પરમાત્મા અને જીવના અનુક્રમે માયા અને અવિદ્યા નામનાં આવરણ દૂર થતાં અખણ્ડ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ જ દેખાય છે. આ પ્રમાણેનાં શાસ્ત્રનાં વાકયોને સાંભળવાં, તે શ્રવણ કહેવાય છે. ત્યાર પછી તેની ઉપર બુદ્ધિથી વિચાર કરવો, તે મનન કહેવાય છે. શ્રવણ અને મનન વડે જે અર્થ બરાબર સમજાય છે અને પછી તેની ઉપર જે એકતાનતા થાય છે, તેને નિદિધ્યાસન કહેવાય છે. ધ્યાન કરનાર, ધ્યાનનો વિષય અને ધ્યાન એ બધાના વિચાર છૂટી જતાં, પવન વિનાની જગામાં રહેલા દીવાની નિશ્ચળતાના જેવી ચિત્તની નિશ્ચળતાને સમાધિ કહેવાય છે. આ અનાદિ સંસારમાં ભેગાં થયેલાં કરોડો કર્મો એ સમાધિ વડે નાશ પામે છે, તેમજ તેના વડે વાસનાની જાળ તદ્દન કપાઇ જાય છે. જ્યારે વિષયોમાં વાસનાનો ઉદય ન થાય, ત્યારે તેને વૈરાગ્યની ઊંચામાં ઊંચી અવસ્થા જાણવી. જીવન્મુક્તની હમેશ વિકલ્પરહિત અવસ્થા હોય છે. જ્યારે દેહ, ઇન્દ્રિયો, વગેરેમાં હુંપણું ન થાય, ત્યારે તેને જીવન્મુક્ત જાણવો. એણે કરોડો જન્મોમાં ભેગું કરેલું સંચિત કર્મ હું બ્રહ્મ છું એવા જ્ઞાન વડે લય પામે છે, અને પોતે આકાશની જેમ સંગરહિત છે એમ જાણતો હોઈ તેવો મનુષ્ય ભાવિષ્યનાં કર્મો વડે લેપાતો નથી. હું

જન્મ અને મરણથી રહિત છું એમ જે જાણે છે અને આત્મામાં જ જે સ્થિર બનેલો છે, તેને પ્રારબ્ધ જેવું શું હોઈ શકે ! જ્યાં સુધી શરીરને આત્મા જણાય છે, ત્યાં સુધી જ પ્રારબ્ધ રહે છે. પણ જેના દેહાત્મભાવનો નાશ થઈ ગયો છે, તેને પ્રારબ્ધ લાગતું નથી. પ્રારબ્ધની કલ્પના પણ તેને માટે તો શરીરની કલ્પનાના જેવી એક ભ્રાન્તિ જ છે. જે વસ્તુ કલ્પિત છે તે ખરી ક્યાંથી હોય, અને જે વસ્તુ અસત્ય છે તેનો જન્મ કેવી રીતે થાય ! જે જન્મ્યું જ નથી, તેનો નાશ પણ ક્યાંથી હોય ! અને જે અસત્ય છે, તેને પ્રારબ્ધ ક્યાંથી હોય ! અજ્ઞાન વડે જણાતા આ દેહ વગેરેનો જ્ઞાન વડે લય થઈ ગયા પછી, 'આ દેહ અહીં કેમ રહી શકે છે !' એવી અજ્ઞાનીઓની શંકાનું બહારની નજરે સમાધાન કરવાને માટે જ મુનિએ પ્રારબ્ધની વાત કરી છે. બાકી, અહીં એક તો અહીં એક અને અભેદ એવું બ્રહ્મ જ રહેલું છે, અને તેનાથી જુદું બીજું કાંઈ જ નથી. આ પ્રમાણે પોતાના અનુભવથી જ (તે મુખથી કહે છે).

૬૫—કુણ્ડિકા ઉપનિષદ્ (સાર)

[illegible]

જગતરૂપ અનેક તરંગો ઊઠે છે અને પાછા શમે છે. મને દેહ સાથે કશો સંબંધ નથી, તો પછી જાગ્રત વગેરે અવસ્થાના ધર્મો સાથે તો મને સંબંધ ક્યાંથી જ હોય? હું તો હમેશ અખંડ જ્ઞાનરૂપ અને અહંતામમતારહિત છું. મને કોઈ પણ ક્રિયા નથી, કોઈ પણ વિકાર નથી અને કોઈ પણ આકાર નથી. હું તો સદા વિકલ્પવિનાનો અને અવિનાશી છું, તેમજ આનંદરૂપ છું.'

૯૬—સાવિત્રી ઉપનિષદ (સાર)

અગ્નિ સવિતા છે, પૃથ્વી સાવિત્રી છે. વરુણ સવિતા છે, જળ સાવિત્રી છે. વાયુ સવિતા છે, આકાશ સાવિત્રી છે. યજ્ઞ સવિતા છે, છંદો સાવિત્રી છે. વાદળ સવિતા છે, વીજળી સાવિત્રી છે. આદિત્ય સવિતા છે, દ્યુલોક સાવિત્રી છે. ચંદ્ર સવિતા છે, નક્ષત્રો સાવિત્રી છે. મન સવિતા છે, વાણી સાવિત્રી છે. પુરુષ સવિતા છે, સ્ત્રી સાવિત્ર છે. એ સાવિત્રીના ત્રણ પાદ (ચરણ) છેઃ—**भूः तत्सवितुर्वरेण्यम्, भुवः भर्गो देवस्य धीमहि,** અને **स्वः धियो यो नः प्रचोदयात्।** જે સાવિત્રીને આ પ્રમાણે જાણે છે, તે મૃત્યુને જીતે છે.

૯૭—આત્મા ઉપનિષદ (સાર)

ત્રણ પ્રકારનો આત્મા છે—બાહ્ય આત્મા, અંતરાત્મા અને પરમાત્મા. ચામડી, માંસ, રૂંવાડાં, આંગળી, હાથ, પગ, માથું, પીઠ, નખ, આંખ, કાન વગેરેવાળો અને જન્મમરણને પામનો જે દેહ છે, તે બાહ્ય આત્મા છે. જે પાંચ મહાભૂત અને ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ વગેરે ગુણો સાથે જોડાયેલો છે, અને જે સાંભળવા, સૂંઘવા, જેવા વગેરેની ક્રિયાઓ કરનારો છે, તે અંતરાત્મા કહેવાય છે. જે પરમાત્મા છે, તે તો પ્રાણાયામ, પ્રત્યાહાર,

ધારણા, ધ્યાન, સમાધિ વગેરે યોગની ક્રિયાઓ વડે મેળવી શકા છે. એ પરમાત્મા અત્યંત સૂક્ષ્મ છે અને તે જન્મતો કે મર નથી. તેમજ તેનામાં કોઈ પણ ફેરફાર થતો નથી. તેને લગ સ્પર્શ વગેરે લાગતા નથી. તે બધે વ્યાપીને રહેલો છે. તે ચિંતન થઈ શકતું નથી. તે ક્રિયારહિત હોવાથી તેને સંસાર નથ

આ આખા જગતરૂપે બ્રહ્મ જ દેખાય છે. વિદ્યા, અવિદ જગત વગેરે બધું ય એ બ્રહ્મ જ છે અને તેનાથી જુદું પરિ કોઈ નથી. જ્ઞાની માણસે અહંતા-મમતા છોડી દઈને બ કામનારહિત બનીને પોતાના આત્મામાં જ મગ્ન રહેવું. બ સમાનપણું એનાથી એ જ્ઞાની કર્મો કરતો છતાં કોઈ કરતો નથ અને ભોગ ભોગવતો છતાં કોઈ ભોગવતો નથી. તેમજ તે શરીર હોવા છતાં તે શરીરવિનાનો જ છે અને તેને માટે [illegible]

[illegible]

[illegible]

છે. ખરું જોતાં તેનામાં માયા પણ નથી. બહારની નજરે વિદ્યા અને અવિદ્યા છે, પણ તત્ત્વની નજરે નથી. પરમતત્ત્વમાં તો વર્ણ, આશ્રમ, ધર્મ, અધર્મ વગેરે કાંઈ જ નથી. જ્યારે બધું બ્રહ્મરૂપ જણાય છે, ત્યારે દુઃખ વગેરેનો ભાસ થતો નથી. એ બ્રહ્મ વાણી અને મન વડે જાણી શકાતું નથી, તેમજ નજરે જોઈ શકાતું નથી. તેને આંખ, કાન, હાથ, પગ વગેરે કાંઈ જ નથી. તે નિત્ય, વ્યાપક, સૂક્ષ્મ અને અવિનાશી છે. જેઓના દોષો નાશ પામી ગયા છે, તેઓ એ બ્રહ્મને પોતાના શરીરમાં જ પ્રકાશસ્વરૂપે રહેલું જુએ છે; જ્યારે બીજાઓ માયામાં ફસાયેલા હોઈ તેને જોઈ શકતા નથી. જેને બ્રહ્મનું જ્ઞાન થયું છે, તે આખા જગતને જોતો છતાં પણ જગતને પોતાના આત્માથી જુદું જોતો નથી.

૯૯—પરબ્રહ્મ ઉપનિષદ (સાર)

મોક્ષની ઇચ્છાવાળાએ શિખા અને જનોઈ અંદર રાખવાં જોઇએ, અને કર્મ કરનાર ગૃહસ્થે તેઓને બહાર ધારણ કરવાં જોઇએ. દરેક માણસનું શરીર તેના છન્નુ આંગળ જેટલું ઊંચું હોય છે અને તે અનુસાર જનોઈનું સૂત્ર પણ છન્નુ વખત ચાર આંગળાંની આસપાસ વીંટાય એટલું લાંબું હોય છે. પછી એ સૂત્રને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એ ત્રણ દેવોની કળાને અનુરૂપ ત્રેવડું કરાય છે. ત્યારપછી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું તેમાં અનુસંધાન કરી, તેમજ તેના છેડાઓને ભેગા મેળવી, તેમાં અદ્વૈતરૂપ ગાંઠ મારવામાં આવે છે. એવા એ જનોઇને ડાબા ખભા ઉપર અને જમણી કેડ ઉપર પહેરવામાં આવે છે. મોક્ષની ઇચ્છાવાળાએ એવા બહારના જનોઇ અને શિખાને છોડી દઈને જ્ઞાનરૂપ જનોઈ અને જ્ઞાનરૂપ શિખા પહેરવાં. એવા બ્રહ્મજ્ઞાનરૂપ જનોઈ-શિખાવાળો જ ખરો બ્રાહ્મણ કહેવાય છે.

૭૦—અવધૂત ઉપનિષદ (સાર)

સાંકૃતિ નામના મુનિએ એક વખત અવધૂત દત્તાત્રેયને અવધૂતની અવસ્થા અને તેનાં ચિહ્નો વિષે સવાલ પૂછ્યો. ત્યારે તેમણે ઉત્તર આપ્યો—જેણે વર્ણ-આશ્રમ વગેરેને છોડી દીધાં છે અને જે માત્ર આત્મામાં જ હમેશ રહે છે, તેવો યોગી અવધૂત કહેવાય છે. તેનું જગતમાં રહેવું તો એની ઇચ્છાને આધીન છે. તેની મરજી અનુસાર તે વસ્ત્ર પહેરે છે અથવા નગ્ન પણ ફરે છે. તેને ધર્મ, અધર્મ, વગેરે કાંઈ લાગતું નથી. મધ ભમરાની જેમ તે ક્યાંથી પણ લેપાતો નથી. તે [illegible] ભોગવે તોપણ તેને પુણ્યપાપ અડકતાં નથી. જેમ સમુદ્રમાં જેમ નવ નદીઓનાં પાણી આવીને પડે પણ તેમાં કંઈ [illegible]

ક્યાંથી હોય ? માટે તેને પ્રારબ્ધ અનુસાર ચાલવા દો. અથવા તો હું પોતે કૃતકૃત્ય છું છતાં લોકના અનુગ્રહની ઇચ્છાથી જો હું શાસ્ત્રના માર્ગને અનુસરું, તો તેમાં યે મને શું નુકસાન થવાનું છે ? કારણ કે એવી રીતે જે કાંઇ પણ પૂજન, સ્નાન, પ્રવચન વગેરે ક્રિયાઓ થશે તે બધાંનો હું તો માત્ર સાક્ષી જ રહીશ અને કરવાપણું કે કરાવવાપણું તો મને કાંઇ હશે જ નહિ. હું ધન્ય છું! હું ધન્ય છું! કેમકે હું આત્માને બરાબર ઓળખું છું અને બ્રહ્મના આનંદનો મને સ્પષ્ટ અનુભવ થાય છે. મને સંસારનું દુઃખ જરા પણ લાગતું નથી, અને મારું અજ્ઞાન તો ક્યાંય ભાગી ગયું છે. હવે મને કાંઈ પણ કરવાપણું રહ્યું નથી, તેમજ જે મેળવવાનું હતું તે બધુંય મને મળી ગયું છે.

૭૧–ત્રિપુરાતાપિની ઉપનિષદ (સાર)

સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એમ ત્રણ પુરમાં વસનારી ચિતશક્તિ ત્રિપુરા કહેવાય છે. એ ચિત્કલા, મહાકુંડલિની, ત્રકૂટા વગેરે નામે પણ ઓળખાય છે.

મન બે પ્રકારનું છે: અશુદ્ધ અને શુદ્ધ. કામનાઓવાળું મન અશુદ્ધ છે અને કામનાવિનાનું શુદ્ધ છે. મનુષ્યોના બંધન અને મોક્ષનું કારણ મન જ છે. વિષયોમાં આસક્ત મન બંધનનું કારણ છે અને વિષયો વિનાનું મન મુક્તિનું કારણ છે. જ્યાં સુધી મનનું મનપણું નીકળી ન જાય, ત્યાં સુધી તેનો હૃદયમાં નિરોધ કરવો. જ્યારે મનનું મનપણું દૂર થાય છે, ત્યારે તે અવસ્થાને જ પરમપદ કહેવાય છે. જ્યાં સુધી મનનો નાશ ન થાય, ત્યાં સુધી તેને હૃદયમાં રોકવું. આટલું જ માત્ર જ્ઞાન અને ધ્યાન છે, બાકીનો બધો તો વાણીનો વિસ્તાર છે. અવયવ-વિનાનું, વિકલ્પોવિનાનું અને દોષરહિત એવું બ્રહ્મ હું જ છું,

એમ જાણનારો માણસ બ્રહ્મને પ્રાપ્ત થાય છે. એક જ આત્મા બધાં પ્રાણીઓમાં રહેલો છે; અને પાણીમાં જેમ ચન્દ્રનાં પ્રતિબિમ્બ જુદાંજુદાં દેખાય છે, તેમ તે પણ દરેક પ્રાણીમાં જુદો-જુદો દેખાય છે. જેમ ઘડાને એક ઠેકાણેથી બીજે લઈ જતાં ઘડામાં રહેલું આકાશ કાંઈ ચાલતું નથી, તેમ જ જીવની અવસ્થા પણ છે. ગ્રન્થોનો અભ્યાસ કરીને અને જ્ઞાન મેળવીને પછી, અનાજના ઇચ્છાવાળો જેમ ફોતરાં ફેંકી દે તેમ, ડાહ્યા માણસે બધા ગ્રન્થોને છોડી દેવા. જુદાજુદા રંગવાળી ગાયોનું દૂધ તો એક જ રંગનું હોય છે, તેમ શાસ્ત્રો જુદાંજુદાં છતાં તેઓનો ઉપદેશ તો એક જ હોય છે. જ્ઞાનરૂપ આંખ પ્રાપ્ત કરીને અખંડ, નિષ્કલ અને શાંત બ્રહ્મ હું જ છું એવું સતત સ્મરણ રાખવું.

૭૨—દેવી ઉપનિષદ (સાર)

દેવીનું સ્વરૂપ બ્રહ્મા વગેરે જાણતા નથી. એ અનંત, અજન્મા, એક, અને વિશ્વરૂપિણી છે. એનાથી ઊંચે બીજું કોઈ નથી. સંસારથી ભય પામેલો હું એને નમસ્કાર કરું છું.

૭૩–ત્રિપુરા ઉપનિષદ (સાર)

પૃથિવી, અન્તરિક્ષ અને સ્વર્ગલોકરૂપ ત્રણ પુરોમાં જે ચૈતન્યકલા રહેલી છે, તે ત્રિપુરા છે. તે ત્રિપુરા દેવોમાં સૌથી મહાન, ઘડપણવિનાની અને પ્રાચીન છે. મદન્તિકા, માનિની, મંગલા, સુભાગા, સુંદરી, સિદ્ધિમત્તા, લજ્જા, મતિ, તુષ્ટિ, ઇષ્ટા, પુષ્ટા, લક્ષ્મી, ઉમા, લલિતા અને લાલપન્તી—એ તેનાં નામો છે.

૭૪–કઠરુદ્ર ઉપનિષદ (સાર)

દેવોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પ્રજાપતિએ તેઓને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. તેમણે કહ્યું—બ્રહ્મવિદ્યાની ઇચ્છાવાળાએ શિખા, જનોઈ વગેરેને છોડી દઈને અને વ્યવહારનો ભાર પુત્રને માથે નાખીને અભિમાનરહિત થઇ પૃથ્વી પર ભટકવું. તેણે આત્મા સંબંધી વિચાર કરવો અને ભિક્ષા માગી પેટપૂરતું ખાવાનું મેળવવું. નદીકિનારાની રેતીમાં અથવા દેવાલયની બહાર સૂવું. અત્યન્ત સુખદુઃખ વડે શરીરને હેરાન કરવું નહિ. પોતાની પ્રશંસા સાંભળી ખુશ થવું નહિ, તેમજ પોતાની નિન્દા સાંભળી દિલગીર થવું નહિ. તેણે બ્રહ્મચર્ય પાળવું અને સ્ત્રીસંગ ત્યજવો. જગતનું સાક્ષી, સર્વનો આત્મા, નિર્મળ, સર્વ પ્રાણીઓનો આધાર અને પ્રજ્ઞાનઘન એવું જે જગતરૂપે ભાસતું ચૈતન્ય છે, તે આપમેળે જ પ્રકાશે છે. કર્મ વડે અથવા પુત્ર ઉત્પન્ન કરવા વડે અથવા બીજા કોઈ પણ ઉપાય વડે બ્રહ્મ મળતું નથી, પણ માત્ર બ્રહ્મજ્ઞાન વડે જ તે મળે છે. સત્ય, જ્ઞાન અને આનંદરૂપ એ બ્રહ્મ માયા, અજ્ઞાન, વગેરેથી ભરેલા આ સંસારમાં છુપાયેલું

છે. પરમ આકાશમાં છુપાઈને રહેલા એ બ્રહ્મને જાણનારો કૃત-કૃત્ય થાય છે. એ એક બ્રહ્મ હું જ છું એમ જાણનારો પોતે બ્રહ્મરૂપ જ થાય છે.

આત્મામાંથી ક્રમે કરીને આકાશ વગેરે પાંચ તત્ત્વો ઉત્પન્ન થયાં અને એ પાંચ તત્ત્વોમાંથી બ્રહ્માંડ થયું. માણસના શરીરમાં પાંચ કોશ હોય છે—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય. એ કોશો ક્રમશઃ એકની અંદર એક એમ રહેલા હોય છે. છેક અંદર આનંદમય કોશ રહેલો છે, અને તે બીજા બધા કોશોનો આધાર છે. જો એ આનંદ ન હોય તો કોઈ પણ પ્રાણી જીવી શકે નહિ. એ આનંદ જ [illegible] જીવાત્માને કંઈક આનંદ આપે છે. [illegible]

૭૫–ભાવના ઉપનિષદ (સાર)

અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઈ, આભૂષણ, ગન્ધ, ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, પ્રદક્ષિણા, નમસ્કાર, વગેરે બાહ્ય પૂજાવિધિને બદલે તે બધાની માનસિક ભાવનાઓ વડે ઇષ્ટદેવતાની પૂજા કરવાથી જીવન્મુક્ત બનાય છે.

૭૬–રુદ્રહૃદય ઉપનિષદ (સાર)

રુદ્ર સર્વદેવોરૂપ છે અને સર્વદેવો રુદ્રરૂપ છે. જેઓ ગોવિંદને, શંકરને અથવા હરિને ભજે છે, તેઓ પણ રુદ્રને જ ભજે છે. જેઓ બીજા કોઈ દેવનો દ્વેષ કરે છે, તેઓ રુદ્રનો જ દ્વેષ કરે છે. બધી જડચેતન સૃષ્ટિ રુદ્ર-ઉમા સ્વરૂપ જ છે. પુરુષ-સૃષ્ટિ બધી રુદ્રરૂપ છે અને સ્ત્રીસૃષ્ટિ બધી ઉમારૂપ છે. આત્મા, અંતરાત્મા અને પરમાત્મા—એમ આત્મા ત્રણ પ્રકારે થાય છે. તેમાં બ્રહ્મા અંતરાત્મા છે, શંકર પરમાત્મા છે અને વિષ્ણુ બધાં પ્રાણીઓનો આત્મા છે. બ્રહ્મા રુદ્ર છે અને સરસ્વતી ઉમા છે. વિષ્ણુ રુદ્ર છે અને લક્ષ્મી ઉમા છે. સૂર્ય રુદ્ર છે અને તેની પત્ની છાયા ઉમા છે. ચંદ્ર રુદ્ર છે અને તારા ઉમા છે. અગ્નિ રુદ્ર છે અને તેની પત્ની સ્વધા ઉમા છે. યજ્ઞ રુદ્ર છે અને વેદિ ઉમા છે. પરા અને અપરા નામની બે વિદ્યા અહીં જાણવા જેવી છે. તેમાંની અપરા વિદ્યામાં ચાર વેદો અને ૭ વેદાંગોનો સમાવેશ થાય છે. જ્યારે પરા વિદ્યા વડે અવિનાશી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અદૃશ્ય, ન સમજાય એવા, નામ-રૂપ વિનાના, આંખ-કાન, હાથ-પગવિનાના, નિત્ય, વ્યાપક, સૂક્ષ્મ અને અવિનાશી એવા આત્માને બુદ્ધિમાન મનુષ્યો પોતામાં જ જુએ છે. એ સર્વજ્ઞ અને જ્ઞાનમય આત્મામાંથી જ આ આખું જગત પ્રગટ થાય છે. દોરડામાં સાપની જેમ જેને આધારે રહેલું

આ જગત સત્ય હોય તેવું ભાસે છે, તે અક્ષરબ્રહ્મ સત્ય છે. તેને જાણીને માણસ મુક્ત બને છે. અજ્ઞાનરૂપ મોટી ગાંઠને છેદી નાખીને અમૃતમય અને સત્યસ્વરૂપ બ્રહ્મને જાણું. એ બ્રહ્મમાં ચંદ્ર કે સૂર્ય પ્રકાશતા નથી, વાયુ વાતો નથી તેમજ બીજા કોઈ દેવો પણ નથી; પણ એ બ્રહ્મ તો પોતે જ વિશુદ્ધ અને નિર્મળ રૂપે પ્રકાશે છે. આ શરીરમાં જીવ અને ઈશ્વર નામનાં બે પક્ષીઓ સાથે રહેલાં છે. તેમાંનો જીવ કર્મનાં ફળને ભોગવે છે અને ઈશ્વર ભોગવ્યા વિના માત્ર સાક્ષીરૂપે રહેલો છે. એ જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ માયા વડે કલ્પાયેલો છે. જેમ ઘડામાં રહેલું આકાશ તેમજ મકાનમાં રહેલું આકાશ મહાન આકાશના જ ભેદ છે, તેમ જીવ અને શિવ પણ મહા ચૈતન્યે-ના જ કલ્પિત ભેદ છે. ખરું જોતાં તો શિવ અને જીવ એક ચૈતન્ય જ છે. [illegible] અને [illegible] પછી એ એક ચૈતન્યનું જ્ઞાન થતાં [illegible] કે [illegible] રહેતા નથી. અને પરમ આનંદની પ્રાપ્તિ

તેને મિતાહાર કહેવાય છે. આસનોમાં બે મુખ્ય છેઃ પદ્માસન અને વજ્રાસન. શક્તિચાલન એટલે કુણ્ડલિની નામની જે શક્તિ મૂલાધારચક્રમાં રહેલી છે, તેને ત્યાંથી ઉઠાડવી અને તેને સુષુમ્ણા નાડીવાટે ઊંચે ચઢાવવી. જુદાજુદા પ્રકારના પ્રાણાયામો વડે શક્તિચાલન થઈ શકે છે. શક્તિચાલન વડે બધા રોગો નાશ પામે છે. શરીરમાં રહેલો વાયુ પ્રાણ કહેવાય છે અને તેને રૂંધવાની ક્રિયાને પ્રાણાયામ કહેવાય છે. પ્રાણને રોકવાની ક્રિયાને કુંભક કહેવાય છે. કેવલ, સહિત, સૂર્યભેદી, શીતલી, ભસ્ત્રી, વગેરે કુંભકના પ્રકારો છે. બંધ નામની યોગની ક્રિયા ત્રણ પ્રકારની છે—મૂલબંધ, ઉડ્ડીયાણબંધ અને જાલંધરબંધ. આ બંધના અભ્યાસથી પ્રાણવાયુ સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરે છે. રોગ થવાની બીક, સંશય, પ્રમાદ, આળસ, નિદ્રા, કંટાળો, ભ્રાન્તિ, વગેરેને યોગનાં વિઘ્નો કહેવાય છે, માટે યોગસાધકે એનો ત્યાગ કરવો. આ યોગસાધના વડે જ્યારે કુણ્ડલિની શક્તિ જાગ્રત થઈને છ ચક્રો ભેદીને માથામાં રહેલા સહસ્ત્રારચક્રમાં જાય છે, ત્યારે સાધકને પરમતત્ત્વ પ્રાપ્ત થાય છે. એ શક્તિનું શિવ અર્થાત્ પરમતત્ત્વને મળવું, એ જ ઊંચામાં ઊંચી અને મોક્ષની અવસ્થા છે.

ખેચરી નામની એક વિદ્યા છે, કે જેને જાણનારો અમર બને છે, અને તેને મરણ, વ્યાધિ કે ઘડપણ આવતાં નથી. (આ વિદ્યા યોગની એક ક્રિયા હોવાથી અહીં વર્ણવી નથી. જિજ્ઞાસુએ તેને મૂળ ઉપનિષદમાં જોઈ લેવી.)

પિણ્ડની અથવા વ્યક્તિની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના જીવાત્માને અનુક્રમે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ કહેવાય છે. તે જ પ્રમાણે આખા બ્રહ્માંડની અથવા સમષ્ટિની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના ઈશ્વરાત્માને અનુક્રમે વિરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર કહેવાય છે. જીવ અને ઈશ્વર પોત-

વગેરેનું ચિંતન કરવું તે પણ તપ છે. આપમેળે આવી મળે તેના વડે હમેશ ખુશ રહેવું તે સંતોષ છે, તેમજ બ્રહ્મલોક સુધીના બધા વૈભવો તરફ વૈરાગ્ય હોઇ સર્વ ઠેકાણે આસક્તિ વિનાના રહેવું તે પણ સંતોષ છે. વેદ અને સ્મૃતિ વગેરેમાં વિશ્વાસ રાખવો તે શ્રદ્ધા છે. ન્યાયપૂર્વક મેળવેલું ધન સત્પાત્રને શ્રદ્ધા વડે આપવું તે દાન કહેવાય છે. આસક્તિ વિનાનું મન, અસત્ય વગેરે દોષથી રહિત વાણી, અને હિંસા વગેરે દોષથી રહિત કર્મ હોવાં તે ઈશ્વરપૂજન છે. સત્યરૂપ, જ્ઞાનરૂપ, અનંત, સૌથી ઊંચા, આનંદરૂપ, અચળ અને બધાની અંદર રહેલ તત્ત્વનું જ્ઞાન તે વેદાન્તશ્રવણ છે. વેદમાં અને દુનિયામાં નિંદા જેવાં કર્મો કરતાં જે શરમ થાય તે લજ્જા છે. વૈદિક કર્મો જે શ્રદ્ધા તે મતિ કહેવાય છે. ગુરુ વડે અને વેદો વગેરે વડે ઉપદેશાયેલા મંત્રનો અભ્યાસ તે જપ છે. જપ બે પ્રકારનો છે વાચિક અને માનસિક. વાચિક જપ બે પ્રકારનો છે: મોટેથી [illegible] કરવાનો અને [illegible] અથવા [illegible] કરવાનો. માનસિક જપ પણ બે પ્રકારનો છે—મનન અને ધ્યાન [illegible]

સત્ય છે. બીજાનાં તૃણ, રત્ન, સોનું અથવા મોતી વગેરેમાંથી મનને ખેંચી લેવું તે અસ્તેય (અથવા ચોરી ન કરવી તે) છે, તેમજ આત્મામાં અનાત્મારૂપે જે વ્યવહાર રહ્યો છે તેનો પરિત્યાગ કરવો તે પણ અસ્તેય છે. શરીર, મન અને વાણી વડે પરસ્ત્રીનો ત્યાગ કરી ઋતુકાલે પોતાની સ્ત્રીનો સમાગમ તે બ્રહ્મચર્ય છે, તેમજ બ્રહ્મમાં મનની વૃત્તિ રાખવી તે પણ બ્રહ્મચર્ય છે. શરીર, વાણી અને મન વડે બધાં પ્રાણીઓ તરફ પોતાના આત્માની જેમ જ કરુણા રાખવી તે દયા છે. પુત્ર, મિત્ર, સ્ત્રી, શત્રુ તેમજ પોતા તરફ પણ હંમેશ એકરૂપે જ વર્તવું તે સરળતા છે. મન, વાણી અને શરીર વડે શત્રુઓથી પીડાયા છતાં બુદ્ધિમાં ક્ષોભ ન થવા દેવો તે ક્ષમા છે. જ્ઞાન વડે જ સંસારમાંથી છૂટા થવાય છે, અને બીજી રીતે નહિ, એવી સમજ ઉપજવી તે ધૈર્ય કહેવાય છે. ચોથા ભાગનું પેટ ખાલી રહે તેમ જમવું તે મિતાહાર કહેવાય છે. માટી અને પાણી વડે શરીરને ચોખ્ખું રાખવું તે બહારનું શૌચ છે અને મનન તે માનસિક શૌચ છે, તેમજ હું શુદ્ધ છું એવું જ્ઞાન ને પણ શૌચ કહેવાય છે. શરીર અતિશય મલિન છે અને દેહી જીવાત્મા તદ્દન નિર્મળ છે; એ બે વચ્ચેનો ફરક જણાય તો પછી કોનું શૌચ હોઇ શકે ? જ્ઞાનરૂપ શૌચને છોડીને જે બહારના શૌચ પાછળ જ મંડે છે, તે સોનાને છોડી દઇને માટીનાં ઢેફાંને જ ગ્રહણ કરે છે. જ્ઞાનરૂપ અમૃત વડે તૃપ્ત થયેલા યોગીને કંઇ પણ કરવાનું હોતું નથી. અને જો તેને કંઇ કરવાનું હોય તો તે તત્ત્વવેત્તા નથી.

તપ, સંતોષ, શ્રદ્ધા, દાન, ઈશ્વરપૂજન, વેદાંતના સિદ્ધાન્તનું શ્રવણ, લજ્જા, મતિ, જપ અને વ્રત એ દસ નિયમો છે. વેદોમાં કહેલા કૃચ્છ્રચાન્દ્રાયણ વગેરે વડે શરીરને સૂકવી નાખવું તે તપ છે, તેમજ મોક્ષ શું, સંસાર મને કેવી રીતે લાગુ થયો,

પોતાના આવરણનો (અનુક્રમે અવિદ્યા અને માયાનો) નાશ થતાં પરમ આત્મામાં લીન થઈ જાય છે, અને તે જ પરબ્રહ્મ કહેવાય છે. હું કોણ છું, મને આ સંસાર કેવી રીતે પ્રાપ્ત થયો, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં મારું શું થાય છે, વગેરેનો વિચાર કરવો. એમ વિચાર કરતાં અજ્ઞાનનો નાશ થઈને પ્રત્યગાત્મા અંતઃકરણમાં જ પ્રગટ થાય છે. હરરોજ નિદ્રા આવતાં સુધી અને મરણ થતાં સુધી આ પ્રમાણે વિચાર અને ધ્યાન કરનારો મુનિ જીવન્મુક્ત બને છે. જીવન્મુક્ત બનેલા પછી યોગ્ય કાળે દેહ છોડીને તે વિદેહમુક્ત થાય છે.

૭૮—[illegible] ઉપનિષદ (સાર)

[illegible]

કુહૂ, વિશ્વોદરી, તપસ્વિની, શંખિની અને ગાંધારી છે. એ બધીયે નાડીઓમાં દશ પ્રકારના પ્રાણો ફરે છે. તે પ્રાણોનાં નામ પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય છે. (આ નાડીઓ અને પ્રાણોનાં કાર્યોનો સાર પાછળ 'યોગચૂડામણિ' વગેરે ઉપનિષદોમાં આપેલો છે, જે ત્યાં જોઈ લેવો.)

શ્રીપર્વત, કેદારનાથ, વારાણસી, કુરુક્ષેત્ર, પ્રયાગ, વગેરે તીર્થો આપણા શરીરમાં જ રહેલાં છે. આત્મારૂપ તીર્થને છોડી દઈને જે બહારનાં તીર્થોની યાત્રા કરે છે, તે હાથમાં રહેલા મોટા રત્નને છોડી દઈને કાચની શોધમાં નીકળે છે. યોગીઓ બહારનાં તીર્થોને અને લાકડાં વગેરેની મૂર્તિઓને પૂજતા નથી, કેમકે તેઓને પોતાના આત્માનો અનુભવ થયેલો હોય છે. જો અંદર રહેલું ચિત્ત મલિન હોય તો તે સેંકડો વાર તીર્થમાં નાહવાથી પણ શુદ્ધ થતું નથી. યોગીઓ પરમાત્માને પ્રતિમાઓમાં જોતા નથી પણ પોતાના આત્મામાં જ જુએ છે. જે બ્રહ્મને અને પોતાના આત્માને એકરૂપે, પ્રજ્ઞાનઘનરૂપે અને આનંદરૂપે જુએ છે, તે જ ખરો તત્ત્વદર્શી છે. શરીરોની અંદર રહેલા છતાં શરીરવિનાના, મહાન, વ્યાપક, અને સાક્ષાત આનંદરૂપ ઈશ્વરને જાણીને બુદ્ધિમાન પુરુષ શોકને છોડી દે છે.

પર્વતના શિખર પર, અથવા નદીકિનારે, અથવા વનમાં બીલના વૃક્ષ નીચે, મનોહર અને પવિત્ર જગામાં ઝૂંપડી બાંધી તેમાં શાંતિપૂર્વક આસન, પ્રાણાયામ વગેરે યોગની ક્રિયાઓ કરવી. પ્રાણાયામ શરૂ કરતાં પહેલાં નાડીશુદ્ધિનો અભ્યાસ કરવો. નાડીઓ [illegible] થવાથી શરીરનું હલકાપણું, જઠરાગ્નિની દીપ્તિ અને નાદનો [illegible] પ્રગટ થાય છે. અથવા તો આ નાડીશુદ્ધિને છોડી [illegible] શુદ્ધિનું જ આચરણ કરવું. એકે આત્મા તો સદા [illegible]ર અને પોતાની મેળે જ પ્રકાશનારો છે. છતાં અજ્ઞા[illegible] ને [illegible] છે. માટે એ અજ્ઞાનરૂપ

જળ અને પૃથ્વી એ પાંચની અનુક્રમે શરીરમાં રહેલા આકાશ, પ્રાણ, અગ્નિ, જળ અને પૃથ્વીમાં ધારણા કરવી. શરીરમાં ઘૂંટણ સુધી પૃથ્વીનો અંશ ગણાય છે, ગુદા સુધી જળનો, હૃદય સુધી અગ્નિનો, ભવાંના વચલા ભાગ સુધી વાયુનો અને માથા સુધી આકાશનો અંશ ગણાય છે. એ પાંચમાં અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ, અગ્નિ, મહેશ્વર અને સદાશિવની ધારણા કરવી. અથવા તો આત્મામાં મનની ૐકારવડે ધારણા કરવી.

યોગનું સાતમું અંગ ધ્યાન છે. વિશ્વરૂપ બનેલો ઈશ્વર હું જ છું એવું ધ્યાન કરવું. અથવા સચ્ચિદાનન્દરૂપ, શબ્દ–સ્પર્શ વગેરેથી પર, અનાદિ, અનન્ત બ્રહ્મ હું જ છું એમ ધ્યાન કરવું.

પરમાત્મા અને જીવાત્મા એક જ છે એવું ભાન પ્રગટ થવું તે સમાધિ કહેવાય છે. 'નિત્ય અને બધે રહેલો આત્મા સ્વરૂપે તો એક જ છે, પણ માયારૂપ ભ્રાન્તિવડે જ અનેકરૂપે ભાસે છે. આથી ખરેખર તો અદ્વૈત જ છે અને સંસાર કે પ્રપંચ જેવું કાંઇ છે જ નહિ. જેવી રીતે આકાશ જ ઘટાકાશ, મઠાકાશ, (ઘડામાં રહેલું અને મકાનમાં રહેલું આકાશ) વગેરે રૂપે થાય છે, તેવી જ રીતે એક જ આત્મા જીવ, ઈશ્વર વગેરે રૂપે કહેવાય છે. આથી હું શરીર, ઈંદ્રિય કે મન નથી, પણ હમેશ સાક્ષીરૂપ રહેલો માત્ર પરમાત્મા જ છું.' આ પ્રમાણેનું ભાન સમાધિ કહેવાય છે. હું બ્રહ્મ છું અને સંસારી નથી તેમજ મારાથી જુદું બીજું કાંઇ જ નથી. જેમ ફીણ, તરંગ વગેરે સમુદ્રમાંથી ઊઠીને પાછા સમુદ્રમાં જ સમાઈ જાય છે, તેમ જગત પણ મારામાં જ સમાઈ જાય છે. આથી મન અને જગતરૂપ માયા જેવી કોઇ જુદી વસ્તુઓ છે જ નહિ. જેને આ પ્રમાણે પરમાત્માનું ભાન થયું છે, તે પોતે પરમાત્મસ્વરૂપ જ બની ગયો છે. જ્યારે કોઇ બધા પ્રાણીઓને પોતાના આત્મામાં જ જુએ છે અને પોતાના આત્માને બધા પ્રાણીઓમાં જુએ છે. ત્યારે તેને

બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જ્યારે તે સમાધિમાં પડીને કોઈ પણ પ્રાણી (અથવા વસ્તુને) જોતો નથી, ત્યારે તે પરમતત્ત્વ સાથે એક બની જાય છે. જ્યારે તે આખા જગતને માત્ર માયારૂપે જ જુએ છે અને એક માત્ર આત્માને જ જુએ છે, ત્યારે તેને નિર્વાણ પ્રાપ્ત થાય છે.

૮૨—તારસાર ઉપનિષદ (સાર)

ૐ નમો નારાયણાય—એ મંત્ર વડે ચૈતન્યસ્વરૂપ અને સંસારમાંથી તારનારા બ્રહ્મની ઉપાસના કરવી. આ મંત્રમાં 'ૐ' અક્ષર આત્મસ્વરૂપ છે, 'નમો' એ બે અક્ષરો [illegible]

[illegible]

૮૩—[illegible] ઉપનિષદ (સાર)

[illegible]

પ્રમાણે જાણનારો અમરપણાને પામે છે. ત્યાં જવાનો આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. હું જ સૂર્ય છું, હું જ પરમજ્યોતિ છું, હું જ શિવ છું, હું જ આત્મજ્યોતિ છું, હું જ સર્વ જ્યોતિ છું.

૮૪–પંચબ્રહ્મ ઉપનિષદ (સાર)

સદ્યોજાત, અઘોર, વામદેવ, તત્પુરુષ અને ઈશાન એ પાંચ નામવાળા મહેશ્વર આ જગતની પહેલાં હતા. એ મહેશ્વર જ એ પાંચ નામે અનુક્રમે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના અધિષ્ઠાતા દેવ થયા. તેમજ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને ૐકાર એ પાંચ પણ સદ્યોજાત વગેરે પાંચમાંથી અનુક્રમે થયા. આ પંચબ્રહ્મ અર્થાત્ પાંચરૂપે રહેલું બ્રહ્મ પોતામાં જ રહેલું છે એમ ગણવું. માયાથી પર રહેલા અને વિશ્વને પ્રકાશમાન કરનારા મહાદેવને માયા વડે મૂઢ બનેલા દેવો જાણતા નથી. એ પરમપુરુષનું સ્વરૂપ દૃષ્ટિનો વિષય થઈ શકતું નથી. જેના વડે આ વિશ્વ ભાસમાન થાય છે અને જેની અંદર એ લય પામે છે, તે પરમ શાન્ત બ્રહ્મ હું જ છું. જે જે કાંઈ આ જગતમાં દેખાય છે, તે બધું સદ્યોજાત વગેરે પાંચરૂપના બ્રહ્મનું જ કાર્ય છે. એ પંચબ્રહ્માત્મક સર્વ વસ્તુઓનો પોતામાં લય કરીને એ પંચબ્રહ્મ હું જ છું એમ જાણનારો બ્રહ્મરૂપ થાય છે.

માટીનો એક પિંડો જણાતાં માટીની બધી ય વસ્તુઓનું જ્ઞાન થાય છે; કારણ કે માટીની વસ્તુઓરૂપ કાર્યો માટીરૂપ કારણથી જુદાં નથી. તેવી રીતે એક બ્રહ્મના જ્ઞાન વડે આખા જગતનું જ્ઞાન થાય છે, કારણ કે બ્રહ્મ અને જગત વચ્ચેનો ભેદ મિથ્યા છે અને કારણ અને કાર્ય બન્ને એક જ વસ્તુ છે. હૃદયકમળની વચમાં જે અત્યંત સૂક્ષ્મ આકાશ રહેલું છે, તે જ સચ્ચિદાનંદ છે.

૮૫—પ્રાણાગ્નિહોત્ર ઉપનિષદ (સાર)

દેહ એ યજ્ઞની આહુતિ આપવા માટેનું અગ્નિહોત્ર છે. શરીરમાં જે યજ્ઞ ચાલી રહ્યો છે, તેમાં આત્મા યજમાન (યજ્ઞ કરનારો) છે, બુદ્ધિ પત્ની છે, અહંકાર અધ્વર્યુ છે, ચિત્ત હોતા છે. પ્રાણ-અપાન વગેરે પાંચ બ્રાહ્મણો છે, અને શરીર વેદિ છે.

૮૬—ગોપાલપૂર્વતાપિની ઉપનિષદ (સાર)

વિજ્ઞાનરૂપ અને પરમ આનન્દરૂપને નમસ્કાર. કૃષ્ણ, ગોપીનાથ અને ગોવિન્દને નમસ્કાર. કમળ જેવાં નેત્રવાળા અને કમળની માળા ધારણ કરનારને નમસ્કાર. જેની નાભિમાંથી કમળ ઊગ્યું છે તેવા અને કમલા (લક્ષ્મી)ના પતિને નમસ્કાર. મોરપીંછનો મુગટ પહેરનારા, સુન્દર અને પૂર્ણ બુદ્ધિવાળાને નમસ્કાર. રમા (લક્ષ્મી)ના માનસ (સરોવર તેમજ મન)માં વિહરનારા હંસ એવા ગોવિન્દને નમસ્કાર. કંસ, કેશિ અને ચાણૂર નામના અસુરોને મારનારા, રુદ્રથી પૂજાયેલા અને અર્જુનના સારથિને નમસ્કાર. વેણુના નાદવડે આનન્દ પામનારા અને કાલીય-નાગનું દમન કરનારા ગોપાલને નમસ્કાર. હે ગોવિન્દ, હે પર-માનન્દ, મારા પર કૃપા કર, શારીરિક તેમજ માનસિક રોગોમાંથી મને ઉગાર. હે શ્રીકૃષ્ણ ! સંસારસાગરમાં ડૂબેલા એવા મને તું તાર.

૮૭—ગોપાલઉત્તરતાપિની ઉપનિષદ (સાર)

એકવાર વ્રજવાસી સ્ત્રીઓએ શ્રીકૃષ્ણને પૂછ્યું: 'અમે કયા બ્રાહ્મણને ભિક્ષા આપીએ ?' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું: 'દુર્વાસાને આપો.' તેઓએ પૂછ્યું: 'પણ યમુનાજીનાં પાણી ઓળંગીને કેવી રીતે જઈએ ?' શ્રીકૃષ્ણે કહ્યું: 'કૃષ્ણ બ્રહ્મચારી છે એમ કહેશો એટલે તમને પાણી માર્ગ આપશે.' આ પ્રમાણે તેઓએ કર્યું અને જમુના ઓળંગી દુર્વાસામુનિને ઉત્તમ ભોજન આપ્યું. પાછા જવાની દુર્વાસાએ આજ્ઞા આપતાં તેઓએ દુર્વાસાને પૂછ્યું: 'અમે કેવી રીતે યમુના ઓળંગી સામે પાર પાછાં જઈએ ?' દુર્વાસાએ કહ્યું. 'હું કે જે ઉપવાસી છું તેનું સ્મરણ કરજો એટલે એ તમને માર્ગ આપશે.' આ સાંભળી તેઓને વિચાર થયો, 'આપણી સાથે ક્રીડા કરનારા શ્રીકૃષ્ણ બ્રહ્મચારી કેવી રીતે હોઈ શકે ! અને હમણાં જ ભોજન કર્યું છતાં દુર્વાસામુનિ ઉપવાસી

કેવી રીતે હોઈ શકે ?' તેમનો આ વિચાર જાણી લઈને દુર્વાસા મુનિએ કહ્યું: 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ ગુણો તો અનુક્રમે આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વીના છે પણ આત્મા તો એ પાંચ ગુણો તેમજ પાંચ મહાભૂતોથી ભિન્ન છે અને તેઓની અંદર રહેલો છે. તેઓ એ આત્માને જાણતા નથી. હું એ આત્મા હોઈને ભોક્તા કેવી રીતે થાઉં ! વળી આ ભોજનનો વિચાર તો મન વડે થાય છે. પણ જ્યાં બધું આત્મરૂપ જ બની ગયું હોય, ત્યાં વિચાર શાનો ! આમ હું આત્મા હોઉં કેવી રીતે ભોક્તા થાઉં ! શ્રીકૃષ્ણ પણ ગુણ અને સર્વ શરીરના કારણ અને સાક્ષી છે. છતાં ભોક્તા બને છે, ત્યારે

જગત ઉત્પન્ન કરનારી અને કૃષ્ણના જ સ્વરૂપવાળી મૂળ પ્ર રુક્મિણી છે.

પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, ઇન્દ્રિયો, ભૂ વગેરે સર્વના આત્મારૂપ કૃષ્ણને નમસ્કાર. સર્વ પ્રાણીઓના આત્મારૂપે અને જાગ્રત વગેરે ચારે અવસ્થાઓરૂપ કૃષ્ણને નમસ્કાર. એક જ પરમાત્મા પ્રાણીમાત્રમાં છુપાઇને રહેલા છે સર્વવ્યાપક છે, અને સર્વ ભૂતોના અન્તરાત્મા છે. એ પરમાત્મા જ બધાંય કર્મોના અધ્યક્ષ તેમજ સાક્ષી છે, અને ચૈતન્યરૂપ કેવલ અને નિર્ગુણ છે.

૮૮—કૃષ્ણ ઉપનિષદ (સાર)

નન્દ પરમાનન્દ છે. યશોદા મુક્તિ છે. દેવકી બ્રહ્મવિદ્યા છે વસુદેવ વેદ છે. કૃષ્ણ અને બળરામ તે વેદોનો અર્થ છે. ગોપીઓ અને ગાયો વેદની ઋચાઓ છે. કૃષ્ણની લાકડી બ્રહ્મા છે. વાંસળી રુદ્ર છે. શિંગડું ઇન્દ્ર છે, ગોકુળ વૈકુંઠ છે અને ત્યાંનાં વૃક્ષો તપસ્વી મુનિઓ છે. ગોવાળરૂપ કૃષ્ણ માયા વડે શરીર ધારણ કરનારા ઈશ્વર છે, અને તે જ બ્રહ્મ છે. ચાણૂર-મલ્લ દ્વેષ છે, મુષ્ટિકાસુર મત્સર છે, કુવલયાપીડ હાથી દર્પ છે અને બકાસુર ગર્વ છે. રોહિણી દયા છે. સત્યભામા અહિંસા છે, અઘાસુર મહાવ્યાધિ છે. કંસ કલિ છે. સુદામા મનોનિગ્રહ છે. અક્રૂર સત્ય છે અને ઉદ્ધવ ઇન્દ્રિયનિગ્રહ છે. શ્રીકૃષ્ણનો શંખ લક્ષ્મી છે. કશ્યપ ઉખળ છે. અદિતિમાતા દોરડું છે. કાલિકામાતા ગદા છે. શાર્ઙ્ગ ધનુષ વિષ્ણુની માયા છે. શ્રીકૃષ્ણના હાથમાં રહેલું કમળ તે જગતનું બીજ છે. અને તુલસીની માળા ભક્તિ છે. આ બધાં શ્રીકૃષ્ણથી જુદાં નથી અને શ્રીકૃષ્ણ તેઓથી —

અને તારાઓ રહે તેટલો લાંબો સમય ટકો, પણ તેના વડે ચૈતન્યરૂપ મારામાં શો ફરક થવાનો છે? કાંચળીને છોડી દેનારા સાપને એ કાંચળીમાં શાની મમતા રહે? બ્રહ્મત્વનું ભાન થતાં જીવપણું રહેતું નથી અને અદ્વૈતતત્ત્વનો બોધ થયા પછી વાસના રહેતી નથી. જે અજ્ઞાન જ નથી, તો પછી જગત કયાંથી હોય અને જીવ, ઈશ્વર, ગુરુ વગેરે પણ કયાંથી હોય? હું તો કેવળ એક ચૈતન્યરસથી ભરેલું અને પરિપૂર્ણ બ્રહ્મ જ છું. જેમ પાણીમાં નાખેલું મીઠું તેમાં ઓગળીને એકરસ થઈ જાય છે, તેમ આત્મા અને મનની જે એકતા તે સમાધિ કહેવાય છે. જેમ સંગીતના તાલ, લય અને વાજિંત્ર વગેરે પર ધ્યાન રાખવા છતાં કોઈ નૃત્ય કરતી સ્ત્રી પોતાના માથા પર રહેલા ઘડાને નીચે પડવા ન દેવો એવું ધ્યાન રાખે છે, તેમ ઝીણામાં ઝીણા વિષયોને જોતો હોવા છતાં પણ યોગી બ્રહ્મના ચિન્તનની બુદ્ધિને છોડી દેતો નથી.

એક જ વસ્તુ જુદીજુદી કદી પણ થતી નથી, આથી હું અખણ્ડ જ છું; કેમકે મારાથી જુદું કાંઈ જ નથી. જે જે કાંઈ દેખાય છે કે સંભળાય છે, તે બધું નિત્ય, શુદ્ધ, મુક્ત, આનન્દમય, સત્ય, જ્ઞાનમય અને અનન્ત એવું પરબ્રહ્મ જ છે, અને એ પરબ્રહ્મ હું જ છું. વાદળાં જેમ આકાશને સ્પર્શી શકતાં નથી, તેમ આનન્દ અને જ્ઞાનરૂપ એવા મને સંસારનાં દુઃખો સ્પર્શી શકતાં નથી. પરમ યોગીને માટે તો બધું ચૈતન્ય હોવાથી, તેને જન્મ, મરણ, જવું, આવવું, મળ, નિર્મળતા વગેરે કાંઈ હોતું નથી. કદી પણ મારો નાશ ન થતો હોઈ હું હમેશ સત્-રૂપ જ છું, અને હમેશ આનન્દરૂપ છું. ધનની ઇચ્છાથી ધનવાનની જેટલા આદર વડે સ્તુતિ કરાય છે, તેટલા આદરથી જો વિશ્વકર્તાની સ્તુતિ થાય તો કોણ મુક્ત ન બને? રૂપું જેમ છીપમાં કલ્પાય છે, તેમ આખું માયામય જગત મારા-

૯૧—શાટ્યાયનીય ઉપનિષદ (સાર)

મનુષ્યોના બંધન અને મોક્ષનું કારણ મન જ છે. વિષયો તરફ વળેલું મન બંધનને અને તેનાથી દૂર થયેલું મન મોક્ષને આપે છે. ચિત્ત જ સંસાર છે, માટે તેને પ્રયત્ન વડે શુદ્ધ કરવું. જેમાં ચિત્ત લય તેવો માલુમ થાય છે. સત્શાસ્ત્ર જાણ્યા વિના બ્રહ્મનું જ્ઞાન થતું નથી અને બ્રહ્મજ્ઞાન વિના પરમધામમાં જવાતું નથી. ત્રણ આશ્રમોમાં રહીને પછી સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરવો. કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એવા સંન્યાસીના ચાર પ્રકાર છે. આ બધા ય સંન્યાસીઓ ચિત્તને શુદ્ધ કરીને, અને આત્મા વડે આત્મામાં જ બ્રહ્મની ભાવના કરીને પવિત્ર બને છે. સંન્યાસીએ સદા [illegible] વડે [illegible] અને સેવવો. વાણી, મન અને શરીર વડે [illegible] ઉપનિષદો [illegible] [illegible] કહેવાય છે. [illegible]

બહારના અને અંદરના પદાર્થોનું જાણે કે કોઈ બીજાને જ થતું હોય તેવું ભાન થવું, તે પદાર્થભાવના નામની છઠ્ઠી ભૂમિકા છે. છ ભૂમિકાના લાંબા અભ્યાસથી બધા ભેદોનો લય થઈ જતાં એક આત્મસ્વરૂપમાં જ સ્થિરતા થઈ જવી, તે તુર્યગા નામની સાતમી ભૂમિકા છે. સાધક પહેલી ત્રણ ભૂમિકામાં મુમુક્ષુ કહેવાય છે, ચોથીમાં બ્રહ્મવિદ, પાંચમીમાં બ્રહ્મવિદ્વર, છઠ્ઠીમાં બ્રહ્મવિદ્વરીયાન અને સાતમીમાં બ્રહ્મવિદ્વરિષ્ઠ કહેવાય છે.

સુખમાં અથવા દુઃખમાં પણ જેનું મન ઉદય કે અસ્ત પામતું નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. રાગ, દ્વેષ, ભય વગેરે અનુસાર બહારથી રહેતો હોવા છતાં પણ અંદરથી જે આકાશની જેમ વિકારરહિત રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ક્રિયા કરતો હોય કે ન કરતો હોય તોપણ જેને અહંકાર ઉત્પન્ન થતો નથી અને જેની બુદ્ધિ મલિન થતી નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. લોકો જેનાથી ઉદ્વેગ પામતા નથી, જે લોકોથી ઉદ્વેગ પામતો નથી, અને જે હર્ષ, શોક અને ભયથી મુક્ત છે, તે જીવન્મુક્ત કહેવાય છે. મનની બધી કામનાઓને જે છોડી દે છે અને સર્વાત્મક એવા બ્રહ્મમાં સંતોષી રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. આ જગત હું જ છું અને જે બધું દેખાય છે તે બધું અવાસ્તવિક છે એમ નિશ્ચય થયો હોઈ જેના ચિત્તમાં કાંઈ પણ સ્ફુરતું નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.

શરીર પાંચ મહાભૂતનું બનેલું છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ—એ આઠ યોગનાં અંગો છે.* એ યોગની સાધના વડે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને જીવન્મુક્ત બનાય છે.

* આ બધા અંગાનું વર્ણન આગળ અનેક ઉપનિષદોમાં આપવામાં આવ્યું છે, તેથી અહીં પાછું આપ્યું નથી. (જુઓ: [illegible] ઉપનિષદનો સાર પાન ૫૧૭)

૯૨–હયગ્રીવ ઉપનિષદ (સાર)

નારદજીએ બ્રહ્મા પાસે જઈને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન માગ્યું, ત્યારે બ્રહ્માએ શ્રીહયગ્રીવ ભગવાનના મંત્રો આપ્યા અને તેનો જપ કરવાનું કહ્યું; અને છેવટે કહ્યું કે એ મંત્રો વેદાન્તનાં ચાર મહાવાક્યોના અર્થનું જ પ્રતિપાદન કરે છે. જે આ મંત્રોને જાણે છે, તેનાં બધાં પાપ નાશ પામે છે. તેમજ હયગ્રીવ ભગવાનના પ્રભાવ વડે તે મહાપુરુષ થાય છે અને જીવન્મુક્ત બને છે.

૯૩–દત્તાત્રેય ઉપનિષદ (સાર)

બ્રહ્માને નારાયણે દત્તાત્રેયના મંત્રો આપ્યા, અને તેઓના જપનો વિધિ બતાવ્યો, અને પછી કહ્યું કે જે એનો નિત્ય અભ્યાસ કરે છે તેને સચ્ચિદાનંદ પરમાત્માનું સુખ પ્રાપ્ત થાય છે અને મોક્ષ મળે છે.

૯૪–ગરુડ ઉપનિષદ (સાર)

બ્રહ્મા,નારદ,બૃહત્સેન,ઇન્દ્ર અને ભરદ્વાજ,અને તેના જીવત્કામ નામના શિષ્યો—એમ પરંપરાએ ઊતરી આવેલી ગારુડબ્રહ્મ નામની મંત્રવિદ્યા છે. એ મંત્રનો જપ કરવાથી બધા વિઘ્નો નાશ થાય છે. ગરુડ પક્ષીની સ્તુતિ કરીને આ મંત્રપ્રયોગ કરવાથી સાપ, વીંછી, ઘરોળી વગેરે બધાનાં વિષ દૂર કરી શકાય છે. જે આ વિદ્યાને અમાસને દિવસે સાંભળે છે, અથવા તેનો પાઠ કરે છે તેને જિંદગીભર સાપ કરડતા નથી.

પ્રમાદરહિત બનેલો યોગી ચિરકાળ સુધી આનંદમાં રહે છે. ઊંઘ પૂરી થયા બાદ શાન્ત અને એકાન્ત પ્રદેશમાં હમેશાં પ્રાણાયામનો અભ્યાસ કરવો. મોં વડે બહારના વાયુને અંદર ખેંચવો અને અપાનવાયુનું આકર્ષણ કરી તેને સ્થિર કરવો. તેમજ બે કાન, બે આંખ અને બે નસકોરાંને હાથના બે અંગૂઠા અને આંગળીઓ વડે બંધ કરીને બેસવું. એમ કરતાં પવિત્ર નાદ સ્પષ્ટ સંભળાય છે. યોગ વડે પરમતત્ત્વરૂપ બનવું. અહં-ભાવને છોડી દઈ વિકલ્પરહિત અવસ્થામાં સ્થિર બનેલો જ્ઞાની જગતરૂપ કલ્પનાનો વિચાર કરતો નથી. જેમ પાણીમાં મીઠું મળી જાય, તેમ યોગ વડે જ્યારે આત્મા અને મન એક બને છે, ત્યારે તેને સમાધિ કહેવાય છે. પ્રાણ અને મન એ બન્નેનો લય થઈ જતાં જે સમરસરૂપ સ્થિતિ થાય છે, તે સમાધિ કહે-વાય છે. જે સ્થિતિમાં જીવાત્મા અને પરમાત્મા બન્ને એક બને છે અને બધા સંકલ્પોનો નાશ થાય છે, તે સ્થિતિને સમાધિ કહેવાય છે. જ્યાં જ્યાં મન જાય, ત્યાં ત્યાં બધે જ પરમપદ અથવા પરબ્રહ્મ એકસરખું જ રહેલું છે એમ જાણ.

કુણ્ડલિનીયોગની સાધનામાં નવ ચક્રોનો ઉપયોગ થાય છે. તેનાં નામો આ પ્રમાણે છે—મૂલાધાર, સ્વાધિષ્ઠાન, નાભિચક્ર, મણિપૂરક, કણ્ઠચક્ર, તાલુચક્ર, ભ્રૂચક્ર, આજ્ઞાચક્ર અને બ્રહ્મરન્ધ્ર. —આ દરેકના ધ્યાન વડે જુદીજુદી સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

૯૮—સરસ્વતીરહસ્ય ઉપનિષદ (સાર)

કેટલાક ઋષિઓએ ભગવાન આશ્વલાયન મુનિને પૂછયું: "ભગવન્! કયા ઉપાય વડે તત્ત્વનું જ્ઞાન થાય છે? અને કોની ઉપાસના કરીને આપને તત્ત્વનું જ્ઞાન થયું છે? તે કહો.'

આશ્વલાયન મુનિએ ઉત્તર આપ્યો: 'સરસ્વતીદેવીની સ્તુતિ અને જપ કરવાથી મને પરમ સિદ્ધિ મળી છે.' ત્યારપછી ઋષિઓ-

ગુણવાળી પ્રકૃતિ માયા કહેવાય છે, અને એ માયા સર્વજ્ઞ ઈશ્વરની ઉપાધિ છે. એ ઈશ્વર સાત્વિક હોઈ, સમષ્ટિરૂપ હોઈ તેમજ બધાં જગતોનો સાક્ષી હોઈ કરવાને, ન કરવાને અને ઊંધું કરવાને સમર્થ છે. ઈશ્વરની માયામાં બે શક્તિ રહેલી છે—વિક્ષેપ-શક્તિ અને આવરણશક્તિ. વિક્ષેપશક્તિ આખા બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે, અને એ શક્તિ જ દ્રષ્ટા અને દશ્ય (જોનારું ચૈતન્ય અને જોવાની વસ્તુ)ની ભિન્નતાને જન્માવે છે. બીજી આવરણ-શક્તિ બ્રહ્મને ઢાંકી દે છે, અને તેમ કરીને સંસારનું કારણ બને છે. આવરણનો નાશ થઈ જતાં જગત અને બ્રહ્મનો ભેદ નાશ પામે છે. જેને અસ્તિ, ભાતિ અને પ્રિય (અર્થાત્ સત્, ચિત્ અને આનંદ; અર્થાત્ હોવાપણું, ભાન થવાપણું અને આનંદ પામવા-પણું) કહે છે તે ત્રણ બ્રહ્મનાં લક્ષણો છે; જ્યારે નામ અને રૂપ એ બે જગતનાં લક્ષણો છે. આથી નામ અને રૂપને છોડી દઈને સચ્ચિદાનન્દરૂપમાં લીન બની સમાધિમાં રહેવાનો અભ્યાસ કરવો. એ સમાધિ સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની છે. તેમાં સવિકલ્પ સમાધિ બે પ્રકારની છે. ચિત્તમાં રહેલા કામ વગેરેના સાક્ષીરૂપે ચૈતન્યનું ધ્યાન કરવું, તે પહેલા પ્રકારની સવિકલ્પ સમાધિ છે. સંગરહિત, સચ્ચિદાનન્દરૂપ અને દ્વૈત વિનાનું બ્રહ્મ હું જ છું એવું ધ્યાન કરવું. ને બીજા પ્રકારની સવિકલ્પ સમાધિ છે. અનુભવનું આસ્વાદન થતાં નામ અને રૂપથી જુદા થઈ જઈ તદ્દન સ્તબ્ધ બની જવું. ને નિર્વિકલ્પ સમાધિ છે. સમાધિના અભ્યાસ વડે શરીરના અભિમાનનો નાશ થઈ જતાં અને પરમાત્માનું જ્ઞાન થતાં હૃદયની બધી ગાંઠો ભેદાઈ જાય છે અને બધા સંશયો છેદાઇ જાય છે. મારામાં જીવપણું અને ઈશ્વરપણું માત્ર કલ્પિત જ છે અને ખરું જોતાં છે જ નહિ એમ જે જાણે છે. તે મુક્ત જ છે.

ચાર વેદોનાં જુદાંજુદાં ઉપનિષદોનાં નામો નીચે મુજબ છે:

૧. ઋગ્વેદ:— ૧. ઐતરેય, ૨. કૌષીતકિ, ૩. નાદબિન્દુ, ૪. આત્મબોધ, ૫. નિર્વાણ, ૬. મુદ્‌ગલ, ૭. અક્ષમાલિકા, ૮. ત્રિપુરા, ૯. સૌભાગ્યલક્ષ્મી, અને ૧૦. બહ્વૃચ.

૨. યજુર્વેદ:—

(અ) શુક્લ યજુર્વેદ:—૧. ઈશ, ૨. બૃહદારણ્યક, ૩. જાબાલ, ૪. હંસ, ૫. પરમહંસ, ૬. સુબાલ, ૭. મંત્રિકા, ૮. નિરાલંબ, ૯. ત્રિશિખિબ્રાહ્મણ, ૧૦. મણ્ડલબ્રાહ્મણ, ૧૧. અદ્વયતારક, ૧૨. પૈંગલ, ૧૩. ભિક્ષુક, ૧૪. તુરીયાતીતાવધૂત, ૧૫. અધ્યાત્મ, ૧૬. તારસાર, ૧૭. યાજ્ઞવલ્કય, ૧૮. શાટ્યાયની, અને ૧૯. મુક્તિકા.

(આ) કૃષ્ણ યજુર્વેદ:—૧. કઠ, ૨. તૈત્તિરીય, ૩. બ્રહ્મ, ૪. કૈવલ્ય, ૫. શ્વેતાશ્વતર, ૬. ગર્ભ, ૭. નારાયણ, ૮. અમૃતબિન્દુ. ૯. અમૃતનાદ, ૧૦. કાલાગ્નિરુદ્ર, ૧૧. ક્ષુરિકા, ૧૨. સર્વસાર, ૧૩. શુકરહસ્ય, ૧૪. તેજોબિન્દુ, ૧૫. ધ્યાનબિન્દુ, ૧૬. બ્રહ્મવિદ્યા, ૧૭. યોગતત્ત્વ, ૧૮. દક્ષિણામૂર્તિ, ૧૯. સ્કન્દ, ૨૦. શારીરક, ૨૧. યોગશિખા, ૨૨. એકાક્ષર, ૨૩ અક્ષિ, ૨૪. અવધૂત, ૨૫. કઠરુદ્ર, ૨૬. રુદ્રરહસ્ય, ૨૭. યોગકુણ્ડલિની, ૨૮. પંચબ્રહ્મ, ૨૯. પ્રાણાગ્નિહોત્ર, ૩૦ વરાહ, ૩૧. કલિસંતરણ, અને ૩૨. સરસ્વતીરહસ્ય.

શ્રીભગવદ્‌ગીતાઃ–શ્લોક તથા તેની નીચે ભાષાંતરવાળી–આવૃત્તિ ૧૫ મી,
ક્રદ ૩ા×૫, પૃષ્ઠ ૪૪૮, બાઈંડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૦–૭–૦

શ્રીભગવદ્‌ગીતા–માત્ર ગુજરાતી ભાષાંતર–બાઈંડપટ્ટીનાં પૂંઠાં, પૃષ્ઠ ૨૮૮,
ક્રદ ૩ા×૫, મૂલ્ય રૂપિયા ૦–૪–૦

श्रीपंचरत्न भगवद्गीता—

*શ્રીપંચરત્નગીતા–મોટા અક્ષરોમાં, પાકાં પૂઠાં, ક્રદ ઇંચ ૫×૯, પૃષ્ઠ ૬૦૦,
બાઈંડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૧–૧૦–૦

संतपुरुषोनां जीवनचरित्रो—

બુદ્ધચરિત્ર તથા અન્ય સંતપુરુષો–આવૃત્તિ ૨ જી	૪૯૬	૨–૦–૦
રામકૃષ્ણ પરમહંસ–ચરિત્ર–આવૃત્તિ ૨ જી... ...	૬૦૮	૨–૮–૦
સ્વામી વિવેકાનંદ–ચરિત્ર–ભાગ ૯ મો–આવૃત્તિ ૨ જી	૭૮૪	૩–૦–૦
સ્વામી રામતીર્થ–ચરિત્ર–ગ્રંથ ૪ થો–આવૃત્તિ ૨ જી	૬૭૨	૩–૦–૦
સંત તુકારામ–વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨–૮–૦
ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧ થી ૫–ત્રણ ગ્રંથો (સચિત્ર)	૧૫૯૬	૬–૮–૦
જ્ઞાનેશ્વર મહારાજ અને મહાત્મા એકનાથ ...	૫૦૪	૨–૮–૦
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો	૪૨૪	૧–૬–૦
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦–૦
મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત ને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦–૦
ભક્તચરિત્ર–૨૯ ભક્તોનાં ચરિત્રો–આવૃત્તિ ૨ જી ...	૫૨૮	૧–૮–૦
*આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૧ લો–૫૨ ચરિત્રો ...	૬૩૬	૧–૧૨–૦
" " –ભાગ ૨ જો–૭૦ ચરિત્રો ...	૬૨૪	૨–૮–૦
મુસ્લિમ મહાત્માઓ–(૬૧ ચરિત્રો, ઉપદેશો સહિત)	૭૫૬	૨–૪–૦

खास स्त्री उपयोगी ग्रंथो—

ભારતની દેવીઓ–ગ્રંથ ૧ લો–પ્રાચીન ૧૧૩ ચરિત્રો	૭૩૨	૩–૦–૦
" ગ્રંથ ૨ જો–પ્રાચીન અને ઐતિહાસિક ૨૨૪ ચરિત્રો	૭૩૨	૩–૦–૦
" ગ્રંથ ૩ જો–પ્રાચીન અને અર્વાચીન ૧૯૯ ચરિત્રો	૮૦૪	૩–૦–૦
ડાહ્યુ માતા અને સદ્‌ગુણી પુત્રી–(આવૃત્તિ ૫ મી)	૧૬૦	૦–૪–૦

ऐतिहासिक जीवनचरित्रो—

ભારતના વીરપુરુષો–ઐતિહાસિક વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪–૦
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો–આવૃત્તિ ૩ જી	૩૦૪	૦–૮–૦

શ્રીભગવદ્ગીતાઃ—શ્લોક તથા તેની નીચે ભાષાંતરવાળી—આવૃત્તિ ૧૫ મી, ક્રાઉન ૩૦×૫, પૃષ્ઠ ૪૪૮, બોર્ડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૦–૭–૦

શ્રીભગવદ્ગીતા—માત્ર ગુજરાતી ભાષાંતર—બોર્ડપટ્ટીનાં પૂંઠાં, પૃષ્ઠ ૨૮૮, ક્રાઉન ૩૦×૫, મૂલ્ય રૂપિયા ૦–૪–૦

श्रीपंचरत्न भगवद्गीता—

*શ્રીપંચરત્નગીતા—મોટા અક્ષરોમાં, પાકાં પૂઠાં, ક્રાઉન ઇંચ ૫×૯, પૃષ્ઠ ૬૦૦, બોર્ડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૧–૧૦–૦

संतपुरुषोनां जीवनचरित्रो—

બુદ્ધચરિત્ર તથા અન્ય સંતપુરુષો—આવૃત્તિ ૨ જી	૪૬૬	૨–૦–૦
રામકૃષ્ણ પરમહંસ—ચરિત્ર—આવૃત્તિ ૨ જી... ...	૬૦૮	૨–૮–૦
સ્વામી વિવેકાનંદ—ચરિત્ર—ભાગ ૯ મો—આવૃત્તિ ૨ જી	૭૮૪	૩–૦–૦
સ્વામી રામતીર્થ—ચરિત્ર—ગ્રંથ ૪ થો—આવૃત્તિ ૨ જી	૬૫૨	૩–૦–૦
સંત તુકારામ—વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨–૮–૦
ચૈતન્ય મહાપ્રભુ—ખંડ ૧ થી ૫—ત્રણ ગ્રંથો (સચિત્ર)	૧૫૬૬	૬–૮–૦
જ્ઞાનેશ્વર મહારાજ અને મહાત્મા એકનાથ ...	૫૦૪	૨–૮–૦
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો	૪૨૪	૧–૬–૦
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦–૦
મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત ને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦–૦
ભક્તચરિત્ર—૨૯ ભક્તોનાં ચરિત્રો—આવૃત્તિ ૨ જી ...	૫૨૮	૧–૮–૦
*આદર્શ ચરિત્રસંગ્રહ—ભાગ ૧ લો—૫૨ ચરિત્રો ...	૬૩૬	૧–૧૨–૦
" " —ભાગ ૨ જો—૭૦ ચરિત્રો ...	૬૨૪	૨–૮–૦
મુસ્લિમ મહાત્માઓ—(૯૬ ચરિત્રો, ઉપદેશો સહિત)	૭૫૬	૨–૪–૦

खास स्त्री उपयोगी ग्रंथो—

ભારતની દેવીઓ—ગ્રંથ ૧ લો—પ્રાચીન ૧૧૩ ચરિત્રો	૭૩૨	૩–૦–૦
" ગ્રંથ ૨ જો—પ્રાચીન અને ઐતિહાસિક ૨૨૪ ચરિત્રો	૭૩૨	૩–૦–૦
" ગ્રંથ ૩ જો—પ્રાચીન અને અર્વાચીન ૧૬૬ ચરિત્રો	૮૦૪	૩–૦–૦
ડાહ્યાણી માતા અને સદ્ગુણી પુત્રી—(આવૃત્તિ ૫ મી)	૧૬૦	૦–૪–૦

ऐतिहासिक जीवनचरित्रो—

ભારતના વીરપુરુષો—ઐતિહાસિક વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪–૦
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો—આવૃત્તિ ૩ જી	૩૦૪	૦–૮–૦

સ્વર્ગસ્થ [illegible] ત્યાંનાં પુસ્તકો—

ઉત્સાહ અને ચેતનપ્રેરક ગ્રંથો—

વૈદકના ગ્રંથો—

[illegible]

[illegible]

[illegible]